કુમાર

સંસ્થાપક · રવિશંકર · રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજના ગુજરાતનું માનીતું માસિક

વર્ષ ત્રીસમું
અંક બીજો
ફેબ્રુઆરી
૧૯૫૩



પ્રભાતનો ઉમળકો
ચિત્રકાર · શાન્તિલાલ શાહ

સળંગ અંક
૩૫૦

તંત્રી
બચુભાઈ રાવત



પન્નગાશન : સાપમાર ગરુડ · ચિત્રકાર : સોમાલાલ શાહ

'કુમાર' ફેબ્રુઆરી ૧૯૫૩(અંક ૩૫૦)નું મુખચિત્ર

કુમાર

ફેબ્રુઆરી ૧૯૫૩

૩૫૦

અનુક્રમ

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ : બાર આના

વાચકો લખે છે.

આ વિભાગમાં પ્રકટ થતા દરેક ચિત્ર, ફોટોગ્રાફ તથા પત્ર માટે તેના મોકલનારને 'કુમાર'માં આવેલું અમારી અનુકૂળતા પ્રમાણેનું કોઈ પણ એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલવામાં આવશે.

'કુમાર'ના ઑક્ટોબર ૧૯૫૨ના અંકના પૃ. ૪૧૦ ઉપર શ્રી દિનકરરાય ઉપાધ્યાયે જે મંતવ્ય દર્શાવ્યું છે તે તદ્દન સાચું છે. 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'માં perpetual motion વિશે લખેલી હકીકતમાં તંત્રીશ્રીએ જણાવ્યા છે એટલી જ હકીકત લખી નથી. perpetual motion માટે જુદાજુદા માણસોએ કરેલા વ્યર્થ પ્રયત્નોનો ઉલ્લેખ કર્યા પછી Second law of Thermodynamics પ્રમાણે કોઈ પણ પ્રકારની perpetual motion અશક્ય છે એમ જણાવ્યું છે. એમાં લખ્યું છે કે 'It (the second law of Thermodynamics) does not contradict, but supplements our knowledge of the behaviour of matter in bulk, which tells us that perpetual motion is a mechanical impossibility.'

ભાઈશ્રી આલગિયા આ વસ્તુ બરાબર સમજ્યા લાગતા નથી. એ એમ સમજ્યા છે કે પાણી capilliary actionથી ઉપર ચડે છે. જ્યારે 'કુમાર'ના ઑક્ટોબર ૧૯૫૨ના અંકમાં 'બાજુના પહોળા વાસણમાં જે પાણી છે એનું વજન બાજુની નળીમાંના પાણીના વજન કરતાં વધારે હોવાથી નળીનું પાણી ઉપર ચડશે' એમ લખ્યું છે. ભાઈશ્રી આલગિયા જે રીતે સમજ્યા છે (જે વધુ scientific છે) એ રીતે પણ perpetual motion શક્ય નથી. એનો જવાબ નીચે મુજબ છે



આમાં આકૃતિ ૧ થી ૭ બિંદુ કેવી રીતે બંધાય છે તે બતાવે છે. શરૂઆતમાં પાણીની સપાટી અંતર્ગોળ (આ૦ ૧) હોય છે. પછી જેમજેમ દબાણ વધતું જાય તેમતેમ સપાટી સીધી થતી જાય છે (આ૦ ૨ અને ૩). આથી પણ વધારે દબાણ વધે તો સપાટી બાહ્યગોળ બને છે (આ૦ ૪,૫,૬) છેવટે (આકૃતિ ૭) બિંદુ નીચે પડે છે.

જ્યારે નળીને પાણીમાં મૂકવામાં આવે છે ત્યારે એક જાતનું બળ (force) અસ્તિત્વમાં આવે છે. આ બળ પાણીને નળીમાં ઉપર ચડાવે છે. ઊંચે ચડેલા પાણીનું વજન જ્યારે આ બળ જેટલું થાય ત્યારે તે ચડતું અટકી જાય છે. તેની સપાટી આ૦ ૧માં બતાવ્યા પ્રમાણે અંતર્ગોળ રહે છે.

નળી જો ટૂંકી હોય તો ઉપર ચડેલા પાણીનું વજન બળ કરતાં ઓછું હોવાને લીધે થોડુંક બળ વધારાનું રહેશે. એ બળ સપાટીને સીધી કરવામાં વપરાય છે. જેમ નળી ટૂંકી તેમ આ બળ વધશે, પરંતુ કોઈપણ સંજોગોમાં બળ એટલું નથી થઇ શકતું કે જેથી પાણીની સપાટી બાહ્યગોળ થઇ શકે. આનો અર્થ એ થયો કે નળી નીચે પાણીનું બિંદુ જ થઈ શકે નહિ; તો પછી ધાર કેવી રીતે બને?

(અમદાવાદ) —વિક્રમ દલાલ

'કુમાર'માં આવતી વિગતોની સચ્ચાઈ વિષે આપ આગ્રહી છો, એટલે, જાન્યુઆરી અંકમાં શ્રી ચંદ્રવદન મહેતાના 'બાંધ ગઠરિયાં' માં (પૃ-૧૩ ઉપર) એક વિધાન બરોબર નથી તે વિષે ધ્યાન ખેંચું? બ્રહ્મદેશનો પ્રવાસવર્ણવતા ભાઈ ચંદ્રવદનના એક વિધાન પરથી લાગે છે કે ચટગાંવ–ચિત્તાગોંગ બ્રહ્મદેશમાં આવ્યું જ્યારે ખરું જોતાં, ચટગાંવ પૂર્વબંગાળનું–તથા હાલ પૂ. પાકિસ્તાનનું જાણીતું શહેર તથા મુખ્ય બંદર છે.

'કુમાર'માં નવાં પુસ્તકોની સૂચિ માત્ર આવે છે–તેય છેવટના પાને. એને બદલે દર માસે એક અગત્યના ને સારા પુસ્તકનું વિસ્તૃત અવલોકન અને બીજાં પુસ્તકો પર ટૂંકી નોંધ આપો તો આજના સાહિત્યની જોડે કુમારોનો સંપર્ક સધાય તથા શુદ્ધ સાહિત્ય પર શરૂઆતથી જ પ્રેમ કેળવાય.

(મુંબઈ) —કરસનદાસ. ર. ઠક્કર

ડૉ. અનંત સ્મારક અંક (ઑગસ્ટ '૫૨)માં પૃ. ૨૬૨ ઉપર ડૉ. અનંત ૧૯૪૪માં હિમાલયના પ્રવાસે ગયાના ફોટો સાથે છપાએલી વિગત મુજબ ૧૯૦૦૦ ફીટની ઊંચાઈએ જનાર તેઓ પ્રથમ હિંદી હતા. આ બાબતમાં જણાવવાનું કે ૧૯૪૪ કરતાં ઘણાં વર્ષો પહેલાં બીજા એક હિંદી ભાઇ પણ હિમાલયના પ્રવાસે, એક વાર નહિ પણ છ છ વાર માઉન્ટ એવરેસ્ટ પર ચડાઈ કરનાર ટુકડી સાથે ૧૯૦૦૦થી વધુ ઊંચાઈએ જઇ આવેલા છે.

એમનું નામ શ્રી કર્મપાલ, એમણે ૧૯૨૨ ને ૧૯૩૮ વચ્ચેના ગાળામાં છ વખત માઉન્ટ એવરેસ્ટની ચડાઈ કરવાનો પ્રવાસ ખેડેલો છે. આજે પણ એ ફરીથી માઉન્ટ એવરેસ્ટ પર ચડાઇ કરવાનું વિચારે છે અને એક સાહસિક હિંદી ટુકડી તૈયાર કરી રહ્યા છે.

(મુલુંડ) —જાદવજીભાઈ વાઘજી

'કુમાર'ની ગ્રાહકસંખ્યા ઉપરાંત એને બીજી આવક આપતી જાહેરખબરો પ્રમાણમાં બહુ ઓછી આવે છે. '......'ની માફક 'કુમાર' પણ જા૦ ખ૦ મેળવવા ખૂબ કોશિશ કરે તો જરૂર સફળ થાય. બીજું એક સૂચન કરું? આપણે ત્યાં જા૦ ખ૦ આકર્ષક ને કલામય રીતે રજૂ કરવાનું ક્ષેત્ર હજુ બહુ ખેડાએલું નથી. 'કુમાર' પોતાના કલાવિભાગની મદદથી પોતાને મળતી જા૦ ખ૦ના કલામય બ્લૉક્સ બનાવી ઉત્તમ સજાવટથી આ ધ્યેય સૂત્રો સાથે અનોખી પદ્ધતિથી રજૂ કરે તો એ દિશામાં પહેલો પ્રયત્ન કરવાનું શ્રેય મેળવે ને સાથેસાથે આવકમાં પણ ઉમેરો થાય. આપણે રોજેરોજ છાપાં ને માસિકોમાં એવી કેટલી જા૦ ખ૦ જોઇએ છીએ કે જેની રજૂઆત પાછળ કશી જ કાળજી લેવાતી નથી અને વાચકોનું ભાગ્યે જ ધ્યાન ખેંચનારી હોય છે. 'કુમાર' આ ક્ષેત્રમાં પોતાની કલાનો ઉપયોગ કરે તો જરૂર સફળ થશે.

[સૂચવેલા બંને પ્રયત્નો અમે કરી જોયા છે પણ ખાસ સફળતા મળી નથી.-તંત્રી]



વડનગરમાં 'નરસિંહ મહેતાની ચોરી'ના ખોટા નામથી લોકોમાં જાણીતું પ્રાચીન ગુજરાતી ઢબનું શિલ્પમંડિત તોરણ. મોકલનાર ચિત્તરંજન આચાર્ય (વિસનગર)

મહુવર

• ભજન •

મહુવર વાગે રે અંકાશમાં
  એ જી પાતાળ નાગણ જાગે રે;
    મહુવર વાગે રે અંકાશમાં.

ઉછળી ઉછળીને ઓરી આવતી
  રેલી વખનાં વહેણ;
આગ રે એવી કે ગજવેલ ગાળતી,
  હસતું રહે રે કરેણ—મહુવર૦

એની આઠ રે દુહિતા દેતી દાનમાં
  જેનાં રૂપનો ન પાર;
એકથી એક અદકી ગુમાનમાં,
  મનીહા પૂરતી હજાર—મહુવર૦

નવલો સંસાર તે નહિ માંડીએ,
  ભરમની ગૂંથીએ ન જાળ;
ઝાઝેરી દીવાલે દેહ ન બાંધીએ
  રહીએ નહિ અંતરાળ—મહુવર૦

બોલે રે મૌવર, નાગણ ડોલતી,
  તેજ મસ તેજ તે રેલાય;
અમરતનું અંખે ભાણુ ખોલતી,
  સમંદર સુખનો લ્હેરાય—મહુવર૦

રાજેન્દ્ર શાહ

યોગસાધનાની પરિભાષામાં રચેલું ભજન. મહુવર=પ્રણવ, ૐકાર; નાગણ=કુંડલિની. એ મૂલાધારમાં સુષુમ્ણા નાડીની જડની નીચે રહેતી મનાતી એક સર્પાકાર શક્તિ છે, જેને જાગ્રત કરવી એ યોગીઓનો એક મહા પુરુષાર્થ ગણાય છે. બીજી કડીમાં, એમાં વિક્ષેપ નાખતી—વિષનાં વહેણ રેલવતી આગનું વર્ણન છે,—એવી આગ કે જે ગજવેલને ય ગાળી નાખે. છતાં ચિદ્શક્તિનું કરેણ તો હસતું જ રહે છે. આઠ દુહિતા=અષ્ટ મહાસિદ્ધિઓ, જે દિવ્ય શક્તિઓ ગણાય છે,—એકએકથી ચડિયાતી ને હજારો મનીષા પાર પાડતી. પરંતુ એ બધાની જાળમાં પણ સપડાઇને, ઝાઝી દીવાલે દેહ બાંધીને, સાધનામાં અંતરિયાળ અટકી ન જતાં પરમસિદ્ધિનું ધ્યેય જ રાખવું ઘટે, જે અમૃતનું અખે ભાણ(અક્ષયપાત્ર)ખોલી આપે.

ઓઢણી

• પૃથ્વી •

વિરામ કરતાં નીડે ખગ, વિરામતું વિશ્વ યે;
નિશબ્દ સહુ નીરખી, રજત-ચાંદનીમાં પડી
તરે, શ્રમિત, નગ્ન થૈ સમુદ્રમૌગ્ધ્યરાત્રી; ત્યહીં
ગુંજ્યાં વિહગ; બ્હાવરી
સલજ્જ વીંટતી તને ઝટ દઈ ઉષા-ઓઢણી.

રતિલાલ ડા. દવે

ચાંદનીમાં નગ્ન થઇ તરતી રાત્રી પંખીઓના અવાજે શરમાઇને ઉષા-ઓઢણી શરીરે વીંટી દે છે.

પંચવર્ષીય યોજના

યોજના કરવી એ બુદ્ધિનો વિષય છે. યોજના અમલમાં મૂકવી તે શ્રદ્ધાનો વિષય છે; અને તેથી પ્રેમનો, ઉત્સાહનો વિષય છે.

પંચવર્ષીય યોજના સારી છે, વ્યાપક છે અને લગભગ સર્વગ્રાહી છે એવું સ્વીકારવાને જરા પણ વાંધો નથી, ન હોવો જોઇએ. પરંતુ આપણા બુદ્ધિબળ પ્રમાણે આપણું શ્રદ્ધાબળ છે? એની ખાતરી હોય તો વાંધો નથી.

રશિયા તથા બીજા દેશોમાં આવી મહાન યોજનાઓ અમલમાં મૂકનાર સરકારમાં શક્તિ હતી ને પ્રજામાં શ્રદ્ધા હતી. જે દેશમાં સરકારી તંત્રમાં લાંચ-રુશ્વત, પ્રમાદ અને આળસ વ્યાપ્યાં હોય અને પ્રજામાં એકાત્મતાનો અને શ્રદ્ધાનો અભાવ હોય ત્યાં આદર્શો કદી વહેવારમાં ઊતરી શકતા નથી.

દેશની ઉન્નતિ માત્ર 'ઈઝમો' કે 'વાદો' સ્વીકારવાથી થઇ શકતી નથી; ઉત્સાહથી કામ કરવાની કળા સિદ્ધ કરવાથી થાય છે. પાવડો કોદાળી ને દસ કલાકની મહેનત વગર કોઈ પણ 'વાદ' સિદ્ધ થવાનો નથી. તે વગર બધી યોજનાઓ દફતરમાં રહેવાની છે.

ચીન આગળ ધપી રહ્યું છે તેનું કારણ 'સામ્યવાદ' નથી, માઓત્સેની વહેવારુતા અને ચીનાઓનો ઉત્સાહ તથા શ્રદ્ધા છે. અમેરિકા અને બ્રિટન આગળ છે તેનું કારણ 'મૂડીવાદ' નથી; ત્યાંના મુત્સદ્દીઓની વહેવારુતા અને લોકોનો ઉત્સાહ તથા નિષ્ઠા છે.

આપણી આજની સરકારની સૂરત જોતાં આવી યોજનાઓ પૈસા ખાવાનાં ખાતાં નહિ બને તેવી કોઇને ખાતરી નથી. આપણી આજની પ્રજાનું નૈતિક અધઃપતન જોતાં આવી યોજનાઓ નફાખોરી અને કાળાં બજારનાં ખુલ્લાં દ્વાર ન બને તેવો કોઈને વિશ્વાસ નથી.

નીતિના બળ ને આત્મસંયમ વગર સાચી લોકશાહી આવતી નથી. જે લોકશાહી આપણે ત્યાં છે તે આધુનિક પેશ્વાઇ છે. એ પેશ્વાઈમાં પંચવર્ષીય યોજના અમુક વર્ગો માટે ખિસ્સાં ભરવાનો નવો રાહ બનવાની ભીતી છે.

છતાં, જરૂર ઇચ્છીએ કે આ બધી કુશંકા હોય. ને તેમ હોય તો વિવાદથી રળિયામણું શું? દેશની આબાદી વધે તેવું સૌ ઇચ્છે છે.

(લોકનાદ) **યશોધર મહેતા**

પણ એકલી ઈચ્છાથી ન ચાલે. સૌએ તેને અંગે પોતાને ભાગે આવતી ફરજ ને ફાળો શ્રદ્ધાથી, નિષ્ઠાથી, ઉત્સાહથી અદા કરવાં જોઇએ.

કુદરતી કે માનવપ્રેરિત સર્વ આપત્તિઓમાં ગુજરાતની પ્રજાના ભેરૂ

માનવતાના દીપને સતત જલતો રાખવા તેમાં કર્તવ્યનું તેલ પૂરનારા લોકો દુનિયામાં ઓછા હોય છે. એવા લોકોના આપણે ઋણી છીએ. પણ એ દીવડામાં ખુદ પોતાની જાતને જ દીવેટરૂપે પ્રજાળી પ્રકાશ પાથરનાર વિભૂતિ વિરલ હોય છે અને માનવતાને એ ચિરઋણી બનાવી જાય છે. એવી એક વિરલ વિભૂતિ શ્રી રવિશંકર મહારાજ છે. આજના ગુજરાતની વાત કરીએ તો. શ્રી રવિશંકર મહારાજથી એ જેટલું સંપત્તિમાન છે એટલું બીજા કશાથી નથી; અને આપણું એ અહોભાગ્ય છે કે આપણી વચ્ચે વિદ્યમાન એ વિભૂતિના જીવનકાર્યના આપણે સાક્ષીભૂત છીએ. ગાંધીજી અને સરદારનાં તેજ તો હિંદભરમાં પથરાએલાં છે, પરંતુ મહારાજના જીવનનો સ્નિગ્ધ પ્રકાશ આપણું ઘરઆંગણું અજવાળી રહેલું છે.

ગુજરાતની ગુનેગાર ગણાતી અને પ્રજાને ત્રાસરૂપ નીવડેલી કોમોમાં મહારાજે જીવનભર કાર્ય કર્યું છે. ગરીબોના, શોષિતોના એ હામી બન્યા છે. પરંતુ એમનું એ હામીપણું કેવળ ન્યાયબુદ્ધિથી પ્રેરિત નથી; કારણ કે ન્યાય તો નિષ્ઠુર હોય છે, જ્યારે મહારાજનું અંતર આર્દ્ર છે. એમાં માતાનું અમર્યાદ વાત્સલ્ય ભર્યું પડ્યું છે. માણસની આંતરિક ભલાઇમાં એમને એટલી શ્રદ્ધા છે કે ડાબા ગાલ પર ધોલ મારનારને જમણો ગાલ ધરી દેતાં એમને મુદ્દલ સંકોચ થાય તેમ નથી. સત્ય ખાતર કોઈના કોપભાજન બનવાના પ્રસંગો એમના જીવનમાં પણ કોઇ કોઇ વાર બનેલા છે અને તેવા પ્રસંગે એ ઈશુ કે ગાંધીના આદેશને મૂર્તિમંત કરતી ધૃતિ એમણે ધારણ કરેલી છે.

ટૂંકા ધોતિયા પર કસવાળા કેડિયાવાળી, માથે મોટી ટોપી અને ઉઘાડા પગની મહારાજની છ ફૂટની ઊંચી તામ્રવર્ણી કાયાએ ગુજરાતનો ખૂણે ખૂણો ખૂંદી નાખ્યો છે. ગુજરાતના લોકજીવન સ.થેની એમની તન્મયતાએ એમને સાચા લોકસેવક બનાવ્યા છે. કેટલીક વાર લોકસેવામાં 'પરોપકાર'નો જે અહંમિશ્રિત ધ્વનિ ભળેલો હોય છે એ મહારાજના સેવાકાર્યમાં મુદ્દલ નહિ મળે. માનવતાનો જ્યાં ક્ષય થતો દેખાય, માનવજીવનનો દુર્વ્યય થતો દેખાય ત્યાં જ મહારાજનું સાચું પોત પ્રકાશે છે. છેલ્લા ચાર દાયકાથી ગુજરાતના અનેક જિલ્લાનાં ગામડાં એ ખૂંદતા રહ્યા છે. અમદાવાદમાં ઘણાં વર્ષો પર એક જણાના ઓટલે ઉતારેલા પોતાના નવા જોડા ચોરાઈ ગયા ત્યારથી એમણે જોડા પહેરવા જ છોડી દીધા છે. આમ છતાં, જ્યાંજ્યાં જરૂર જણાય ત્યાંત્યાં ઉઘાડા પગે, માત્ર રાત્રે જ નહિ પણ લમણાં શેકી નાખે એવા તાપમાં પણ ત્રીસ-ચાલીસ માઇલની મજલો કાપવાની ક્ષમતા હજુ પણ એમની એકવડી છતાં ખડતલ કાયા ધરાવે છે.

શ્રમ, સાદાઇ અને સંયમ એ મહારાજના જીવનના ત્રણ પ્રધાન ગુણો છે અને જનતાને પણ એ જ ગુણોનો બોધ એ આપી રહ્યા છે. તાજેતરમાં ચીનના પ્રવાસ દરમિયાન એમણે માનવશ્રમે સર્જેલો ચમત્કાર પ્રત્યક્ષ જોયો છે અને એટલે જ જાણે આગમ ભાખતા હોય તેમ તેમણે શ્રમભીરુ વર્ગને ચેતવણી આપી છે કે, 'હવેનો જમાનો પરિશ્રમનો આવે છે. પરિશ્રમ નહિ કરે તે ભૂખે મરશે, પ્રતિષ્ઠા ખોશે.'

શ્રી રવિશંકર રાવળની

યુરોપયાત્રાનાં સંસ્મરણો

સ્કેચો-ફોટો-ચિત્રો વગેરે સાથે

આવતા અંકથી શરૂ થશે

એ લોકસેવાવ્રતીની લોકો સાથેની અભિન્નતાનું રહસ્ય પણ એમના જ એક કથનમાંથી મળી રહે છે કે: 'સેવામાં પહેલાં જેની સેવા કરવાની છે તે સમાજનો વિચાર કરવો જોઇએ. એમાં પૂર્ણપણે ભળી જતાં આવડવું જોઇએ. તેનાં દુઃખો જાણી ન શકે, તેની પાસે જઇ ન શકે, તેમાં ભળી ન શકે એવા સેવકોનો અર્થ કાંઇ જ નથી.'

માનવમાત્ર પ્રત્યે સ્નેહ અને સહાનુભૂતિનો વારસો મહારાજને એમનાં માતાપિતા તરફથી મળ્યો છે. એમના પિતાનું નામ શિવરામ વ્યાસ. ગુજરાતના મહેમદાવાદ તાલુકામાં આવેલું સરસવણી નામનું ગામડું એ એમનું વતન. મહારાજનો જન્મ એમના મોસાળમાં સં. ૧૯૪૦ના મહા વદ ૧૪ (મહાશિવરાત્રી) તા. ૨૫-૨-૮૪ના રોજ માતર તાલુકામાં આવેલા રઢુ ગામે થએલો. નાનપણમાં ખૂબ તોફાની. આમલીપીપળી રમતાં એક ઝાડથી બીજે ઝાડ કૂદવામાં ને નદીમાં કલાકો સુધી તર્યા કરવામાં એ એક્કા. પરંતુ એ તોફાની વૃત્તિ વિમાર્ગે ન વળે એટલો પિતાની કડક શિસ્તનો અને માતાની ધર્મપરાયણ વૃત્તિનો પ્રભાવ તેમના પર રહેલો. માતા પાસે બેસી કિશોર રવિશંકર એમને રામાયણ, ભાગવત વગેરે સંભળાવે એટલું જ નહિ પણ માતા સાથે દળણું દળવા પણ બેસી જાય.


આ રીતે નાનપણથી જ શ્રમ પ્રત્યે મહારાજને કશાં શરમ કે સંકોચ નહોતાં રહ્યાં. માતા સાથે કૂવે પાણી ભરવા પણ એ જતા. ધૂળી નિશાળના મહેતાજી એમના પિતા પણ વિદ્યાર્થીઓમાં શ્રમનો મહિમા રેડતા. કૂવામાંથી પાણી કેમ ખેંચવું, છાણમાટી ભેગાં કરી ગાર કેમ બનાવવી વગેરે તેઓ વિદ્યાર્થીઓને શીખવતા અને એમનામાં શ્રમસંસ્કારોનું સિંચન કરતા. શિવરામ મહેતાજી વિદ્યાર્થીના અભ્યાસની કચાશ સહી લેતા, પણ સંસ્કારની કચાશ મુદ્દલ નહિ.

મહારાજની સેવાભાવના તો છેક કુમારવયથી ઉદ્દીપ્ત હતી. એમની પંદરસોળ વરસના વયે આખા પ્રાંતમાં પ્લેગ ફાટી નીકળેલો. સવારે જોએલું માણસ સાંજ સોરું તો ઊપડી જ ગયું હોય. ચેપી રોગ. કોઈ કોઈની પાસે જવાની, મરણ પામેલાને બાળવા જવાની હિંમત ન કરે. એવે વખતે ખબર પડે કે ફલાણી ફળીમાં કોઈ ગયું છે તો કુમાર રવિશંકર તરતોતરત પોતાના કેટલાક ગોઠિયાને લઈને ઊપડે અને મરનારને અગ્નિદાહ આપી આવે. એકને દાહ આપી પાછા આવ્યા ત્યાં બીજું મુડદું તૈયાર જ હોય, એવો એ પ્લેગનો કેર હતો.

મહારાજના ૧૯મા વરસે પિતાનું ને ૨૨મા વરસે માતાનું અવસાન થયું. પિતા પાસે છ ચોપડી ભણ્યા એ જ એમનું ભણતર. આજના ભણતરની નજરે એ ઉલ્લેખનીય ન ગણાય. પરંતુ પુસ્તકોમાંથી એ જે મેળવી શકત એના કરતાં અનેકગણું એમણે માનવસંસર્ગ દ્વારા અને કુદરત પાસેથી મેળવ્યું છે. અંગ્રેજી ન આવડતું હોવાનો અફસોસ એમને કદાપિ નથી થયો. એક વાર રવીન્દ્રનાથ ઠાકુર સાથે મુલાકાતનો યોગ થએલો અને રવિબાબુએ અંગ્રેજીમાં વાતચિત શરૂ કરી ત્યારે મહારાજે તદ્દન સરળ ભાવે કહી દીધેલું કે, 'હમ કો અંગ્રેજી નહિ આતી હૈ.' શાળાનું ભણતર વિદ્યાર્થીને મનુષ્ય તરીકે કેટલી હદે કેળવે છે એ આપણે સૌ જાણીએ છીએ. માણસના મનનું અને જીવનનું પૃથક્કરણ કરવાની કલા એ જ કેળવણી એવી દાદાસાહેબની વ્યાખ્યા સ્વીકારીએ તો, મહારાજના જેવા કેળવાએલા આપણે ત્યાં જૂજ નીકળશે.

નિર્ભયતા એ જાહેર જીવનનો પ્રધાન ગુણ છે અને મહારાજમાં

ને તેના પછાત ભૂમિપુત્રો તથા ગરીબો ને શોષિતોના સાચા હામી બનીને



છેલ્લા ચાર દાયકાથી
જેમની છ ફૂટ ઊંચી તામ્રવર્ણી વૃદ્ધ કાયા
ગુજરાતનો ખૂણેખૂણો ખૂંદી
લોકજીવન સાથે તન્મયતા સાધી રહી છે
અને એ સેવાને અંજલિ આપતાં
કાકાસાહેબે જેમને 'સંસ્કૃતિ વીર' કહી
ગાંધીજી પછી બીજું જ સ્થાન આપ્યું છે તે
શ્રમ, સાદાઈ ને સંયમની ત્રિમૂર્તિરૂપ

વર્તમાન ગુજરાતની વિરલ વિભૂતિ રવિશંકર મહારાજ

છેક નાનપણથી એ ગુણ રહેલો છે. અનેક મગરોવાળા ધરામાં પડી ગએલા પોતાના મિત્રને બચાવવા એ ધરામાં કૂદી પડી તેને આબાદ બચાવી લેનાર મહારાજનું પરાક્રમ જોઇને એક વૃદ્ધે કહેલું 'આ છોકરો બહાદુર થશે અને મોટાં કામ કરશે.' ભૂત જોવા મધરાતે સ્મશાનમાં જવું, લડતા પાડાને લાકડી વડે છૂટા પાડવા, બહારવટિયાની શોધમાં એકલા ઘૂમવું એ તો મહારાજને મન રમતવાત હતી.

સંતબાલજીએ કહ્યું છે તેમ 'સરદારે આ રત્નને પ્રતિષ્ઠા આપી છે અને બાપુની વ્યાપક જીવનદૃષ્ટિએ એ હીરાને પહેલ પાડવામાં અપૂર્વ ભાગ ભજવ્યો છે, પરંતુ એ બે મહાપુરુષો ઉપરાંત દયાનંદ, રામમોહનરાય, સ્વામી રામતીર્થ વગેરેની અસર પણ ઓછી નથી. સંવત ૧૯૬૦માં ગુજરાતના એ વખતના જાણીતા વિદ્વાન કવિ છોટાલાલના પરિચયમાં એ આવ્યા. એમની પાસેથી 'સત્યાર્થપ્રકાશ' તથા બીજાં આર્યસમાજી છાપાં વાંચી એમને આર્યસમાજનો રંગ લાગ્યો. મહારાજનું હૃદય એક ભક્તહૃદય હોઈ એ રંગ ઝાઝો ન ટકે એ સ્વાભાવિક હતું, પરંતુ દયાનંદ અને રામમોહનરાયે સામાજિક ઉન્નતિની એમને જે દૃષ્ટિ આપી એનું ઋણ તો તેઓ આજે પણ સ્વીકારે છે અને એ બંનેને 'કાળપુરુષ' ગણાવતાં કહે છે, 'આજે આપણને એનો ખયાલ ન આવે. પણ એ કાળ કેવો હતો? ત્યારે એવાઓ ન થયા હોત તો?'

આ પ્રશ્ન જ મહારાજનું આપણી સમાજવ્યવસ્થાનું ચિંતન કેટલું ઊંડું અને મૂળગામી છે તે દર્શાવી રહે છે. સમાજચિંતન પેઠે જ એમનું ધર્મચિંતન પણ ઊંડું અને મૂળગામી છે. સમાજ અને ધર્મની આજની દુરવસ્થા તેમને ખૂંચે છે અને તે પર સતત ચિંતન કરતા રહ્યા છે. એમના જ શબ્દોમાં મૂકીએ તો, 'જગતમાં આજે ચિંતનની જરૂર છે. વિસ્તાર વધે છે પણ ઊંડાણ વધતું નથી. માણસ જ્યારે ધર્મનું ચિંતન કરે છે ત્યારે મેં શું કર્યું, કેટલા દોષ કર્યા, કોને છેતર્યાં વગેરે વાતનો વિચાર કરે છે. પ્રથમ પોતાનું અંતઃકરણ જુએ છે; બીજાનું ભલું કરવાની વાત પછી વિચારે છે. મહાત્મા ટૉલ્સ્ટૉયનો એક પ્રસંગ છે. પોતે હાથમાં પોટલું લઇને બહારગામ જઈ રહ્યા હતા. વચ્ચે ઘોડા પર બેઠેલો માણસ મળ્યો. તેણે વિવેક ખાતર કહ્યું, 'લાવો પોટકું ઊચકી લઉં.' ત્યારે ટૉલ્સ્ટૉયે જવાબ આપ્યો કે ભાઈ, મારું ભલું ચાહતો હોય તો તું જ ઘોડા ઉપરથી નીચે ઊતરી જા. બીજાની પીઠ પર બેસીને સેવા કે દયા ન થાય આ વાત ધર્મના ચિંતનથી સમજાય.'

મહારાજ જ્યારે ધર્મની વાત કરે ત્યારે કોઇ સંપ્રદાયવિશેષથી આબદ્ધ બનેલા ધર્મની નહિ, પણ માનવજાતને અભ્યુદય, નિઃશ્રેયસ અને સિદ્ધિ ભણી દોરી જતા તેના મૂળ સ્વરૂપની. આજના પરંપરાપ્રાપ્ત ધર્મો વિષે તો એમનો સ્પષ્ટ અભિપ્રાય છે કે 'બધા

નવલિકા-નાટિકા પારિતોષિક

'કુમાર'માં આખા વર્ષ દરમ્યાન આવેલી વાર્તા-નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને દર વર્ષે અપાતું 'કુમાર'નું ૧૯૫૨ની સાલનું

રૂપિયા ત્રીસનું પારિતોષિક
શ્રી શિવકુમાર જોષીને

તેમની વાર્તા 'ઊભા રહેજો આવું છું' માટે આપવાનું તેના નિર્ણાયક પ્રા. અનંતરાય રાવળે ઠરાવ્યું છે. શ્રી જોષીને અમે અભિનંદન આપીએ છીએ ને પ્રા. રાવળનો આભાર માનીએ છીએ.

એ પારિતોષિક આ વર્ષે પણ ચાલુ રહે છે

એમાં (૧) ૧૯૫૩ના આખા વર્ષ દરમ્યાન 'કુમાર'માં આવેલી મૌલિક ટૂંકી વાર્તાઓ તથા નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને રૂ. ૩૦નું પારિતોષિક અપાશે; (૨) આ પારિતોષિક 'કુમાર'ના ચાલુ પુરસ્કાર ઉપરાંત અપાશે; (૩) કૃતિ મોકલવાની છેલ્લી સમયમર્યાદા ૩૧મી ઑક્ટોબર સુધીની ગણાશે, પણ કૃતિઓ વહેલી આવશે તેટલી અનુકૂળતા રહેશે.

ધર્મોએ પોતપોતાની વાડ કરી લીધી છે, એટલે સ્વચ્છ પાણી આવતું નથી અને જૂનું છે તે વહી જતું નથી. એટલે સંગ્રહ થએલો જથ્થો દુર્ગંધ મારતો થઇ ગયો છે.' આ દુર્ગંધ નિવારવાનો સર્વોપરિ ઈલાજ અનાસક્તિનો છે, અને તે મહારાજે એમની તળપદી વાણીમાં એટલી સચોટરીતે સમજાવ્યો છે કે મોટા મીમાંસકો પણ કદાચ સમજાવી ન શકે: 'મેલા હાથ ધોવા હોય તો માટી કે રાખ લેવી પડે છે. આમ તો એ પણ મેલ જ છે, પણ એમાં ચિકાશ નથી એટલે મેલથી મેલ કપાય છે. તેવી જ રીતે કર્મથી કર્મનો નાશ થાય છે. એમાં શરત એટલી કે એ કર્મમાં ચિકણાશ (આસક્તિ) ન હોવી જોઇએ.'

કાકાસાહેબે મહારાજને 'સંસ્કૃતિવીર' કહ્યા છે અને સર્વ પ્રત્યે સમભાવ રાખવામાં ગાંધીજી પછી બીજું સ્થાન એમને આપ્યું છે એ મહારાજની હૃદયસંપત્તિથી આકર્ષાઇને જ. એ હૃદયસંપત્તિ મહારાજની કૃતિ ને ઉક્તિ બંનેમાં વ્યક્ત થાય છે. એમની વાણી એ માત્ર શબ્દોનું ખોખું નથી. એ જીવંત છે, કારણ કે સ્વાનુભવથી અનુપ્રાણિત છે.

•આર્યસમાજ પ્રત્યેની મુગ્ધતા મહારાજને તર્કકર્કશ બનાવી દે તે પહેલાં એ 'ડુંગળીચોર' તરીકે પ્રસિદ્ધિ પામેલા શ્રી મોહનલાલ કામેશ્વર પંડ્યાના સંસર્ગમાં આવ્યા. બંગભંગ અને સ્વદેશી આંદોલને હિંદના જે જુવાનોમાં સરફરોશીની તમન્ના જગાડેલી એમાંના એક શ્રી મોહનલાલ પંડ્યા હતા. માથે લાલ પાઘડી, લાંબો કોટ, ખભે ખેસ, હાથમાં લાકડી, ચાર પાટલીએ ધોતિયું ને પગમાં જોડાનો પહેરવેશ ધરાવતા. મહારાજનું આંતરિક સામર્થ્ય પંડ્યાજીએ પિછાણ્યું. મર્દે મર્દને ઓળખી લીધો અને સંસારનાં અન્ય કાર્યોમાં એ અટવાઇ ન પડે માટે પોતાના રાહે લીધો. પોતે જ્યાં જાય ત્યાં એમને સાથે લેતા જાય અને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં પલોટતા જાય. આ પલોટણીનું પ્રત્યક્ષ ફળ એ આવ્યું કે ૧૯૧૫ના એક દિવસે મહારાજ ખિસામાં દસ રૂપિયા લઇ સરસવણીથી પહોંચ્યા સીધા નડિયાદ, અને ત્યાંના સ્વદેશી ભંડારમાંથી ખાદી ખરીદી લાવ્યા. ઘેર આવી પોતાનાં પત્ની સૂરજબા, મેધાવ્રત અને વિષ્ણુ એ બે પુત્રો, તેમજ બે પુત્રીઓને કહી દીધું: 'હવેથી આપણે બધાંએ આ સ્વદેશી કપડાં જ પહેરવાં જોઇએ.'

એ અરસામાં દક્ષિણ આફ્રિકાથી હિંદ આવીને અમદાવાદ નજીક કોચરબ મુકામે આશ્રમ ઊભો કરનાર ગાંધીજીની ઘણી વાતો મહારાજને પંડ્યાજી કરતા રહેતા. આથી એક દિવસ પોતાના બે ધારાળા મિત્રો સાથે એ ગાંધીજીના દર્શનાર્થે અમદાવાદ આવ્યા. એ દર્શને તથા ત્યાર પછીનાં ગાંધીજીનાં જુદાંજુદાં પ્રવચનોએ મહારાજને ગાંધીજી પ્રત્યે ખેંચ્યા. ગાંધીજીમાં એમને અનોખું વિભૂતિમત્ત્વ દેખાયું અને તેમનો પડ્યો બોલ ઝીલી લેવા એ ઉત્સુક બન્યા. સરકારે જપ્ત કરેલા 'હિંદ સ્વરાજ' પુસ્તકની નકલો વેચવાનું કામ ગાંધીજીએ એમને પહેલવહેલું સોંપ્યું ને મહારાજે તેનું પોટકું બાંધી લઇ જઇને નડિયાદમાં તે પુસ્તક ઘેરઘેર વહેંચ્યું.

પંડ્યાજીસાથે કૉંગ્રેસની નાગપુર બેઠકમાં હાજરી આપી આવ્યા બાદ મહારાજ રાષ્ટ્રીય પ્રવૃત્તિની શોધમાં જ હતા, ત્યાં કૉંગ્રેસે સરકારી શાળાઓ, કચેરીઓ વગેરેના બહિષ્કારનો આદેશ આપ્યો. શાળા-કૉલેજો છોડનાર હજારો વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય શિક્ષણ મળી રહે તે માટે ગાંધીજીએ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠ સ્થાપી. બનારસમાં કાશી વિદ્યાપીઠ ને પૂનામાં ટિળક વિદ્યાપીઠ સ્થપાઇ. મહારાજે પણ આ આંદોલનમાં અદના ફાળો આપવા ઇ.સ. ૧૯૨૦માં સુણાવમાં એક રાષ્ટ્રીય શાળા શરૂ કરી. શાળાના પટાવાળાથી માંડી આચાર્ય સુધીનું બધું કામ જાતે જ કરતા. સાથોસાથ વેઠના તથા બીજા સરકારી ત્રાસથી ગામલોકોને મુક્ત કરવા પણ તે પ્રવૃત્ત રહેતા.

ઈ. સ. ૧૯૨૧માં કૉંગ્રેસે લોકમાન્ય ટિળકના સ્મરણાર્થે એક કરોડ રૂપિયાનો ફાળો ઊઘરાવવાનું નક્કી કર્યું. એ કાર્ય પાર પાડવાનું ગાંધીજીએ પોતાના માથે લીધું અને દેશભરના કાર્યકરોને બોલાવી તેમણે દરેકે ઊઘરાવવાની રકમની વહેંચણી કરી આપી, જેમાં મહારાજને હિસ્સે દસ હજાર રૂપિયા ઊઘરાવવાનું આવ્યું. ઘેર પહોંચતાં મહારાજને પહેલો જ વિચાર એ આવ્યો કે 'બીજાઓ પાસે માગવા જતાં પહેલાં મારે મારું જે કંઈ હોય તે દેશને ચરણે ધરી દેવું જોઇએ.' એમણે તો મકાન અને જમીન સહિત ઘરના તમામ સરસામાનની યાદી તૈયાર કરી તેની કિંમત મૂકી. કુલ કિંમત રૂ. સાત હજાર થઈ. આ યાદી પત્ની સમક્ષ ધરી એમણે પોતાનો વિચાર તેમની આગળ દર્શાવ્યો, પરંતુ પત્ની સંમત ન થતાં તેમણે તંત ન કરતાં એટલું માત્ર કહ્યું: 'આજથી આ મિલ્કત તમારી અને દેશ મારો.'

અને આમ કહી એમણે ઘર છોડ્યું તે છોડ્યું. પોતાનું કહી શકાય એવું માત્ર ચાર દીવાલો પરનું ચણતર નહિ પણ દેશ સમસ્ત હવે તેમનું ઘર બની રહ્યું. લોકસેવાનું વ્રત લઇ એ ગામડે ગામડે ફરવા લાગ્યા. જે ગામ જઈ પહોંચે ત્યાંના એકાદ ઘરના આંગણામાં પોતાનાં બે કપડાં, દોરી-લોટો ને તકલી-પુણી ની ઝોળી ટીંગાડી, કુંભારને ત્યાંથી હાંડલી અને ખેડૂતને ત્યાંથી સાંઠીઓથાં લાવી, અરધોક શેર કાચી ખીચડી માગી લાવી, કૂવે સ્નાન કરી ખીચડી પકાવી પેટને ભાડું ચૂકવી આપે ને પછી મધરાત સુધી ગામનાં માનવીઓ વચ્ચે બેસી તેમનાં સુખદુઃખની વાતો સાંભળે, સુખ વધારવાના ને દુઃખ ટાળવાના ઇલાજો ચર્ચે અને વિચારે.

ઈ. સ. ૧૯૨૨માં ગાંધીજીએ સરકારને બે મહિનાની મહેતલ આપી ત્યાર બાદ અસહકારની લડત ઉપાડવાનો નિર્ણય જાહેર કર્યો. લડતનો આરંભ બારડોલીથી થવાનો હતો અને એ માટે બે હજાર સ્વયંસેવકોએ નામ નોંધાવ્યાં હતાં, જેમાં બે નામ સૌથી મોખરે હતાં:

એક શ્રી મોહનલાલ કામેશ્વર પંડયાનું તથા બીજું શ્રી રવિશંકર મહારાજનું. મહારાજને દેહનો મોહ તો વહેલો જ વછૂટી ગયો હતો, એટલે સરકારની બંદૂકો સામે ખુલ્લી છાતી ધરી દેવામાં એમને મુદ્દલ ધડક નહોતી. લડતના બે મહિના પહેલાં તો એ બહારવટિયાની એક ટોળીને સાચું બહારવટું શીખવવા એકલપંડે ઊપડી ગએલા, ને ત્યાં જઇને કહેલું, 'આપણાં બધાં દુઃખોનું મૂળ આ પરદેશી સરકાર છે. સાચું બહારવટું એની સામે કરવાનું છે. તમારાં નાનાં બહારવટાંથી કશો દા'ડો વળે તેમ નથી. આજથી બે મહિને બારડોલીમાં સરકાર ગોળીઓ ચલાવશે. તમારે સાચું બહારવટું કરવું હોય તો ચાલો ગાંધી મહાત્મા કને.' બહારવટિયા ન માન્યા એ જુદી વાત, પણ મહારાજે તો પોતાને ઇષ્ટ લાગતું કર્તવ્ય બજાવ્યું જ.

આ લડતમાં ગાંધીજી બારડોલી આવી શકે તે પહેલાં જ સરકારે તેમને પકડી લીધા. મહારાજ ગાંધીજીને સાબરમતી જેલમાં મળ્યા ત્યારે પ્રસંગોપાત્ત બહારવટિયાની ઉપર્યુક્ત ટોળીની વાત પણ કરી. એ જ દિવસે ગાંધીજીનો કેસ ચાલવાનો હતો. મહારાજ પાસે અદાલતમાં દાખલ થવાનો પાસ તો હતો નહિ, એટલે ત્રણ કલાક બહાર જ ઊભા રહ્યા. છ વર્ષની સજાનો ચુકાદો સાંભળી ગાંધીજી હસતા-હસતા અદાલતની બહાર આવતાં મહારાજ એમને જોતાં વેંત રડી પડયા. ગાંધીજીએ તેમનો વાંસો થાબડતાં કહ્યું, 'તેં પેલા બહારવટિયાઓને મેળવી આપવાનું કહ્યું હતું એ તો હવે રહી ગયું. પણ તું હવે એ કોમની સેવા કરીશ તો મને બહુ ગમશે.' ગાંધીજીનાં એ વચનોને ચરિતાર્થ કરવા મહારાજે ત્યારથી ધારાળા, પાટણવાડિયા, બારૈયા વગેરે કોમોની સેવા કરવાનો સંકલ્પ કર્યો.

'ચોરી કરવી એ તે કંઇ પાપ છે?' એવી બાળક જેવી મનોદશા ધરાવતી એ કોમો વચ્ચે ધામા નાખીને મહારાજે માણસાઇના જે દીવા પ્રકટાવ્યા છે તેનાં તેજ સ્વ. મેઘાણીએ તેમની કૃતિમાં યથોચિત પ્રતિબિંબિત કરેલ છે. આમ તો દારૂબંધીથી માંડી દુકાળ-રાહત સુધીનાં કાર્યોમાં અને કૉલેરાથી માંડી અતિવૃષ્ટિ સુધીની આપત્તિમાં મહારાજે સેવાઓ અર્પેલી છે. માનવતાનો પોકાર જ્યાં-જ્યાંથી ઊઠે ત્યાંત્યાં આજ પર્યંત તે વિના-વિલંબે દોડી પહોંચે છે. પરંતુ એ સૌ કાર્યોમાં એમણે ગુનેગાર મણાએલી કોમોનું હૃદય-પરિવર્તન સાધી તેમને સન્માર્ગે વાળવા પાછળ જે શ્રમ લીધો છે તે અવિસ્મરણીય જ છે. એમનું હૃદય જેટલું કરુણાર્દ્ર એટલું જ વ્યવહારકુશલ હોવાને કારણે જ તેમને આ ક્ષેત્રે અનન્ય સિદ્ધિ વરી છે. અંતરથી સહાનુભૂતિ છતાં ઉપરથી સાગા માણસને પટાવવાનો કે ધમકાવવાનો દેખાવ કરીને પણ તેની પાસેથી જોઈતી વાત મેળવી લેવાનો અજબ કીમિયો એ ધરાવે છે. એ કીમિયાના પ્રભાવે જ તેઓ ગુજરાતની એ પછાત કોમો-નાં નિસ્તેજ વદનો પર મનુષ્યત્વની દીપ્તિ લાવી શકયા છે. એમને માથે ફરજિયાત ઠોકી બેસાડવામાં આવેલ 'હાજરી'ની અપમાનકારક પ્રથા એમણે બ્રિટિશ સરકારને ગજ વતો દરા સરકાર સાથે લડીઝઘડી દૂર કરાવી છે. ચોરી કરનારાઓની નાડ પારખીને તેમની પાસેથી એમણે ચોરીની કબૂલાત કરાવી છે, ખૂન કરનારા પાસેથી ખૂનની કબૂલાત કરાવી છે. સરકારી બંદૂકો પણ જેમની સામે નિષ્ફળ ગએલી એ કોમો સામે મહારાજના આત્મબળે અપૂર્વ વિજય મેળવ્યો છે, અને એ વિજયે પરાજિતોને પણ શરમિંદા ન બનાવતાં ગૌરવાન્વિત બનાવ્યા છે.

ઘીના બે ડબ્બા ચોરનાર ગોકળની વાત સ્વ. મેઘાણીએ એમના 'માણસાઇના દીવા'માં આલેખી છે એ મહારાજની કાર્યપદ્ધતિની લાક્ષણિકતા તથા જે કોમો વચ્ચે એ કામ કરતા રહ્યા છે તેમના સ્વભાવની વિલક્ષણતાના નમૂનારૂપ છે. જેના ડબ્બા ચોરાએલા તે લુહાણાએ ચોરીની ફરિયાદ કરતાં મહારાજે ચોરીનો મુદ્દામાલ પાછો ન મળે ત્યાં સુધી લાંઘણ કરવાનું નક્કી કર્યું. આ લાંઘણે ચોરી કરનાર ગોકળને પીગળાવી દીધો અને 'તમે આટલે સુધી જશો એવી કંઇ ખબર હતી મને?' કહીને મુદ્દામાલ મહારાજને હવાલે કર્યો. મુદ્દામાલ સોંપી દીધા છતાં ચોરને તો સજા જ થવી ઘટે એ સરકારી નિયમ. આ નિયમનો પ્રત્યાઘાત સ્વ. મેઘાણીના જ શબ્દોમાં જોઈએ



ડૉ. હરિપ્રસાદ (૧૯૪૪) પુષ્કર ચંદરવાકર ('૪૫) યશોધર મહેતા ('૪૬) રાજેન્દ્ર શાહ ('૪૭)

પાછલાં વર્ષોના ચન્દ્રક ધારકો



નિર્ણાયક સમિતિ
પ્રા. રામનારાયણ પાઠક
પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
પ્રા. અનંતરાય રાવળ

★

અમને જણાવતાં આનંદ થાય છે કે

કુમાર-ચન્દ્રક ૧૯૫૨

શ્રી શિવકુમાર જોષીને

'હુવા તો વિવાહ' નાટિકા માટે

આપવાનું નિર્ણાયક સમિતિએ ઠરાવ્યું છે. ભાઈ શિવકુમારને અમે અભિનંદન આપીએ છીએ ને સમિતિનો આભાર માનીએ છીએ.

★



આ વર્ષના વિજેતા
શ્રી શિવકુમાર જોષી

પાછલાં વર્ષોના ચન્દ્રક ધારકો



બાલમુકુંદ દવે (૧૯૪૮) નિરંજન ભગત ('૪૯) વાસુદેવ ભટ્ટ ('૫૦) બકુલ ત્રિપાઠી ('૫૧)

'કણસાના ફોજદારને ખબર પડી. ચડી વાગવાનો એણે પોતાનો વારો સમજી લીધો. આવીને એ ખાલી ડબ્બા કબજે લઈ ગયો, અને મહારાજને કહે કે, 'ગુનેગારનું નામ આપો.'

'નહિ આપું.'

'ખબર છે, ગુનો થાય છે?' બાપડાને એ એક જ મોંપાટ આવડતી હતી: 'ગુનો થાય છે.'

'છો થતો.' મહારાજે ઠંડે કલેજે જવાબ આપ્યો: 'મેં એને અભયવચન આપ્યું છે.'

ફોજદારે મહારાજ પર કેસનાં કાગળિયાં કર્યાં. આ કાગળિયાં ખેડાના અંગ્રેજ પોલીસ ઉપરી પાસે ગયાં. એણે ફોજદારને બોલાવી ધમકાવ્યો: 'કોના પર કેસ કરે છે તે તું જાણે છે? જે લાંઘીલાંઘીને ગુના મનાવી રહેલ છે તેના પર કેસ? ખબરદાર, જો આવા કેસ કર્યા તો!'

મહારાજ સૌપ્રથમ જેલમાં ગયા ઈ. સ. ૧૯૨૩માં નાગપુરના ઝંડાસત્યાગ્રહ વખતે. સરદાર વલ્લભભાઈની રજા લઈ એ ત્યાં ઊપડ્યા. સત્યાગ્રહમાં એમને સાત માસની સજા થઈ એ દરમિયાન ગીતા, શતપથ બ્રાહ્મણ આદિનો એમણે અભ્યાસ કર્યો. મહારાજનું વાચન ખૂબ વિશાળ છે, ધર્મથી માંડી રાજકારણ સુધી એ વ્યાપેલું છે પણ એમણે એવો દાવો કદી કર્યો નથી.

મહારાજ માત્ર સૈનિક નહિ પણ સેનાની પણ બની શકે તેમ છે તેનો પુરાવો તેમણે હૈડિયાવેરા સામેની લડતનું સફળ સંચાલન કરીને આપ્યો છે. ઇ. સ. ૧૯૨૪માં ચરોતર અને વડોદરા રાજ્યની આસપાસના પ્રદેશમાં બાબર દેવા નામના બહારવટિયાની હાક વાગતી. સરકાર એને હાથ ન કરી શકી, એટલે ચોર કોટવાળને દંડે તેમ, પ્રજાની રંજાડ દૂર કરવાને બદલે ઊલટો પ્રજા પર બાબરને આશ્રય આપવાનો આરોપ મૂકી તેના પર વેરો નાખ્યો. બોરસદ તાલુકાનાં ૯૦ ને આણંદ તાલુકાનાં ૧૪ ગામો પર નાખવામાં આવેલો ૨ લાખ ૪૦ હજારનો આ શિક્ષાવેરો ('પ્યુનીટિવ ટૅક્સ') 'હૈડિયાવેરા'ને નામે ઓળખાતો. સરદાર વલ્લભભાઈએ એ સામે લડી લેવાનું નક્કી કર્યું અને એ માટેની જવાબદારી મહારાજ પર નાખી. મહારાજે જાતતપાસપૂર્વક બધી માહિતી એકઠી કરવા માંડી ને ગામડેગામડે ઘૂમી, ગામઝાંપે ઊભા રહીને ગામલોકોને સાદ દેવા માંડ્યો કે, 'હું તમને કહેવા આવ્યો છું. હૈડિયાવેરો ના ભરાય; નહિ તો આપણે ચોરડાકુઓને આશરો આપ્યો છે એ પુરવાર થયું ગણાય. આપણું નાક કપાય. એ કેમ સહેવાય?' આ લડતને એમણે વિજયી બનાવ્યાના પરિણામે પ્રજાને નિર્ભયતાનો એવો પાઠ મળ્યો જેણે મોટી લડતો માટેનો પણ આત્મવિશ્વાસ કેળવ્યો.

૧૯૨૭માં ગુજરાત અતિવૃષ્ટિનો ભોગ બનેલું ત્યારે મહારાજનો મુકામ સુંદરણા ગામે હતો. ગામ પાણીનાં પૂરમાં તણાઈ જવાની સ્થિતિ ઊભી થતાં મહારાજે તેને શી રીતે બચાવવું તે વિષે ગામલોકો જોડે ચર્ચા કરી, રેલવેનું ગરનાળું તોડી નાખવામાં આવે તો ગામ બચે એવું કોઈકે સૂચવ્યું ને મહારાજ તેમ કરવા તૈયાર થઇ ગયા.

'પણ મહારાજ, ગુનો થશે તો?'

'ગુનો મારે માથે, પણ અત્યારે તો એ ગરનાળું તોડો જ.' મહારાજે પોતાનો નિર્ધાર વ્યક્ત કર્યો. આ રીતે માનવતાના પોકારને દાદ દેતાં તેનાં સંભવિત પરિણામોને મહારાજે સદા ગૌણ ગણ્યાં છે.

ઇ. સ. ૧૯૨૮માં બારડોલી તાલુકાનું મહેસૂલ સરકારે ૩૩ ટકા વધારી દેતાં તે સામે સત્યાગ્રહ આદરવાનું નક્કી થયું, જેમાં સરદાર વલ્લભભાઇએ સરભોણ વિભાગ મહારાજને સોંપ્યો. સવારસાંજ તેઓ ગામડાંમાં ફરી સરકારી દમનનીતિ સામે પ્રજાને જંગમાં ઊતરવા પાનો ચડાવતા રહે. એવામાં એક દિવસ બારડોલી જવાનું થતાં તેમણે જોયું કે પોલિસે ચાર ગાડાવાળાને વેઠમાં પકડ્યા હતા. મહારાજે ગાડાવાળાને મળતાં તેમણે પરાણે પોતાને વેઠમાં પકડવામાં આવ્યા હોવાનું જણાવ્યું. મહારાજે વેઠમાં પકડાએલાં ગાડાંમાંના એકમાંનો બધો સામાન ઉલાળીને ફેંકી દીધો અને બળદ લઈ ચાલતા થયા. બીજે દિવસે એમને સાડાપાંચ માસની સજા ફરમાવવામાં આવી. આ લડતમાં મહારાજ જ્યારે જેલમાંથી છૂટ્યા ત્યારે બારડોલી સ્ટેશને ખુદ ગાંધીજી તેમનું સ્વાગત કરવા પહોંચેલા.

મહારાજની યોજનાશક્તિમાં ગાંધીજી અને સરદારને પૂરેપૂરો વિશ્વાસ, એટલે ગુજરાતમાં કંઈ પણ પ્રવૃત્તિ કરવી હોય તો મહારાજની સલાહ એ પહેલી પૂછે. હૈડિયાવેરા સામેની લડત એ જેટલી સફળતાથી ચલાવી શકે એટલી જ સફળતાથી હરિપુરા મહાસભાનું રસોડું પણ ચલાવી શકે યોજકમાં નિયમિતતાનો ગુણ અનિવાર્ય છે, ને મહારાજમાં એ ગુણ કેટલી હદે વિકસ્યો છે એ ત્રણેક વર્ષ પહેલાંનો શ્રી પુરાતન બૂચે નોંધેલો એક પ્રસંગ હૂબહૂ મૂર્ત કરે છે.

ઇ. ૧૯૪૯માં ગુજરાતના કલેક્ટરોની સભામાં અમદાવાદ આવવાનું નિમંત્રણ મહારાજને અપાએલું. એ વખતે એ દુકાળરાહત અંગે બનાસકાંઠામાં હતા. એ અમદાવાદ જવા તૈયાર થયા એ દિવસે, બનાસ બે કાંઠે આવેલી. એનાં ઘૂઘવતાં પૂર જોઈ મહારાજને મૂકવા આવેલ ભાઇઓએ કહ્યું: 'મહારાજ, આજનો દિવસ રહી જાઓ. કાલે બનાસનાં પાણી ઊતરે પછી જજો.'

મહારાજ કહે: 'મારે તો આજે જવું જ જોઇએ. મેં ના નથી લખી તેથી ગયા વગર ન ચાલે. નિયમનો ભંગ થાય. એટલે હું તો જઇશ.'

મહારાજ બેકાંઠે વહેતી બનાસ તરફ ઘડીક જોઇ રહ્યા અને પછી ઝંપલાવી દીધું. વિશાળ પટ પર પાણી જોસથી વહે જતાં હતાં. માતા પોતાના વહાલા પુત્રને ઝીલી લે તેમ બનાસે મહારાજને લીધા. આભમાં ઊડતાં પંખીઓને ય માનવસેવાનો ભેખ લેનાર આ વૃદ્ધ યુવાનને લોકસેવાનું વ્રત પૂર્ણ કરવા ઘૂઘવતી નદીને પાર કરતો જોઇને આશ્ચર્ય ઊપજ્યા વિના નહિ રહ્યું હોય.

બનાસ પાર કરીને એમણે તો ભીનાં કપડાં સાથે જ આગળ ચાલવા માંડયું. કપડાં મારગમાં જ સુકાઈ ગયાં.

૧૯૪૧માં અમદાવાદમાં ભયંકર હુલ્લડ થયું. એનો ભોગ બનનારાંની અંતિમક્રિયા પણ રવડી પડે એવું ભયનું વાતાવરણ વ્યાપી ગએલું. લોકો ભયનો વિસ્તાર છોડી જ્યાં ફાવે ત્યાં નાસી છૂટતા હતા. મહારાજને કાને આ સમાચાર પહોંચતાં તે સીધા અમદાવાદ આવ્યા. મરણ પામેલાંને અગ્નિદાહ આપવા સ્મશાન ભેગાં કરવાનું અને ભયભીતને હિંમત આપવાનું કામ એમણે કરવા માંડ્યું. બંને કોમોની એમણે બજાવેલી સેવાએ બેઉ કોમોનાં હૃદયમાં એમને સ્થાન અપાવ્યું છે.

કુદરતી કે માનવપ્રેરિત તમામ આપત્તિઓમાં ગુજરાતની પ્રજાના ભેરુ બની રહેતા શ્રી રવિશંકર મહારાજ ૧૯૩૨ની સાલથી ખેડા જિલ્લાના બારૈયા કોમના વિદ્યાર્થીઓને તાલીમ આપવા એક વિદ્યાલય ચલાવે છે. આણંદથી ભાદરણ જતાં બોચાસણનું સ્ટેશન આવે છે, ત્યાં એ વલ્લભવિદ્યાલય આવેલું છે. ૧૯૪૫ની સાલથી ગાંધીજીના આદર્શ મુજબની સર્વાંગીણ તાલીમ આપતો અભ્યાસક્રમ ત્યાં ચાલુ કરવામાં આવ્યો છે. મહારાજ એ વિદ્યાલયને જ પોતાનું મુખ્ય કાર્યક્ષેત્ર સ્વીકારી પોતાના જ્ઞાનાનુભવનો લાભ તેને આપી રહ્યા છે.

(જુઓ અનુસંધાન પૃષ્ઠ ૬૭ ઉપર)

ઘેરબેઠાં ઈશ્વર મેળવનાર બંડુનાના



બંડુનાના બંને હાથમાં બબ્બે થેલીઓ લઈને, સાંજના છને શુમારે બંડુનાના ઘેર આવ્યા. ખભેથી ફાટેલા કોટનાં બહારનાં બંને ખિસ્સાં ખિચોખીચ ભરેલાં હતા, ને અંદરનું ગજવું પણ કોઈ ભારે વસ્તુના ભારથી ફૂલી ઝૂલતું હતું. કોટ કેવળ ખભેથી જ ફાટેલો ન હતો; તેનો પાછળનો ભાગ પણ જીર્ણ થઇ ગયો હતો, બાંહ્યની કિનારે ફૂચ્છાં નીકળ્યાં હતાં અને સાંધા તૂટી ગયા હતા.

બંડુનાનાનાં વૃદ્ધ બાવડાં ભારને લીધે કળ ખાઈ ગયાં હતાં. કુટુંબનો બોજો સંભાળવામાં તેમનું ધ્યાન કદાચ પોતાના શરીર તરફ નહિ ગયું હોય. શું થયું તે તો બંડુનાના જ જાણે, પરંતુ બાજુમાં પડેલા પથ્થરની લાગેલી ઠેશથી બંડુનાનાએ સમતોલપણું ગુમાવ્યું. ચંપલનો બંધ તૂટ્યો; અંગૂઠો રાખવાનો પટ્ટો પણ તૂટ્યો ને ચંપલની દુર્દશામાં વધારો થયો. પડતા શરીરને અને થેલીઓને જેમતેમ સંભાળી, યુદ્ધમાં મૃત્યુ પામતા વીર જેવી ચંપલને ખેંચતા ખેંચતા બંડુનાના ચાલના દરવાજા સુધી લાવ્યા.

'કેમ, બંડુનાના, દરવાજા પાસે જ પગ લપસ્યો કે?' કીર્તન સાંભળવા જતા પંડિતે મશ્કરી કરવાનો પ્રયત્ન કર્યો.

'નહિ પંડિત, પગ લપસે છે માત્ર બે જ વાર: પહેલી વાર યુવાનીમાં રૂપના મખમલ ઉપર; નહિ તો પછી ક્યારેક રૂપિયાના રણકાર ઉપર.' પંડિતને રોકડો જવાબ આપી બંડુનાના ઘરમાં પ્રવેશ્યા, અને 'હત્તારીની' કહી ચંપલને ખૂણામાં ધકેલ્યાં.

પતિના આગમનની ખબર પડતાં જ સાવિત્રીબાઇ સાડીના છેડાથી હાથ લૂછતાં લૂછતાં રસોડામાંથી બહાર આવ્યાં અને થેલીઓ પોતાના હાથમાં લેતાં પૂછ્યું, 'શું થયું?'

'થાય શું? એક નવો ખર્ચ! ચંપલ તૂટ્યું—અને તે પણ ભરઉનાળે. મુશ્કેલીઓમાં એકનો ઉમેરો થયો. આજે જ પગાર આવ્યો અને આજે જ બજેટમાં ખર્ચની બાજુએ એક વસ્તુનો વધારો થયો!' કોટ ખીંટીએ ટાંગતાં બંડુનાનાએ હૈયાવરાળ ઠાલવી.

'વિના કારણે શા માટે મનને ત્રાસ આપો છો? હજી હમણાં તો બહારથી ચાલ્યા આવો છો. જરા હાથપગ ધૂઓ અને આરામ કરો. ત્યાં સુધીમાં હું ચા બનાવીને લાવું છું.' રોજની માફક પ્રેમાળ સહાનુભૂતિથી હસીને બોલી સાવિત્રી અંદર ગઇ.

હાથપગ ધોઈને બંડુનાના રસોડામાં ગયા અને પાટલો લઇ બેઠા. પછી જરા શાંત થઈ બોલ્યા, 'મનને ત્રાસ આપવાનો સવાલ નથી, પરંતુ છોકરાંઓનાં કપડાંનો જ ખર્ચ પચાસ રૂપિયા આવશે. ચંપલના ઓછામાં ઓછા પાંચ રૂપિયા તો લાગે જ ને?'

ચાનો પ્યાલો આપતાં સાવિત્રીબાઇ બોલ્યાં, 'પણ ચંપલને ય દોઢ વરસ થઈ ગયુંને? લેવાનાં તો ગયે જ મહિને હતાં, એટલે...'

'ગયે મહિને ને?' બંડુનાના ફરી ઊકળી જઇને બોલ્યા: 'ગયે મહિને ચંપલની સાહ્યબી કરી હોત તો પછી આપણા સુપુત્રે ચોરેલા રૂપિયા કોણ ભરત? એ તો દુકાનદાર આપણા શેઠનો ઓળખીતો હતો એટલે બધી વાત પતી ગઈ; નહિ તો ભાઈ સાહેબને છ મહિના માટે પથ્થર ફોડવા જવું પડત! દરિદ્રતાએ આપણાં શરીરને તો ફોડ્યાં, પરંતુ સાથેસાથે બુદ્ધિ અને નસીબને પણ ફોડ્યાં. મોટરના ક્લીનરથી માંડીને બધી નોકરીઓ કરી છે, પણ મેં હજી લગી કોઈનું ઘર નથી ફોડ્યું......' અને ચાનો છેલ્લો ઘૂંટડો પૂરો કરી નાના ઓસરીમાં આવીને સૂનસામ થઈ બેઠા.

વિશ્વનાથ, વિશ્વાસ અને વિમલ, એ નાનાનાં ત્રણ સંતાનો. લાડકો વિશ્વનાથ ભણ્યો તો નહિ, પરંતુ પહેલાં ઘરના પૈસા, પછી બીજાના પૈસા અને ત્યાર બાદ પ્રથમ ઘરની વસ્તુઓ તથા પછી બીજાના ઘરની વસ્તુઓ, એમ ધીરે ધીરે પ્રગતિના એકએક પગથિયે ચડતો ચડતો તે એવાં કાર્યોમાં કુશળ બની ગયો.

વિશ્વનાથે ચોરેલા રૂપિયા ભર્યા પછી, બંડુનાનાએ એક દિવસ વિશ્વાસને પોતાની પાસે બોલાવી ભારે હૃદયે કહ્યું, 'વિશ્વાસ, આ પછી આપણે હવે વિશ્વનાથના માત્ર પોષણ માટે જ જવાબદાર છીએ. પણ તું એક વાત ધ્યાનમાં રાખજે. તારો બાપ ભૂખ્યો રહ્યો છે, પણ તેણે ચોરી કરવાનો વિચાર સુદ્ધાં કદી નથી કર્યો. એકનાથ મહારાજની વાત તને ખબર છેને? એક પાઈની ભૂલ શોધવા માટે તેમણે આખી રાતનો ઉજાગરો કર્યો હતો. એ જ નિષ્ઠા તેમને ઈશ્વર સુધી લઈ ગઈ. અંધશ્રદ્ધા ભલે ખરાબ હશે, પણ બદમાશીથી તે લાખ ગણી સારી.'

ચોમાસાનાં વાદળાંઓની જેમ ભૂતકાળની સ્મૃતિઓ એકત્ર થઈ અને વિખરાઈ. બંડુનાનાએ ધોતીના છેડાથી આંખનાં આંસુ લૂછ્યાં અને હમેશની પેઠે મનની શાંતિ માટે એકનાથ મહારાજનું ચરિત્ર વાંચવા લાગ્યા. થોડીવારે તેઓ ઘરમાં આવ્યા અને જમવા બેસતાંબેસતાં પત્નીને પૂછ્યું, 'બધાં છોકરાં ક્યાં ગયાં?'

'વિશુ હજી નથી આવ્યો. વિશ્વાસ ને વિમલ સિનેમામાં ગયાં છે.'

'જમીને ગયાં કે?'

'ના, આવીને જમશે.'

'ઠીક; લાવેલો સામાન બધો જોઈ લીધો? કંઈ બાકી તો નથીને?'

'અર્ધો શેર કોપરું જોઇએ હજી. હોય તો સારું. ઘર છે ને?'

'વારુ; બહારની ખીંટી ઉપર કોટ છે તેના અંદરના ખિસ્સામાં પૈસા છે. વિશુને કહેજે કે પહેલાં કોપરું લઈ આવીને પછી જમવા બેસે. અને હાં, વિમલને ઊન જોઈતું હતું ને? બહારના ખિસ્સામાં છે. કહેજે કે બીજું કાઈ ગૂંથવાનું ન જ હોય તો જ મારા માટે સ્વે-

ટર કરે. આવતે વર્ષે સાસરે જશે, પછી અમારી યાદ થોડી તેને આવશે?'

અને પછી, જમી ઊઠીને ખીંટી ઉપરની ટોપી હાથમાં લેતાં બોલ્યા, 'હું જરા બહાર જઈ આવું છું.'

'આજ થોડા વહેલા આવજો. મારે કીર્તનમાં જવું છે. પરમ દિવસે રામનવમી છે. એકએ દિવસ તો ભગવાનનું નામ કાન પર પડે.'

'હં; તો એમ કરજે–' ચીમનીને ઘડિયાળ પાસે લઇ જતાં બંડુનાના બોલ્યા, 'અત્યારે આઠ તો વાગ્યા છે. જમી કરીને છોકરાં માટે કઢી ભાત ભાઠા ઉપર રાખીને જજે.' પછી ચિમનીને પાછી ગોખલામાં મૂકતાં કહ્યું. 'સાચું પૂછો નો એવા કીર્તનમાં જવાથી પણ શો ફાયદો ? ઈશ્વરના નામનું મોઢેથી સ્મરણ કરવાવાળા ત્યાં પણ જે રાજકારણનું તેમને જ્ઞાન નથી હોતું તેનો કીચડ ઉછાળે છે. તેઓ એક જ સૂત્ર જાણતા હોય છે, અને તે એક જ સૂત્રને સો વાર બોલે છે તથા અનેક રીતે તેનો અર્થ કરવાનો ઢોંગ કરે છે. વેદાંત અને ધર્મની એટલી તો ક્રૂર મશ્કરી કરતા હોય છે કે સાચો ઈશ્વર તો ત્યાંથી ક્યારનો ય નાસી ગયો હોય છે. તેના કરતાં તો ઘેર જ...'

'એકનાથ મહારાજની પોથી વાંચવી ને મનને શાંત કરવું એમ જ ને?' બંડુનાનાનું દરરોજનું વાક્ય સાવિત્રીબાઈએ જ પૂરું કર્યું.

'કરો, મશ્કરી કરો. પણ જો એકનાથ મહારાજ જેટલી શ્રદ્ધા થઇ જાય, તો વગર કીર્તનમાં ગયે ઈશ્વર જરૂર ઘેર બેઠાં મળી જાય.'

સાવિત્રીબાઇ અંદર ગઈ અને બંડુનાના દરવાજો બંધ કરીને બહાર નીકળ્યા. ત્યાં બાજુના ઘરમાંથી તેમના પડોશી વિનાયકરાવને બહાર આવતાં તેમણે જોયા અને ફિક્કું હસ્યા.

'કેમ, બંડુનાના, કીર્તન સાંભળવા કે?' વિનાયકરાવે પૂછ્યું.

'નહિ; ફરવા.' બંડુનાનાએ કહ્યું; 'તમે ક્યાં ચાલ્યા?'

'ફરવા જ.'

નાના આકાશ તરફ જોઈ રહ્યા. પછી નિરભ્ર આકાશના શાંત વાતાવરણમાં પ્રસરી રહેલા મધુર સમીરનો આસ્વાદ લેતાં નાના બોલ્યા, 'કેમ એકલા જ કે?'

'હા.' ગંભીરતાથી વિનાયકરાવ બોલ્યા.

'તમારી નવવિવાહિતોની તો ભાઇ, કમાલ છે! નવવિવાહિત થઈને પણ ફરવા એકલા જ જાઓ છો?' આમ કહેતાં કહેતાં તેઓ ચાલીની બહાર નીકળ્યા. તેમની આંખોમાં એક વિશિષ્ટ પ્રકારની શૂન્યતા વ્યાપી ગઈ હતી. લગ્ન પહેલાંની અનેક અભિલાષાઓમાંની તેમની એ એક અભિલાષા હતી. નવવિવાહિતોને ત્યારે તેઓ હમેશાં કહેતા, 'ખૂબ આનંદ કરો, પણ સાથેસાથે ખૂબ કષ્ટ સહન કરવાની તૈયારી પણ કરો.' લગ્ન થયા બાદ તેમને આશા હતી કે રોજ સાંજે પેઢીએથી પાછા આવ્યા બાદ પોતાની પત્ની, લજ્જાથી ઢળેલી પેલી રૂપાળી આંખો વડે પોતાનું સ્વાગત કરવા દરવાજે ઊભી રહેશે. તેની એ આંખો જોઇને જ બંડુનાનાએ સાવિત્રીને પસંદ કરી હતીને? પણ લગ્ન પછી સાવિત્રી પતિથી બહુ જ ડરતી અને શરમાતી. તેનો ડર કાઢતાં અને તેનું મૌન તોડતાં જ એક વર્ષ લાગ્યું.

ભરપૂર આનંદ કરવાનું કહેનાર નાના ભરપૂર કષ્ટ પણ કરતા, અને તેથી તેઓ કાપડની જે દુકાનમાં કાપડ ફાડવા બેઠા હતા તે જ દુકાનમાં આજે તેઓ મુનીમ હતા. પૈસાનો બધો વ્યવહાર શેઠે નાના ઉપર છોડી દીધો હતો અને પોતે નિશ્ચિંત બની બીજો ધંધો કરતા હતા. આ બધાં સ્મરણોથી નાનોની શૂન્યતા વધુ ગાઢ બની.

એટલામાં પાછળ આવતી મોટરનો અવાજ સાંભળીને નાના તંદ્રામાંથી જાગ્યા અને ફુટપાથ ઉપર ચાલવા લાગ્યા. થીએટરોમાં મધ્યાંતર થયો હતો. હોટેલો ચિક્કાર ભરી હતી. પાનની દુકાનો પર પણ ભીડ હતી. સિનેમાની ચોપડીઓ વેચનાર છોકરાઓ જોરજોરથી બૂમો પાડી રહ્યા હતા. હોટેલોમાંના રેડિયો એકબીજાની જાણે હરીફાઈમાં ઊતર્યાં હતા. એવામાં એક મોટર એક શાનદાર હોટેલ પાસે આવીને ઊભી. તેમાંથી ચાર 'સાહેબો' ઊતરીને હોટેલમાં ગયા. નાનાને પણ ચા પીવાની ઈચ્છા થઇ, એટલે તે પણ એ હોટેલમાં ગયા.

ગલ્લા ઉપરથી ઊઠીને મોટા પેટવાળા મૅનેજરે પેલા ચાર જણને પૂછ્યું, 'ફરમાઇએ સાહબ, બંદા આપકી ક્યા સેવા કર સકતા હય?

'બસ, સિર્ફ પાની લાવ.' એકે કહ્યું.

પાછળથી પ્રવેશનાર નાના, ફાટેલી ધોતી અને વધેલી દાઢીને લીધે મૅનેજરની નજરમાં ન વસ્યા. મૅનેજરે આંખ આડા કાન કર્યાં.

'એઈ કાકા, શું જોઇએ છે?' હોટેલના છોકરાએ તોછડાઈથી પૂછ્યું.

'ચા.' નાનાએ કહ્યું.

'ચાલુ નથી મળતી; બીજી હૉટેલમાં જાઓ.' છોકરાએ કહ્યું.

'સ્પેશ્યલ લાવ.' નિર્વિકારપણે નાના બોલ્યા. બે મહિના પહેલાંના નાના આજે ભૂતકાળ જેવા બની ગયા હતા. હોટેલનો છોકરો તો શું પણ શેઠનો છોકરો પણ તેમની સામે ઊંચે અવાજે બોલવાની હિંમત કરી શકતો નહિ, પણ વિશ્વનાથના કરતુકે નાનાનું નાક નીચું કર્યું હતું. તેમની માનસિક શક્તિ નષ્ટ થઈ ગઈ હતી. તરુણ પુત્રને અગ્નિદાહ દેતી વખતે જે દુઃખ પિતાને થાય, તેના કરતાં અનેકગણું વધારે દુઃખ વિશ્વનાથના કૃત્યથી નાનાને થયું હતું. વિશ્વનાથનું જો મરણ થયું હોત તો ફક્ત તેનું શરીર જ બળત, પરંતુ જીવંત વિશ્વનાથ તો સ્વયં જલતો અંગારો બની આખા ઘરને બાળી રહ્યો હતો.

ટેબલ પર મૂકેલી ચા તેમણે જેમતેમ પી લીધી. પોતાનું અપમાન તેમને શૂળની જેમ ખટકી રહ્યું હતું. પણ અંતરને કોરવા સિવાય બીજો કોઈ રસ્તો નથી, તેનો ખ્યાલ તેમના ચહેરા ઉપર હમેશાં રમતો હોવાથી, નાના જેટલા વૃદ્ધ હતા તેના કરતાં હવે વધુ લાગતા.

મૅનેજરને બે આના આપી નાના હોટેલની બહાર નીકળ્યા. હોટેલોમાંના રેડિયોનો કોલાહલ હજી જરા યે ઓછો થયો ન હતો. ચોકના એક ખૂણેથી શરૂ થતા પૂલની પાળ ઉપર બંડુનાના પલાંઠી વાળીને બેઠા. એટલામાં રસ્તા ઉપરના કોઇ ઘોંઘાટથી તેમનું ધ્યાન દોરાયું. તેમણે ખિસ્સામાંથી બીડી કાઢી, અને સળગાવેલી દીવાસળી પવનથી બુઝાઇ ન જાય તેવી સંભાળથી બીડી સળગાવી. એકબે જોરદાર દમ માર્યાં પછી તેમને જરા ઠીક લાગ્યું, એટલે બીડી પૂલ પાછળથી નીચે ફેંકી તેઓ ફરીથી ક્ષણક્ષણમાં બદલાતાં રસ્તા ઉપરનાં દૃશ્યો જોવા લાગ્યા. ચોક ઉપર પોલીસ ન હતો. બે સાઇકલો અથડાઈ પડી હોવાથી, બંને સાઇકલસવારો એકબીજાને પોલીસચોકીએ લઈ જવાની ધમકી આપી રહ્યા હતા. એવામાં એક ગૃહસ્થ તેમનો ઝગડો પતાવવા આવ્યા. ત્રણ માણસોને જોઈ ચોથો આવ્યો. ક્ષણમાં રંગ બદલ્યો, ને પહેલા ગૃહસ્થે એકની તરફેણ કરી ગાળો બકવા માંડી. જે ઝગડો છોડાવવા આવેલા તેને જ ઝગડામાં પડેલા જોઇ નાનાને હસવું આવ્યું. સંસાર પણ આવો જ છે ને? આપણે તેમાં પડવાનું, અનેક હિતસંબંધીઓ નિર્માણ કરવાના અને પછી ઇશ્વરને ફરિયાદ કરવી કે 'હે ભગવાન, આ ભવસાગર તરવો મુશ્કેલ છે, તું જ હવે તાર!'

એટલામાં બાજુથી એક બસ પસાર થઈ ગઈ. અંદર બકરાંની પેઠે માણસો ભર્યા હતાં. એન્જિનનો બહારનો એક ભાગ ખુલ્લો હતો, અને તેલની એક કૂંપી લઇને એક માણસ ત્યાં બેઠો હતો. નાનાએ વિચાર્યું, આપણા સંસારનું પણ આવું જ છે...

પણ આપણા સંસારમાં શું ઓછું છે? આજ સૌથી વધારે પગાર છે. ચોથી અંગ્રેજી પાસ થનારને આટલો પગાર (અનુ. પૃ. ૬૭મે)

જીવનવ્યવહારમાં આંખ જેટલું જ ઉપયોગી અંગ

કાન

કાયાની કરામત
હપતો ૨૯મો

લેખક: ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ભલે આપણા જીવનમાં કાન કરતાં આંખનો ઉપયોગ સવિશેષ રહ્યો, પણ જીવન-વ્યવહારમાં ૭૫ ટકા તો વાતચિત જ મુખ્ય ભાગ ભજવે છે. શ્રવણશક્તિમાં ખામી આવી પડતાં ઘણી અગવડ પડે છે. ઉપરાંત પંખીઓના કિલકિલાટ, સમુદ્રનું ગર્જન અને સંગીતના સરોદો સાંભળવાથી પ્રાપ્ત થતો આનંદ પણ ગુમાવવો પડે છે.


બહેરાશ

ઉમર વધતાં સાંભળવાની શક્તિ ક્ષીણ થાય છે ખરી. પચાસ-પંચાવનની ઉમર પછી ઊંચો અવાજ સાંભળવામાં મુશ્કેલી પડે છે, પણ હળવા અવાજો સહેલાઇથી સાંભળી શકાય છે. બહેરાશ આવવાનાં ઘણાં કારણો છે. વચલા કાનમાં વારંવાર ચેપ લાગવાના પરિણામે પડદો કે ત્રણ હાડકાં ઘટ્ટ બનવાથી, યા મોટા ધડાકાને લીધે પડદો તૂટી જવાથી બહેરાશ આવે છે. યુવાન વયે–ખાસ કરીને સ્ત્રીઓમાં બહેરાશ આવવાનું કારણ ઑટોસ્કેલેરીસ નામનો રોગ છે. આમાં પેંગડા આકારના હાડકામાં ઘટ્ટતા આવવાથી તે હાલતું બંધ થાય છે, જેથી અવાજનું વહન ન થવાથી બધિરતા આવે છે. આ રોગ દર સુવાવડ વખતે વધે છે અને ક્વચિત તે વારસાગત પણ ઊતરી આવે છે. રક્તક્ષય, ઈન્ફ્લ્યુએન્ઝા, સિફિલિસ, મેનિનજાઇટિસ, ડિપ્થેરિયા, ટાઇફૉઇડ વગેરે રોગો, શરીરનાં વિષદ્રવ્યો, વિટામિન સી અને કૅલ્સ્યમ વિનાના અપૂરતા ખોરાક, અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવનો વિકાર અને ઈજા, આ બધાં કારણોસર કર્ણશંખ કે શ્રુતિતંતુમાં ખોટકો આવી પડતાં પણ સાંભળવાની શક્તિ નાશ પામે છે.

અંદરના કાનની ઇજાને અંગે આવતી બધિરતાનાં કારણો અગમ્ય હોય છે. કેટલાકમાં જન્મગત બહેરાશ પણ હોય છે. આ પ્રકાર તો વળી પેઢીગત પણ ઊતરી આવે છે. આવા લોકોએ અવાજ જ કદી સાંભળેલો નથી હોતો, એટલે અવાજ (ઉચ્ચાર) કેવો હોવો જોઇએ તે સંબંધી તો તેઓ કદી શીખ્યા જ નથી હોતા. પરિણામે તેઓ મૂંગા હોય છે કે સ્પષ્ટ બોલી શકતા નથી. કારણકે આપણી વાચા મોટેભાગે સાંભળવા ઉપર આધાર રાખે છે. કાન તેને ગ્રહણ કરે છે ને જીભ તેને બહાર લાવે છે. વળી બહેરા માણસો તેમના અવાજતંતુ પ્રમાણે સાંભળી શકતા ન હોવાથી વાતચિતમાં તેઓ અજાણપણે મોટા અવાજથી જ વાતો કરતા હોય છે.


અવાજ ઝડપથી પકડી લેવા માટે અટપટી છતાં નાજુક રચનાવાળા બે કાન યોજાયા છે. એક કાને બહેરાશ હોય ત્યારે બીજા સાજા કાન ભણી અવાજ જાય ત્યારે જ સાંભળી શકાય છે. આવા માણસોને ખુલ્લામાં અવાજની દિશા પારખતાં વાર લાગે છે.

અવાજ સાંભળવાની સાથે આપણે એનું સ્થાન પણ નક્કી કરી શકીએ છીએ. એક ટૂંકા કે આંતરે આંતરે આવતા અવાજોના સ્થાન-નિર્ણયમાં બંને કાનોમાં આવતા અવાજના સમયનો તફાવત મુખ્ય ભાગ ભજવે છે. માથાની આગળ કે પાછળની મધ્ય લીટીમાંથી આવતો અવાજ બંને કાનોમાં સાથે પ્રવેશે છે. જ્યારે અવાજ એકી-




વખતે બંને કાનોમાં ન પ્રવેશે ત્યારે જે બાજુના કાનમાં અવાજની સંવેદના પ્રગટે છે તે દિશામાંથી અવાજ આવતો હોવાનું પરખાય છે. મોટા અવાજમાં નાનો અવાજ ડૂબી જવાની હકીકત જાણીતી છે. આમાં પડદા ઉપર બંને પ્રકારના અવાજો ઉપરાઉપર આવતા હોવાથી આવું બને છે.


અવાજ એકઠો કરવાના કામ ઉપરાંત બહારના કાનનો ઉપયોગ સૌંદર્યવાંછુ લોકો ઘરેણાં પહેરવા માટે–रक्षाभूषण निमित्तम्(सुश्रुत) પણ કરે છે. વધરાવળ વધતી અટકાવવા માટે કાનને મધ્યમાંથી વીંધવાનો રિવાજ પ્રચલિત છે. ઓછું સાંભળવાના કે દેખાવાના ઉપચાર તરીકે કાન વીંધાવવાનો રિવાજ પશ્ચિમમાં પણ પ્રચલિત થવા માંડયો છે. કાનની બૂટમાં પહેરેલું આભૂષણ સૌંદર્ય ને સુરુચિનું પોષક તથા વર્ધક હોય છે. પણ આ હકીકત અંગે થોડું વિચારવા જેવું છે. કાનના આભૂષણને લીધે મોઢાનો જુદો જ દેખાવ રજૂ થાય છે. પાતળા લાંબા ચહેરામાં ગોળાકાર કર્ણાભૂષણ પહેરવાથી મોં ગોળાકાર (ભરેલું) દેખાય છે. પણ જો મોં ગોળ અને ભરાવદાર હોય તો ઝૂમણા વગરનું લાંબું અને પાતળું કર્ણાભૂષણ પહેરવું જોઇએ.



પ્રાણીને (ખાસ કરી માનવીને) ભાવના અને લાગણી દર્શાવવા વાણીની કુદરતી બક્ષિશ મળી છે, તો તે સાંભળવા કાનરૂપી સાધન પણ છે. એની દ્વારા મેળવેલા જ્ઞાન વડે આપણાં ચિંતન ને લાગણીઓ ઉપર પ્રબળ છાપ પડે છે. છાપખાનાંની શોધ પહેલાં શ્રુતિ જ લોકશિક્ષણનું એકાકી સાધન હતું. વિનોબા ભાવે કહે છે કે 'શ્રવણ એ શિક્ષણનું અક્ષીણ સાધન છે. શ્રવણ દ્વારા જ્ઞાન સીધું હૃદયમાં ઊતરી જઇને પચી જાય છે, આત્મા શાંત થાય છે: જાણે કે જ્ઞાનનું ઈન્જેક્શન થાય છે! નવવિધા ભક્તિમાં શ્રવણનું સ્થાન પહેલું છે!'

શરીરના આવા ઉપયોગી અંગની રચના હેરત પમાડનારી છે. પ્રકાશમાંથી આવતી આંખને અંધારામાં અનુકૂળ થતાં વાર લાગે છે, પણ કાન તો મોટો ધડાકો ઝીલી તરત જ ઝીણો અવાજ ઝીલવા તત્પર જ હોય છે! આ તફાવતની કલ્પના શી રીતે આવી શકે? હાથી અને મગતરાના વજનની સરખામણીમાં જે તફાવત પડે





અંદરના કાનમાં આવેલો શરીરની સમતુલા જાળવતો અવયવ: નીચેની આકૃતિમાં અર્ધવર્તુલાકાર નલિકાને છેડે આવતી એમ્પુલાનો આડ છેદ દર્શાવેલ છે. લાંબા તીર વડે દર્શાવેલી દિશામાં જ્યારે તે શરીર ધક્કેલાય છે ત્યારે અર્ધવર્તુલાકાર નળીમાંની લસી તેની વિરુદ્ધ દિશામાં ધક્કેલાઈને તેના જોર વડે એમ્પુલામાંના વાળકોષો દબાય છે. આ દબાણથી શ્રુતિતંતુઓના તાંતણાઓ ઉત્તેજના પામી આપણને શરીરના ધક્કેલાવાની દિશાનું જ્ઞાન થાય છે.

એના જેટલો આ તફાવત છે ! છતાં અને તરત ઝીલવા માટે તત્પર રહેનારી કાનની એ આંતરિક રચના કેવી કરામતભરી હશે !

શરીરની સમતુલા

સાંભળવાનું કામ કરવા ઉપરાંત કાન બીજું અતિ મહત્ત્વનું કામ શરીરની સમતુલા જાળવવાનું કરે છે ! પ્રબળ આકર્ષણ-બળથી પૃથ્વી પોતાના ભણી દરેક પદાર્થને ખેંચે છે એ જાણીતી બીના છે. આથી બધાં ચાલતાં પ્રાણીઓથી પડી ન જવાય એ માટે શરીરની સમતુલા સતત જળવાવી આવશ્યક છે. પૃથ્વીના સંબંધમાં રહી શરીરની સમતોલ જળવાતી સ્થિતિઓના જ્ઞાન માટે દરેક કાનમાં રચના હોય છે. આવી શ્રવણ અને સમતુલા જાળવવાની શક્તિથી પ્રાણીઓને દિક્ (Space)માં અને બીજા પ્રાણીઓના સંબંધમાં પોતાની સ્થિતિ જાળવવાનું દિગ્જ્ઞાન થાય છે.

શરીરની સમતુલા જાળવનારા ત્રણ અવયવો અંદરના કાનમાં છે: (૧) યુટ્રીકલ (Utricle), (૨) સેક્યુલ (Saccule) અને ત્રણ અર્ધવર્તુલાકાર નળીઓ (Semi circular canals). યુટ્રીકલ અને સેક્યુલમાં લસી અને સૂક્ષ્માતિસૂક્ષ્મ (microscopic) વાળકોષોનો સમૂહ હોય છે, જેના ઉપર કૅલ્શ્યમ કાર્બોનેટના 'કંકર' (stones) ગોઠવાએલા હોય છે. દરેક અર્ધવર્તુલાકાર નળીના બે છેડા યુટ્રીકલમાં ઊઘડતાં પહેલાં પહોળા બને છે. આ પહોળા બનેલા છેડા ઍમ્પુલા (ampulla) કહેવાય છે. દરેક નળી બાકીના બેના કાટખૂણે રહી દિક્‌નાં ત્રણ પરિમાણો મુજબ ગોઠવાએલી છે. દિક્‌નાં એ ત્રણ પરિમાણો તે (૧) લંબાઈ—એટલે કે આગળ-પાછળ; (૨) પહોળાઈ—એટલે કે ડાબાજમણી અને (૩) ઊંચાઈ—એટલે કે ઉપર-નીચે. દરેક નળીમાં લસી અને ઍમ્પુલામાં વાળકોષો હોય છે.

આ ત્રણે અવયવોના વાળકોષોમાંથી નીકળતા જ્ઞાનતંતુઓના તાંતણાઓ (fibres) શ્રુતિતંતુ સાથે જોડાઈ શ્રુતિકેન્દ્રમાં જાય છે, જેના પરિણામે અર્ધવર્તુલાકાર નળીઓ દ્વારા કોઇ પણ દિશામાં થતી માથાની હલનચલનની જાણ મગજને થાય છે. જ્યારે યુટ્રીકલ દ્વારા માથાની સ્થિતિનું ભાન થાય છે. કોઇ પણ દિશામાં માથું ફેરવીએ એનું જ્ઞાન અર્ધવર્તુલાકાર-નળીઓ આપે છે. ઊંઘમાંથી જ્યારે જાગીએ ત્યારે માથું ઓશીકા ઉપર હોવાનો ખ્યાલ યુટ્રીકલ દ્વારા આવે છે.

હવે આ હકીકત આપણે બરાબર સમજીએ. માથું એક કે બીજી દિશા ભણી ઢળે છે ત્યારે 'કૅલ્શ્યમ-કંકરો' પણ તે મુજબ ઢળે છે. આમ થતાં વાળકોષો ઉપરનું દબાણ વધવા-ઘટવાથી વાળકોષો ઉત્તેજના પામે છે અને જ્ઞાનતંતુ-પ્રવાહ મગજમાં જાય છે. જ્યાંથી શરીરની સામી બાજુની માંસપેશીઓ હાડકાં અને સાંધાઓને સમતુલા જાળવવા માટે સશક્ત બનવાની આજ્ઞા મળે છે !

ગાડી ઊપડે છે ત્યારે આપણે બેઠક ભણી ધક્કેલાઇએ છીએ. આ વખતે અર્ધવર્તુળાકાર નળીઓમાંથી નીચલી નળીની લસી પણ પાછી ધક્કેલાય છે. લસીના વજનથી વાળકોષો દબાય છે. આ દબાણથી જ્ઞાનતંતુ-તાંતણાઓ ઉત્તેજના પામી આપણને જ્ઞાન થાય છે કે આપણે આગળ ગતિ કરી રહ્યા છીએ. થોડી સેકન્ડો પછી આપણને ગાડીની ગતિ લાગતી નથી, કારણકે શરીર પણ ગાડીની ગતિ જેટલો વેગ ધારણ કરે છે ને અર્ધવર્તુળાકાર નળીની લસીએ પણ સ્થિરતા ધારણ કરી લીધી હોવાથી દબાએલા વાળકોષો સીધા થઇ જાય છે.

હીંચકો ખાતાં યા ટ્રેન મોટર સ્ટીમર કે એરોપ્લેનની મુસાફરી વખતે, અર્ધવર્તુલાકાર નળીઓમાં લસીની આગળ-પાછળ ગતિની ધમાધમ મચી પડે છે. પરિણામે મગજમાં પણ જ્ઞાનતંતુ-પ્રવાહની અને તે અંગે સંદેશાઓની ધમાચકડી થાય છે. મગજનો દરેકેદરેક સંદેશો એકબીજાથી ઊલટો-સૂલટો અને ઉપરાઉપરી હોઇ જ્ઞાનતંત્ર હેલે ચડે છે. આ દશાના પરિણામે ચક્કર આવવાં, માથું દુખવું, લોહીનું દબાણ ઘટવાથી ઊબકા-ઊલટી થવાં, શીત છંટાવવાં વગેરે ત્રાસજનક ચિહ્નો આવી પડે છે. આ અંગેની દવાઓ મગજને બહેરું બનાવતી હોવાથી આરામપ્રદ નીવડે છે.

વાહનવ્યવહારના ચક્કર તો કોકને સતાવે છે. પણ ફેરફૂદડી વખતે તો દરેક જણ એના ભોગ બને છે. ફૂદડી ખાતી વખતે આડી અર્ધવર્તુલાકાર નળીમાં લસી પાછળની બાજુએ (ફૂદડીની દિશા કરતાં ઊલટી દિશામાં) ગતિ કરે છે. પણ ઊભા રહેવા છતાં યે લસીની ગતિ તો ચાલુ રહી હવે તે તો ફૂદડીની દિશામાં થવા માંડે છે. એટલે મગજમાં તો એવું જ જ્ઞાન થયા કરે છે કે આપણે હવે ઊલટી દિશામાં ફૂદડી ફરીએ છીએ. પણ પગ ને બુદ્ધિ તો સ્થિર ઊભા રહ્યાનો ખ્યાલ આપે છે. આ વિવાદનો ઉકેલ એમ ધારીને આણીએ છીએ કે આપણી આસપાસની પૃથ્વી જ ઊલટી દિશામાં ફરી રહે છે ! આને આપણે ફેર ચડવા કહીએ છીએ.

ઠોકર ખાઇને પડવા જેવા થઇએ ત્યારે આપણા હાથ હવામાં અદ્ધર ઊછળે છે. આ વખતે માથાનું હલન અર્ધવર્તુલાકાર નળીઓ અને યુટ્રીકલ એવી તો પ્રતિક્રિયાઓ (reflexes) જન્માવે છે કે જેના પરિણામે માથું નવી દિશામાં ગોઠવાય છે અને શરીરની બીજી બાજુની માંસપેશીઓ એવી તો સશક્ત બને છે કે જેથી આખા શરીરની સમતુલા જળવાય છે.

આ ઉપરાંત યુટ્રીકલની પ્રતિક્રિયાઓ પ્રાણીઓનાં શરીર અને ગાત્રોને (હાથ-પગને) સીધાં કરી દે છે. બિલાડી કે પક્ષીને પીઠ ઉપર ઊંધા કરીએ તો યુટ્રીકલની પ્રતિક્રિયાની અસરથી ડોકની માંસપેશીઓ સંકોચાઈ માથાને સીધું (ઊંચું) કરે છે, અને પછી શરીર તથા ગાત્રો સીધાં થવાથી તરત તે પગ ઉપર ઊભાં થઇ જાય છે ! ઊંચાઇએથી બિલાડીને ઊંધી પકડી ફેંકીએ તો તે હવામાં ગુલાંટ ખાઇને એવી તો સીધી બની જાય છે કે તે પગ ઉપર જ જમીન ઉપર આવી પડે છે ! બન્ને યુટ્રીકલ કાઢી લેવામાં આવે તો પ્રાણીનું માથું લબડતું થઈ જાય છે. જોકે તેની આંખો દ્વારા શરીરની સમતુલા તો જળવાઈ રહે છે, પણ આવા પ્રાણીની આંખે પાટા બાંધવામાં આવે તો તે સીધું ઊભું રહી શકતું નથી. (હવે પછી 'ગંધ-સ્વાદ' વિષે)



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

પાછો બીજીવાર પણ નગાધિરાજે ન સંઘર્યો. અરે નગાધિરાજ તો સઘરે, પણ પોતીકું મન જ ક્યાં ઠેકાણે હતું? મનમાં બાર ભ્રમણાઓ ઊભી કરવી, એને બે-લગામ વિફરવા દેવું, અને પછી શાંતિની શોધ કરવી! જીવ મુંબાઈમાં ને ખોળિયું હિમાલયમાં રખડાવવું, એ કેમ ચાલે? સાચા સંતોથી અવળો જ વેપાર. દૂરદૂરના ડુંગરાઓમાં રખડતા હતા, ત્યાં સોલીનો અફળાતો ઝિકાતો તાર આવ્યો, એટલે પાછા મુંબાઈ તરફ જવા ઊપડ્યા.

સ્ટેશન પર એક નાનો કિસ્સો અજાણતાં, અનાયાસ બની ગયો. ઘણી વાર આપણને નથી લાગતું કે દુનિયા ઘણી નાની છે? સ્ટેશને ખબર પડી કે સેકન્ડ ક્લાસ ટિકિટ ઉપર દસ રૂપિયા વધારે આપો તો તમને અલાયદી છ ખુરશીની ટ્રૉલી મળે. બીજી પાંચ ટિકિટ તમે લો કે ન લો, એક ટિકિટે ટ્રૉલીમાં મુસાફરી કરી શકાય. આ તો ખરેખર બાદશાહી! જાણે ખુલ્લી મોટરમાં જ નીકળ્યા; અને ચારે બાજુ જોતાંજોતાં પહાડ ઊતરવાની મઝા મળે તે જુદી. કબૂલ. રેલવેવાળાઓને એમાં કંઈ ખરચ નહોતો, કારણ ટ્રૉલીને ધકેલી જ મૂકવાની; પછી તો એ આપોઆપ સરતી જ જાય. ઉપર આવતાં પેટ્રોલ બળે, ઊતરતાં નહિ.

ટ્રૈન ઊપડ્યા પછી એક કલાકે આ ઊપડે, અને તળેટીના સ્ટેશનથી એક સ્ટેશન દૂર એ ટ્રૉલીને ટ્રૈનની પાછળ લગાડી દે, એટલે છેલ્લો સપાટ રસ્તો ટ્રૈનની સાથે કાપે. અંતે તો એ રામ એના એ જ; પણ પેલી ખુલ્લી અને સ્વતંત્ર મુસાફરીની મઝા!

નીચે સીલીગુરીથી ઉપર દાર્જીલિંગનો મોટર અને રેલ રસ્તો બંને એક જ, સાથે સાથે; એટલે વ્યવહાર એક દેખરેખ હેઠળ. નહિ તો અથડાઅથડીના સોદા. એટલે ટ્રૉલી નીકળે ત્યારે મોટરને લાઇન ક્લીઅર ન મળે, એ હિસાબે ટ્રૉલી ઊપડતી વેળા સ્ટેશન માસ્તર અને એક નેપાલી અફસર મને કહેવા આવ્યા કે ત્રણ મોટરો છે, એમને જવા દઇએ કે તમને? કાયદો તો ટ્રૉલીને જ જવા દેવાનો છે. મોટર કુચબિહારની અને એમાં મહારાણી સાહેબા, એટલે આટલી ધાંધલ કરવામાં આવી હતી. ટ્રૉલીમાં રેલવેનો એક અધિકારી પણ થોડે સુધી આવવા બેસી ગયો હતો. તે કહે કે કદાચ મોડું થાય તો પેલી ટ્રૈન કંઇ થોભે નહિ, માટે આને જ પહેલાં જવા દો.

દાર્જીલિંગથી બીજું સ્ટેશન ઘૂમ જરા ઊંચાણ પર છે. પછી નીચે ઊતરવાનું. એટલે આગ સળગાવી અમારી સવારી તો ચાલી અને મોટરો પાછળ અટકી. અમે પહોંચીએ પછી પેલીઓને 'લેન ક્લીઅર' મળે! એમ સ્ટેશને સ્ટેશને સાઠેક માઇલના રસ્તા પર થવા લાગ્યું.

વચ્ચે કરસ્યૉંગ જંક્શન આવ્યું. ત્યાં પણ પેલા અસબાબી અફસરે એંગને આગળ જવા દેવા કહ્યું. પણ પછી તો બન્દાને બે કલાકની બાદશાહી ચાખવા મળેલી, અને ઉપરથી મગત! રાણી રહી એના ઘરની! એટલે સાહેબે અરજી નામંજૂર કરી! ડ્રાઈવરની સાથે મમકાથી, નેતરની ખુરશી ઉપર, એક પર હાથ રાખીને, રસ્તાની બાંધણી, નિર્ઝરતા ઝરા, રેલના વાંકવળાંકા, ઘનઘોર જંગલો, લીલી કુંજર વનરાઇઓ, પળેપળે બદલાતા સૌન્દર્યની રૂપરેખાઓ વગેરે આંખ ભરીભરી જોતા બેઠા અને સંધ્યાકાળે તાપમાં તળેટીમાં પહોંચ્યા. ઊભેલી ટ્રૈનને જોડાઈ ખેંચાયા; પણ પછી તો રસ્તો મોકળો થતાં આલીશાન કુચબિહારની ગાડીઓ સડસડાટ અમારી આગળ નીકળી ગઈ.

સીલીગુરી સ્ટેશને, જ્યાં નાની પહાડી રેલમાંથી મોટી ગાડી બદલવાની હોય છે ત્યાં પહોંચતાં ડબ્બો શોધતાં મારું રીઝર્વેશન જ મળે નહિ! આખરે એક બંગાળી ડીપે.ટીએ મને એક ડબ્બામાં ઉપરના બર્થ પર ચડાવી દીધો. એમાં જ પેલા કુચબિહારના રસાલાના બે લશ્કરી અફસરો અદાથી બિરાજ્યા હતા!

આવો બચ્ચાજી! હવે ક્યાં ગઇ તમારી બપોરની બાદશાહી? મને યાદ નથી, પણ કદાચ ગાડી કુચબિહારની હદમાંથી પણ પસાર થતી હોય! જગ્યા શોધવાની મ્હોકાણમાં ખાવાનું તો જતું જ કરવું પડ્યું હતું, અને હવે નીચે ચળકતી ચામડીના ગોરા કદાવર બે મુછાળા શમશેરજંગબહાદુરો! અમથી જ જો તલવાર ખખડેને, તો હાડકાં પણ આપણાં ખખડવા માંડે! જોગ એવો હતો કે છેલ્લાં બે કુચબિહારનાં જ સલૂનો હતાં, એમાંના એક કમ્પાર્ટમેન્ટમાં ડીપોટીએ સારે નસીબે આ અફસર સાહેબોની રજા લઇને મને ઘુસાડી દીધો હતો. મને આ ખબર હોત તો એક રાત ત્યાં સ્ટેશન પર જ કાઢી નાખત. પણ હવે શું થાય? સીલીગુરી મેલ ધમધમ કરતો બંગાળના અખાત તરફ ધસી રહ્યો હતો.

પહાડી અને દરિયાખેડુ માણસો હમેશાં સારા; ધરતી પર ધૂળ, એટલે વચગાળાના માણસોમાં જ મેલ; એ ન્યાયે, જરા હિંમત કરી હું કંઈ બોલવાની શરૂઆત માટે મનમાં સરવાળા બાદબાકી કરી રહ્યો હતો, એટલામાં તો એમાંના એક જંગબહાદુરે ઊભા થઈ આળસ મરડતાં,—એ ધારે તો મને એમ જ મસળી નાખે—ઉપરના પાટિયા પર ટૂંટિયું વળીને ભરાએલા—ઉંદરની માફક બેઠેલા હુંને સંબોધી પૂછ્યું, 'કુચ ખાયા'?

એ સવાલે જ મારામાં હિંમત આણી: 'જી નહિ—'

હવે કેવી 'જી'થી શરૂઆત થઈ? વિવેક આવડ્યો!

'આઇએ, આઇએ; આપને તો બડી તકલીફમેં ડાલ દિયા.'

પણ પછી તો અજ્ઞાન, અણસમજ, પેલો મફતિયો રેલવેનો અધિકારી ટ્રૉલીમાં આવી ચડેલો એના ઉપર આળ, એની દોરવણી, હમ પરદેશી...વગેરે વગેરે જે આવે તે કારણો આપી આ બે મહારથીઓના દિમાગને હળવો બનાવવાના કરતૂકો કરવા હું મંડી પડ્યો.

જરા આગળ જતાં એક સ્ટેશને ગાડી ઊભી રહી એટલે ખાવાનો એક ભરચક ખુમચો આવ્યો, બીજો આવ્યો; એટલે એમણે નોકરને ત્રીજો લાવવા પણ સૂચના કરી. મેં વિવેક શરૂ તો કર્યો, પણ કોણ માને? 'હમ ભી આપ કી માફક ઐસે જગા કી ઓર સામાન કી ખિટપિટમેં પડ ગયે તો ખાને કા વખ્ત નહિ મિલા.'

ગંગાજમની બનાવટના, કોતરકામી કરામતના પાણીના કટોરા તથા ચરુ આવ્યા એ જ જોઇને આપણી તો ભૂખ ભાંગી ગઈ. મિષ્ટાન્ન

પર હાથ મારી પરવાર્યાં પછી કંઈક તુક્કાઓ લગાવી, સવારે મહારાણી સાહેબાને બે મિનિટ માગી માફી જાહેર કરવા માટે મેં એમને સમય નક્કી કરવા કહ્યું, અને પછી નિરાંતે સૂતા. આટલો મેળ ન જામ્યો હોત તો મને આખી રાત ઊંઘ આવત કે કેમ એ શંકાભર્યું હતું!

ટ્રેઈન રસ્તે રાતે મોડી થઈ ગઈ હતી. સવારે આઠને બદલે સાડા નવે કે એમ પહોંચીએ એમ હતું. આઠ વાગ્યામાં જનાનો જાગી ગયો હતો, અને સાડા આઠે અરજી પેશ થઈ. સીઆલ્દાથી આગળના એક સ્ટેશને મુલાકાત ગોઠવાઈ, એટલે સામાન બિસ્તર બાંધી હું તો સજ્જ થઈ બેઠો અને સ્ટેશન આવતાં મને લઈ જવામાં આવ્યો.

માફી તો માગી, પણ સાથે જૂની ઓળખાણ તાજી કરી: 'આપને તે ક્યાંથી યાદ હોય, પણ આપણે સાથે રમેલાં, અને બાલપણના ભેરુને તો આપ અવશ્ય ક્ષમા આપશો,' એમ વચ્ચે થોડું ગુજરાતીમાં પણ ગોઠવી દીધું! વડોદરામાં પેલી રેલવેની બંગલીના બાગમાં રમતાં હતાં. જરા મહેનતે એમને અપ્પા સાહેબ યાદ આવ્યા; ને પછી તો કારખાનું અને એંજિન, અને બાલપણ બરાબર યાદ આવ્યું. થોડોક વખત વાત કરી એમણે મારું સરનામું લઈ લેવા મંત્રીને સૂચના કરી, અને અમે છૂટાં પડયાં.

નિર્મળાબહેન નવનીતને ઑફિસ પર ઉતારી જાતે લેવા સ્ટેશને આવ્યાં હતાં. અને અમે બાલીગંજ ગયાં.

કુચબિહારનાં એ રાણી, સર સયાજીરાવનાં દીકરી ત્યારે અનિયમિત હવાઈ સર્વિસમાં બીજે દિવસે લંડન જવાનાં હતાં. પણ કલકત્તામાં એક લૉર્ડનો નબીરો આવ્યો હતો અને એનો બાપ લંડનમાં મરવા પડયો હતો એટલે એ તાબડતોબ ઊડીને જવા માગતો હતો ને રાણીની રાહ જ જોઇ રહ્યો હતો. આ હકીકતની ખબર પડતાં દુવાગર મહારાણીએ તરત પોતાની બેઠક પેલા ભવિષ્યમાં લૉર્ડપદે બિરાજનારા દીકરાને એની જરૂરિયાત સમજી આપી દીધી, અને પોતે કલકત્તામાં જ રોકાઈ ગયાં.

બીજે દિવસે છાપામાં આ વાત આવી, અને બપોરે મને સાંજે ચા પીવા જવાના નિમંત્રણનો સંદેશો આવ્યો.

ગ્રાન્ડ હૉટેલમાં અમે કલાકેક વાતો તો ઘણી કરી, પણ એમણે બતાવેલી ઉદારતા અને મેં દાર્જિલિંગમાં દાખવેલી દાંડાઈ વારંવાર યાદ આવ્યા જ કરે, આવ્યા જ કરે. આ લેખમાળાની શરૂઆતમાં પહેલા હપતામાં પહેલી આવી ગઈ તે, અને આ અત્યારની, એમ બે જ મુલાકાતો વિધિના કાર્યક્રમમાં ગોઠવાઇ હતી.

આ પ્રકરણની શરૂઆતમાં (ગયા હપતામાં) આપણે નિર્મળાબહેન સાથે ઓળખાણ પાડી છે. તો આ પ્રકરણ પણ એની હકીકતથી જ પૂરું કરી લઈએ. સુમતિ ગુજરી ન ગઈ હોત તો જે લાગણીથી મને એ જાળવતી રહી હોત એવી એણે મારે માટે લાગણી બતાવી હતી. પાછો ફરી કલકત્તામાં થોડું રહ્યો, અને પછી મુંબાઈ જવા માટે ગગનભાઈ મહેતાનો સંગાથ મળ્યો ત્યારે જ એણે જવાની રજા આપી.

સશક્ત ને સારી બાંધણીના શરીરવાળી, હોશિયાર ને બહાલસોઈ એ બહેનને બે પુત્રો અવતરી પછી ટી. બી. થયો! એવા તંદુરસ્ત લાગતા શરીરમાં આવો જંતુ કેમ જીવી શક્યો હશે એ જ કોયડો હતો. પણ બાઇ હિંમતવાળી. એકલી મીરજ જઇને રહી; પછી સાલભર પંચગની રહી; ત્રણચાર વર્ષમાં તો રોગને ખંખેરી નાખ્યો. એની અખૂટ ધીરજ, ચીવટ, જાતદરકાર અને રોગને નાબૂદ કરવાનું મનોબળ, એ બધાંને લઈને એણે માંદગીની પથારી ઝાટકી કાઢી.

કલકત્તાના નિવાસ પછી દાયકાની આખરમાં એમને આ રોગ લાગુ પડેલો. એ મીરજ હતાં તે દરમિયાન હું એમની ખબર કાઢવા બેત્રણ દિવસ માટે મીરજ ગયો. નવનીત ચોકશી દર પખવાડિયે—નહિ તો કદીક અઠવાડિયે પણ નિયમિત જાય. હું જવાનો હતો એ જાણી એણે એક આંતરો આરામ લીધો.

એણે ત્યાં પોતાની સગવડ માટે ઉતારા તરીકે દૂર એક નાનો બંગલો રાખ્યો હતો. ત્યાં ઊતરી, પરવારી, હું વાનલેસ વાડીમાં નિર્મળાબહેનને મળવા ગયો. સવાર હતી ખુશનુમા ઠંડી હતી, હવા મુલાયમ હતી. મને જોતાં જ એમની આંખમાં આંસુ છલકાયાં. હું યે ગળગળો થઈ ગયો. પછી મૂંગામૂંગા બેસી, કશું પૂછયા કર્યા વિના જ હું ઉતારે ગયો. પણ ત્યાર પછી તો બહુ વાતો કરી. હું એટલે દૂર ત્યાં સુધી ખબર કાઢવા ગયો એમાં તો હું મારી ફરજ જ બજાવતો હતો, પણ નિર્મળાબહેનને મળવા તરતમાં નવનીત સિવાય બીજું કોઈ જ ત્યાં ગયું નહોતું, એટલે એની એકાએક આભારની લાગણીથી એમનું હૃદય ભરાઈ આવ્યું હતું.

ઘણા નક્કર સ્વભાવની બાઇ. એ એક જ વખત મેં એમની આંખમાં આંસુ જોયાં. બાકી તો ઘણી વાર હું જ એમની આગળ રડયો છું. મીરજથી સારાં થઈ વરસેક દિવસ એ પંચગની રહેવા ગયાં. ત્યાં પણ આઠેક દિવસ હું રહી આવ્યો.

કલકત્તાથી એમણે એમની મીઠી દેખભાળમાંથી ગગનભાઈના સંગાથમાં મને મુંબાઇ તરફ જવાની વિદાય આપી.

હવે, કદી ન મનાય એવી એક નાની વાત લખી આ પ્રકરણ બંધ કરીએ. ગગનવિહારી મહેતા* અને ચન્દ્રવદન મહેતા, બે દિવસ અને એક રાતની મુસાફરીમાં સાથે, એટલે વાતવિહારનું (અનુ. પૃ. ૬૪મે)

*આજે તેઓ અમેરિકા ખાતે હિંદના રાજદૂત (એલચી) છે.

સુભાષિત

आहारनिद्राभयमैथुनानि समानमेतत्पशुभिर्नराणाम् ।
एको विवेकोह्यधिको मनुष्ये तेनैव हीनः पशुभि समानः॥

(અનુવાદ)


અહાર નિદ્રા ભય મૈથુને તો
છે માનવી ને પશુ સામ્યવાળાં;
વિવેક છે માત્ર વિશેષ માનવે,
સમાન તેના વિણ ઢોર માણસો.

[વિવરણ: ગયા સુભાષિતમાં માણસને બગાડનાર ચાર વસ્તુઓમાં એક અવિવેકને ગણાવ્યો છે. આ શ્લોકમાં એ જ વાતના સમર્થનમાં વિવેકનો મહિમા ગાયો છે. આપણાં શાસ્ત્રો કહે છે કે વિશ્વમાં પરમેશ્વરે ભૂતમાત્રને સરજ્યાં છે, તેમાં પ્રાણી એટલે જીવવાળી વસ્તુઓ શ્રેષ્ઠ છે અને પ્રાણીમાત્રમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. પણ તે ક્યારે? જો માણસમાં વિવેક હોય તો જ. વિવેક એટલે સારું-ખોટું પારખવાની શક્તિ. વિવેક ન હોય તો માણસ ને ઢોરમાં કે જંતુમાં કાંઈ જ ફેર નથી. વિવેકનું મહત્ત્વ આપણા કવિઓએ પણ કથેલું છે. ગંગાવતરણનું દૃષ્ટાંત આપીને રાજર્ષિ ભર્તૃહરી કહે છે કે શુદ્ધ સ્વર્ગમાં રહેનારી પવિત્ર ગંગા નદી સ્વર્ગથી સરી પડીને શિવના શિર ઉપર પડી, ત્યાંથી પર્વત ઉપર પડી, ને પછી તેનું શરૂ થએલું પતન એને ઉતારતું ઉતારતું સમુદ્રમાં નાખી આવ્યું. આમ विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः (વિવેકભ્રષ્ટોનો જરૂર વિનિપાત શતમુખ) એટલે કે વિવેકહીન માણસની અનેકરીતે પડતી થાય છે. —ર. ભા.]

સાંચી

બૌદ્ધ કલાના પ્રાચીનતમ અને સુંદરતમ અવશેષ ધરાવતું સ્થાન

લેખક
ગોપાલદાસ શાહ
બી.એ., બી.કૉમ.



આપણા દેશનાં પ્રાચીન સંસ્કારધામો ને ધાર્મિક સ્થળો મોટે ભાગે કુદરતી સૌંદર્યથી ભરપૂર સ્થળોએ જ આવેલાં છે–કાં પર્વતશિખર ઉપર, કે કોઇ નદી-કિનારે યા ડુંગરોની હારમાળા વચ્ચે, જ્યાં કુદરતનું અનુપમ સૌંદર્ય સદા વેરાએલું રહે છે. અને એ સૌંદર્યનો પડઘો પાડતી શિલ્પ-સ્થાપત્યની મનોરમ કલાથી હૃદય ભરીભરીને તેમણે તેને શણગાર્યાં છે.

એવી ભક્તિભીની અને મનભર કલાથી અંકિત, બૌદ્ધ ધર્મના લગભગ બે હજાર વર્ષના જૂના સાંચીના પ્રખ્યાત સ્તૂપ અને કમાનો–તોરણો આજ સુધી ઘણી સારી હાલતમાં જળવાઈ રહ્યાં છે, એ વિષે ઘણાએ સાંભળ્યું હશે; પણ તેની ચોક્કસ માહિતી ઓછાને હશે.

જી. આઇ. પી. રેલવેની મુંબાઈ-દિલ્હીની મુખ્ય લાઈન ઉપર આવેલા ભોપાળ શહેરથી આશરે ત્રીસેક માઈલ દૂર સાંચી આવેલું છે. પાસે જ તેનું નાનું રેલવે સ્ટેશન પણ છે. જોકે સામાન્યરીતે મેઈલ ત્યાં ઊભા રહેતા નથી, એટલે ત્યાં જવું-આવવું જરા મુશ્કેલ પડે છે. પણ ત્યાંથી છએક માઈલ દૂર ભીલસા નામનું મોટું સ્ટેશન આવેલું છે ત્યાંથી સાંચી જવા-આવવાની સુગમતા પડે છે. (જુઓ નકશો)

સાતપુડાની હારમાળા દક્ષિણમાંથી શરૂ થઇ ભોપાળ સુધી લાંબી ફેલાએલી છે અને ભોપાળથી સાંચી સુધી તેની પૂછડી લંબાય છે. સાંચીની ટેકરી એ લગભગ એ હારમાળાનો છેલ્લો મણકો ગણી શકાય.

ભોપાળથી સવારના પંજાબ મેઇલમાં હું બેઠો. જુલાઈ મહિનો હોવાથી વાદળાં ઘેરાએલાં હતાં. વચ્ચે ક્વચિત ટપકતાં વરસાદનાં ફોરાં અને ચોતરફ ફેલાએલી લીલોતરીથી ગાડી બહારનું દૃશ્ય અનુપમ લાગતું હતું. જોતજોતાંમાં મેઈલ સાંચી નજીક આવી પહોંચ્યો અને બારીમાંથી ઝાડીઓ વચ્ચે સંતાઈ ડોકિયું કરતા એ પ્રખ્યાત સ્તૂપના ઘુમટનાં દર્શન થતાં જ તેની સમીપ જવાની ઇંતેજારી વધી ગઇ. પાંચ મિનિટમાં તો એ દૃશ્ય પાછું દૂર ઠેલાતું ચાલ્યું અને વહેલી સવારના પોણા આઠે મેઇલ ભીલસા સ્ટેશને ઊભો રહ્યો.

ભીલસા પણ જૂનું ને ઐતિહાસિક છે. ત્યાંથી ગાડી કરી એકબે ઓળખીતાને સાથે લઇ સાંચી તરફ હંકારાવ્યું. સામે દૂર દૂર ટેકરીઓ ને ચોમેર લીલોતરી હતી. આગળ જતાં વરસાદમાં મસ્ત બનેલી બેટવા નદીનો સોએક વર્ષ જૂનો પૂલ પસાર કર્યો. સડક સારી અને એવી તો સીધી હતી કે સામે પાંચ-છ માઇલ દૂર આવેલી સાંચીની ટેકરી ઉપરના સ્તૂપનો ઘુમ્મટ નજર સન્મુખ રહ્યા જ કરતો હતો.

જેના ઉપર એ પ્રખ્યાત અવશેષો આવેલા છે તે સાંચીની ટેકરી ૩૦૦ ફૂટ ઊંચી છે. તેની ટોચ પરનો ઉચ્ચ પ્રદેશ (plateau) સપાટ છે. એ સપાટ પ્રદેશની ઉત્તર–દક્ષિણ લંબાઇ ૧૨૦૦ ફૂટ છે અને પૂર્વ-પશ્ચિમ પહોળાઇ ૬૬૦ ફૂટ છે. આ ટેકરીના ઈશાન ખૂણે, ટેકરીની અધવચ્ચે તેના કટિપ્રદેશ ઉપર સાંચી ગામ વસેલું છે. હાલ તો માત્ર ત્યાં થોડાં ઝૂંપડાં જ જણાય છે.

ટેકરી પરના નવા બનાવેલા રસ્તા મારફતે, ચોતરફનાં અનુપમ કુદરતી દૃશ્યોનું અવલોકન કરતાં ઉપર જવાય છે. શરૂઆતમાં સ્તૂપની કમાનોનું જે દૃશ્ય દૂરથી નજરે પડે છે તે બહુ આકર્ષક જણાતું નથી. પણ તેની પાસે ગયા પછી તો મુગ્ધ થઇ જવાય છે.


ઇ. સ. પૂર્વેની થોડીક સદીઓમાં બૌદ્ધ ધર્મનો હિંદમાં અને હિંદ બહાર ખૂબ પ્રસાર થયો હતો અને સમ્રાટ અશોકના વખતમાં તો એ પ્રસારને સારામાં સારો વેગ મળ્યો. એ માટે ઠેરઠેર ચૈત્યો, વિહારો અને સ્મરણસ્તંભો ઊભા કરવામાં આવેલા. આજે પણ બિહાર, ઓરિસ્સા, મધ્યપ્રાંત, મધ્ય હિંદ, પેશાવર અને આપણે ત્યાં ખુદ સૌરાષ્ટ્રમાં પણ નાનામોટા બૌદ્ધકાલીન અવશેષો માલૂમ પડે છે.

હાલનું જે ભીલસા ગામ છે તે એ સમયે વિદિશા તરીકે ખૂબ જાણીતું હતું અને પશ્ચિમ માળવાનું પાટનગર હતું. માળવામાં ત્યારે બૌદ્ધોનો ખૂબ પ્રભાવ હતો અને ત્યાં એક સંઘ પણ સ્થપાયો હતો. એટલે પાસે જ આવેલી આ રમણીય ટેકરીઓ તરફ સ્વાભાવિકરીતે તેમનું ધ્યાન દોરાયું અને તેમણે ત્યાં વિહાર, સ્તૂપો વગેરે બાંધ્યા.

એમ માનવામાં આવે છે કે જે મુખ્ય સ્તૂપ છે તેની નીચે ભગવાન બુદ્ધના અવશેષો છે. તે બંધાયો હતો ત્યાર પછી સમ્રાટ અશોક એક વખત અહીં આવી ગયા હતા. આ જગ્યાની સુંદરતા જોઇ તે ખૂબ પ્રસન્ન થયા હશે, કેમકે ત્યાર પછી તેણે અહીં અનેક ચૈત્યો અને સ્તંભો ઊભા કર્યાં, જેના અવશેષો અને તેના વખતના લેખો આજે પણ મળી આવે છે. અશોકે પોતાના રાજ્યના દરેક મુખ્ય ગામમાં સ્તૂપો બંધાવી બુદ્ધના અવશેષો તેમાં રાખેલા. કહેવાય છે કે તેણે આવા આશરે કુલ ૮૪,૦૦૦ જેટલા સ્તૂપો ચણાવેલા.

મુખ્ય સ્તૂપ

ટેકરીની સપાટીના મધ્યભાગથી સહેજ પશ્ચિમ બાજુ અહીંનો સૌથી મોટો સ્તૂપ આવેલો છે. તેનો ઘુમ્મટ ૪૫ ફૂટ ઊંચો છે અને તેનો વ્યાસ ૧૦૫ ફૂટ છે. જમીન ઉપરથી જ તેની ગોળાઈ શરૂ થાય છે. તે તદ્દન નક્કર છે અને અંદર કંઈ જ પોલાણ નથી. ઘુમટની ટોચ ઉપર પથ્થરની એક નાની અગાસી છે, જેને છત્રી કહે છે. જમીનથી લગભગ દસેક ફૂટ ઊંચે એ ઘુમ્મટને ફરતું છજું બનાવ્યું છે, જે ઉપર પગથિયાંથી ચડીને ઘુમ્મટની ચોમેર ફરી શકાય છે. આ બધું સફેદ (પીળાશ પડતા) રેતિયા પથ્થરનું જ છે. સ્તૂપની તળેટીમાં, તેનાથી દસેક ફૂટ દૂર, ફરી પથ્થરની છએક ફૂટ ઊંચી એક વાડ બાંધેલી છે, જેની ચારે દિશાએ મબલખ કોતરણીવાળાં ચાર તોરણ છે. અહીંના સર્વ અવશેષોમાં આ તોરણો મુખ્ય આકર્ષણ બની રહે છે, કારણ ઊંચા પ્રકારની સર્વ કળાનો એમાં સમાવેશ થાય છે.



સાચીના ટેકરી ઉપરનો આ મુખ્ય સ્તૂપ ઇ. સ. પૂર્વે ત્રીજી સદીમા સમ્રાટ અશોકે મૂળ ઈંટમા બંધાવેલો. તેના પથ્થરનાં શિલ્પ, ચોમેરના બારાદરી ન તારણ એક સેકા મોડાં બંધાયાં છે: સ્તૂપ એટલે મથાળે સપાટ કરેલું અંડાકાર નક્કર બાંધકામ. ચોમેર પ્રદક્ષિણા માટેની નીચી અગાશીમાંથી જાણે ઊભો થતો હોય તેમ તે લાગે. તેની ચારે તરફ ઊભા થાંભલા(સ્તંભ)માં આડા ચોકા (સુચિ) ભરી દઇને પથ્થરની વાડ કરી છે, જે પહેલાં લાકડાની હતી. તેની ટોચ પર છત્રના દંડની આસપાસ રક્ષણ માટે બારાદરી બાંધી ઊભો કરેલો 'હર્મિક' છે. પહેલાં એ છત્ર એક રાખવામાં આવતું. ધીમેધીમે તેની સંખ્યા વધતી જઈને આગળ જતાં નેપાળ તથા ચીનના સ્તૂપનો લંબગોળ ઘાટ થયો. (જુઓ અંક ૩૪૬માં પૃ. ૩૯૫ ઉપર શિખરોની આકૃતિ નં. ૨) ત્યારપછી હિંદી સ્થાપત્યમાં તેણે શિખરનું રૂપ લીધું અને સ્તૂપે ઘુમ્મટનું. ℂ સાંચીની ટેકરીનું મૂળ નામ વેદિશાગિરિ. ત્યાં સ્તૂપો ને ચૈત્યો વધતા ગયાથી પાછળથી તે ચૈત્યગિરિ પણ કહેવાતું. સાતમી સદીમાં તે 'શ્રી પર્વત'ના નામથી જાણીતું હતું. ભવભૂતિના 'માલતી-માધવ' નાટકમાં શ્રીપર્વતનો ઉલ્લેખ આવે છે તે આ જ એમ મનાય છે. ત્યાં આવેલું આજનું ભીલસા તે અગાઉ વિદિશા નામથી પૂર્વ અવંતી (પૂર્વ માળવા)ની રાજધાની હતું. ભગવાન બુદ્ધના ચરિત્રકાર બુદ્ધઘોષે તેનો વેસનગર તરીકે ઉલ્લેખ કર્યો છે. આજે ત્યાં બેસનગર ગામ પણ છે. હિંદુઓના પ્રયાગની માફક તે આજે પણ ત્યાંના ત્રિવેણી સંગમ માટે પવિત્ર મનાય છે. તેની ઉત્તરે બેસ નદી છે અને દક્ષિણે બેટવા (પ્રાચીન વેત્રવતી) નદી છે. ત્રીજી ગંગાને અદૃશ્ય રીતે ભૂમિતલમાં વહેતી ગણવામાં આવે છે. બેસ અને બેટવા તેની ઉત્તર-દક્ષિણે એકાદ માઈલ સુધી સમાંતર ચાલ્યા પછી બેટવા એકાએક વળાંક લઇને અરધા માઈલ સુધી ઉત્તરે વહી બેસને મળે છે. આમ ત્રણ બાજુએ નદીઓથી વીંટાએલા બેસનગરની ચોથી બાજુએ, જમીનથી ત્રીસેક ફૂટ ઊંચી ભૂમિ ઉપર એક મજબૂત કિલ્લો ઊભો છે જેની તળેટીમાં ઊંડી ખાઇ છે. એ કિલ્લાની વાયવ્યે બેસનગર વસેલું છે. પુરાણોમાં જણાવ્યા પ્રમાણે તે રુક્માંગદ રાજાએ વસાવેલું. આજે તો એ નાનું સરખુ ગામ રહ્યું છે. ℂ સાંચીના સ્તૂપો તરીકે ઓળખાતા કુલ પાંચ સ્તૂપો ત્યાં છે. પહેલો મુખ્ય સાંચીનો ભીલસાથી ૫ાા માઈલ નૈઋત્યે; બીજો સોનારીનો સ્તૂપ-સાંચીથી ૬ માઈલ નૈઋત્યે; ત્રીજો શતરાનો સાંચીથી ૬ાા માઈલ પશ્ચિમે; ચોથો પીપળિયા (ભોજપુર)નો-સાંચીથી પૂર્વાગ્નિકોણે ૭ માઇલ અને ભીલસાથી દક્ષિણાગ્નિકોણે ૬ માઇલ; પાંચમો અંધેરનો ભોજપુરથી પૂર્વાગ્નિકોણે ૪ માઈલ ને ભીલસાથી પૂર્વાગ્નિકોણે ૯ માઇલ. આ મુખ્ય સ્તૂપની ઉત્તરે થોડે દૂર ચિત્રમાં એક નાનો સ્તૂપ જણાય છે. તેને પણ ફરતી પ્રદક્ષિણા માટેની અગાશી તથા કોતરણીવાળું એક તોરણ છે. આ બાજુ દક્ષિણ ભાગમાં બે મોટા ચૈત્યોના અવશેષો છે, જેમાંના એકના ઊંચા સ્તંભો કોઈ ગ્રીક મંદિરની નાની આવૃત્તિ જેવા જણાય છે, તે પશ્ચિમની અસર કહેવાય છે.

એ સિવાય બીજા સ્તૂપો તથા ખંડિયેરો ઉપરાંત, અહીં નાનામોટા કોતરણીવાળા અસંખ્ય અવશેષો સિક્કાઓ, મૂર્તિઓ, શિલાલેખો, પાત્રો, માટી અને લોખંડનાં સાધનો વગેરે એકત્રિત કરી તેનું ખાસ સંગ્રહસ્થાન બનાવેલું છે. આ વ્યવસ્થાનું સઘળું માન હિંદ સરકારના પુરાતત્ત્વ ખાતાના વડા સર જૉન માર્શલને ફાળે જાય છે. તેણે તેનો ઈતિહાસ તથા કળાની ઝીણવટ વગેરેનો અભ્યાસ કરી ત્રણ મહાગ્રંથો તે પર લખ્યા છે પોતાના ધર્મ અને સંસ્કારથી જુદા જ પ્રકારના અવશેષો, તેનો ઈતિહાસ વગેરેનો આવો ખંતપૂર્વક અભ્યાસ કરનાર અને તેને જાળવી રાખવા પ્રયત્ન કરનાર એ અંગ્રેજ તરફ આપણને માન કેમ ન ઉપજે? આપણે લોકો તો કેવળ આપણા અંગત સ્વાર્થમાં પરોવાઈ રહી પ્રમાદમાં તેમજ આંતરિક કલહોમાં રાષ્ટ્રહિતની અવગણના કરી આપણી જાતે જ પાયમાલ થયા છી એ એમ આવી નાની વસ્તુઓ પુરવાર નથી કરતી? અત્યાર સુધી કોઈ હિંદીને એને માટે કંઈ પગલાં લેવાનું કેમ નહિ સૂઝ્યું હોય? આપણો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ જોતાં જણાય છે કે આપણે સામુદાયિક હિતને સ્પર્શતી વસ્તુઓની બહુ ઓછી પરવા રાખી છે.

સાંચીની કલા

સાંચીના સ્તૂપો, ચૈત્યો તથા વિહારો એક જ કાળે બંધાએલા નથી, પરંતુ બૌદ્ધ ધર્મની ચડતી સાથે તેમાં ક્રમેરો યતો ગયો છે.

અશોક મૌર્યે હિંદભરમાં જે હજારો વિહારો, સ્તૂપો તેમજ સ્તંભો ઊભા કરાવ્યા, તે સમયે શિલ્પકલા પ્રાથમિક અવસ્થામાં હતી. તેમાં સાદાઈ ને પ્રકૃતિજન્યતા હતી. અશોક પછી સુંગ રાજાઓના વખતમાં સાંચીની કલાને ઘણો વેગ મળ્યો, ને ત્યાં જે કેટલીક અગત્યની ઇમારતો બંધાઈ તે સુંગ વંશના અમલ દરમ્યાન જ બંધાએલી છે. બીજો અને ત્રીજો સ્તૂપ તથા મુખ્ય સ્તૂપને ફરતી નીચેની પથ્થરની પરસાળ આ વખતે બંધાએલાં છે. તે ઉપરાંત મુખ્ય સ્તૂપનો ઘુમ્મટ જે અગાઉ ઈંટોનો બંધાએલો હતો તે આ વખતમાં જ પથ્થરનો બનાવવામાં આવેલો હોવાનું મનાય છે. તેમ કરવામાં તેનો ઘેરાવો પણ વધારાયો હતો. આ વખતની કોતરણી પણ ઘણી સારી છે અને તેમાં બારીક સુશોભનો વધ્યાં છે.

ત્યાર પછી આંધ્ર વંશના અમલ દરમ્યાન હિંદી કલા ખૂબ આગળ વધી. સ્તૂપની આજુબાજુનાં ચાર તોરણો અને ત્રીજા સ્તૂપનો એકનો એક દરવાજો આ સમયમાં ઊભાં કરાયાં. તોરણોની કલા તો ઘણા ઊંચા સ્વરૂપમાં શક્તિશાળી કલાકારોને હાથે થએલી જણાય છે. પ્રતિમાઓના અંગભંગ વધારે સુંદર જણાય છે અને હાવભાવ આકર્ષક તથા જીવંત દર્શાવાયા છે. આ વખતની કલામાં પશ્ચિમ એશિયાની કલાની કંઈક અસર જણાય છે. પરંતુ આ વખતના કલાકારો બહુ ચપળ અને સર્વગ્રાહી હતા. પરદેશી અસરને તે ખૂબીથી પચાવી લેતા હતા. વળી જે કલાને તેઓ સર્જતા હતા તે રાષ્ટ્રીય કલા હતી અને તેમાં આમ જનતાની ઊર્મિઓને તેઓ ઉતારતા હતા.

ગુપ્તોના આવવા સાથે, વિકાસ પામતી બૌદ્ધ કલા એક નવા જ તબક્કામાં પ્રવેશે છે. હિંદના સમગ્ર ઇતિહાસમાં ગુપ્ત વંશનો અમલ એ સુવર્ણયુગ ગણાય છે. એ સમયે કલા અને સંસ્કૃતિ શિખરે વિરાજતાં હતાં. પશ્ચિમના દેશો સાથે વધુમાં વધુ સંપર્ક આ વખતે જ સધાયો હતો. રાજકીય, ધાર્મિક, સાહિત્યિક અને કલાવિષયક વિવિધ ક્ષેત્રોમાં એકધારો અને ઝડપી વિકાસ આ સમયમાં થયો હતો. મહાન કવિ કાલિદાસ પણ આ જ યુગમાં થયા. પશ્ચિમમાં જેને renaissance કહે છે તેવી નવનિર્માણની સર્વોદયી પ્રગતિ આ યુગે સાધી. કલાવિદો તેને ૮૦૦ વર્ષ પહેલાંના ગ્રીક સુવર્ણસમય અને હજાર વર્ષ પછીના રોમન શ્રેષ્ઠ યુગ સાથે સરખાવે છે. આ વખતનાં કલાવિધાનમાં હેતુ તથા તર્કને વધુ વેગ મળ્યો. કલા વધુ ઘાટીલી પણ સાથે સંકુલ થવા લાગી. સાદાઈ અને સુંદરતાનું પ્રમાણ કંઇક ઘટ્યું ખરું, પણ તે સાથે વિચાર ને હૃદયની લાગણીઓને હૂબહૂ ઉતારવાની શક્તિ ખીલી. આ કાળની મૂર્તિઓમાં જે ચિરશાંતિ, સૌંદર્ય અને ભવ્યતા આલેખાયાં છે તે એટલાં અદ્‌ભુત છે કે દુનિયાની કલામાં તે અગત્યનું સ્થાન ધરાવે છે. આ પ્રગતિ ગુપ્ત વંશ પછી પણ ઠેઠ સાતમી સદી સુધી અવિરત ગતિએ વિકાસ પામતી રહી હતી.

તે પછી મધ્ય યુગમાં સ્થાપત્યોની ભવ્યતામાં વધારો થયો, પરંતુ ગુપ્તકલામાં જે આધ્યાત્મિક સૌંદર્ય હતું તે મરી ગયું ને તેને બદલે અલંકારને મહત્ત્વ અપાયું. આથી દેખાવમાં સુંદર લાગતી



સાંચી પછી સ્તૂપની આકૃતિમાં ઉત્તરોત્તર ફેરફાર થતા ગયા તેની ચરમ સીમા જલાલાબાદ પાસેના આ 'અહિન પોશ'ના સ્તૂપમાં જોવા મળે છે. તેમાં ઘુમ્મટ લંબાયો છે, ચોમેરની પ્રદક્ષિણાની અગાશી એકને બદલે બે થઈ છે, અને તેમાં ચડવા માટે ચારે બાજુ પગથિયાંવાળી ચાર સીડીઓ મૂકેલી છે. આ રચના જાવાના બોરોબુદરના મંદિરમાં અપનાવી છે. આ સ્તૂપની આકૃતિ બ્રહ્મદેશમાં વધારે સાંકડી થતી જઇને ત્યાંના પેગોડાનાં શિખર શંકુ આકારનાં અણિયાળાં બની ગયાં ને છત્ર અદૃશ્ય થઇ ગયાં.

હોવા છતાં એ કાળની મૂર્તિઓ જાણે જીવ વગરની અને ફિક્કી લાગે છે.

મધ્ય યુગમાં માળવાની ગાદીએ આવનાર રાજા મુંજ તથા તેના પ્રખ્યાત ભત્રીજા ભોજની કલાપ્રિયતા, વિદ્વત્તા, સાહિત્યપ્રિયતા ને સંસ્કારિતાને લીધે 'ભોજનું માળવા' હિંદને ખૂણેખૂણે ખ્યાતિ પામ્યું. હાલનું ભોપાળ તે વખતે ભોજપુર તરીકે પ્રખ્યાત હતું. પણ ઈ. ૧૦૫૩માં ભોજનું મૃત્યુ થતાં પરમાર વંશની પડતી થઈ.

માળવાની સ્વતંત્રતા નષ્ટ થયા બાદ સાંચી લગભગ પાંચેક સદીઓ સુધી એટલું તો અંધારામાં રહ્યું કે ઝનૂની મુસલમાનોના ધ્વંસમાંથી પણ તે બચી જવા પામ્યું. પશ્ચિમ માળવાની રાજધાની વિદિશા જે ભૈલસ્વામિન નામના એક સચિવના નામ ઉપરથી પાછળથી ભીલસા તરીકે ઓળખાયું તેને મુસ્લિમ આક્રમકોએ ત્રણ વખત લૂટ્યું, અને ચોથી વખતે ઔરંગઝેબે પણ લૂટવામાં તથા તેનાં મંદિરોનો નાશ કરવામાં કંઇ બાકી ન રાખ્યું. આમ છતાં ત્યાંથી ફક્ત છ જ માઇલ દૂર આવેલું સાંચી બચી જવા પામ્યું એ ખરેખર વિસ્મયજનક છે.

ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં જનરલ ટેઇલરે જ્યારે પહેલવહેલું સાંચી જોયું ત્યારે સ્તૂપની આજુબાજુનાં ચાર તોરણો પૈકી ત્રણ તો અખંડ ઊભાં હતાં. દક્ષિણ તરફનું ચોથું તોરણ પણ ત્યાં જ ઢળીને પડેલું હતું. સંસ્કારી અંગ્રેજ મુસાફરોથી આ સુંદર અને અપૂર્વ કલાસામગ્રી વણપ્રીછી ન રહી અને સાંચીની અપૂર્વતા જગત સમક્ષ ફરીવાર બહાર આવી.

૧૮૨૨માં સ્તૂપના ઘુમ્મટ નીચે અમૂલ્ય ખજાનો દટાએલો હોવાની માન્યતાથી જૉન્સન નામના ભોપાળના એક અંગ્રેજ અમલદારે ઘુમ્મટની વચ્ચે ફાટ પાડી તેને ખોદાવ્યો, જેને લીધે સ્તૂપને ઘણું નુકસાન થયું. બીજા અને ત્રીજા સ્તૂપો તે વખતે અસ્તિત્વમાં હતા તેનો પણ આ સજ્જને જ નાશ કર્યો હોવાનું મનાય છે.

ઈ.સ ૧૮૮૧માં મેજર કોલ નામના અમલદારે મહેનત કરીને આ સ્થાપત્યોને મધ્યસ્થ સત્તા હેઠળ લાવી સુરક્ષિત બનાવ્યા અને તે પછી આ કીમતી ઈમારતોને સુવ્યવસ્થિત કરવાના પ્રયત્નો શરૂ થયા. પણ તેને વ્યવસ્થિત કરી તેમાં પ્રાણ પૂરવાનો યશ તો હિંદના પુરાતત્ત્વ સંશોધન ખાતાના અધ્યક્ષ સર જૉન માર્શલને જાય છે. તેણે તેનો આમૂલ અભ્યાસ કરીને ત્રણ મૂલ્યવાન ગ્રંથો રચ્યા.

સાંચીની કલામાં જુદાજુદા યુગોની વિવિધ લઢણો હોવા છતાં એક પછી એક ખીલતી જતી શૈલીઓનો ને તેમાં યુગયુગની ઊર્મિઓ, ભાવો અને જીવનપ્રણાલિઓનો એક સમરસ સમન્વય ત્યાં સધાયો છે. ફાઉચર આલ્ફ્રેડ નામનો એક ફ્રેંચ કલાવિવેચક સાંચીની સમગ્ર કલાને વર્ણવતાં લખે છે કે 'સાંચીની આ કલા હિંદની પ્રાચીન સંસ્કૃતિની ચિત્રમય રજૂઆત દ્વારા જાણે તે વખતની આખી સંસ્કૃતિનો સચોટ ખ્યાલ આપે છે. પ્રાચીન હિંદની શિલ્પ-કલાનાં દરેક પ્રકારનાં દૃષ્ટાંતો એમાં નજરે પડે છે. હથિયારો, વિવિધ ઉપકરણો, ફૂલો, પ્રાણીઓ, પક્ષીઓ, વૃક્ષો, સંગીતવાદ્યો, રથો, ઘોડાનાં જીન, હાથીના હોદ્દા, વિવિધ પ્રકારનાં વસ્ત્રો વગેરેને કલાકારો અહીં છુટે હાથે રજૂ કરવા સાથે તેમાં ભવિષ્યના ઇતિહાસકારો માટે ઝીણવટભરી વિગતો અને સામગ્રીનો અમૂલ્ય ખજાનો મૂકી ગયા છે.' ઉપરાંત તે સમયનો આબેહૂબ ખ્યાલ આપે તેવાં જીવંત ભાસ્કર્યો પણ તેમાં ઓછાં નથી. રાજદરબારનાં દૃશ્યો તથા નગરો ને ગામોના વાસોનો આ કલા આબેહૂબ ચિતાર આપે છે. યજ્ઞ કરતા બ્રાહ્મણો, ગૃહની સજાવટ કરતી અને વિવિધ ગૃહસેવા કરતી લલનાઓ, રાજમહાલયમાં સુખાસને બેઠેલા રાજાઓ, રાજધાનીના ભવ્ય માર્ગો ઉપરથી પૂર્ણ ભભકાથી પસાર થતી સવારીઓ અને તે જોતાં આતુર હજારો નયનો ઇત્યાદિ અનેક સામાજિક પ્રસંગો ઉપરાંત વિવિધ પ્રકારની પૂજાનાં દૃશ્યો ને જુદાજુદા પ્રકારની ધાર્મિક માન્યતાઓને પણ અહીંના શિલ્પમાં જે દેહ અપાયો છે તે આંખમાં વસી જાય છે.

મુખ્ય સ્તૂપની ચાર બાજુનાં ચાર તોરણો ઉપર તેનાં બન્ને પડખામાં જે જુદાંજુદાં અનેક દૃશ્યો અને પ્રસંગો કોતરેલાં છે, એ બધાંનું મધ્યબિંદુ બને છે ભગવાન બુદ્ધના જીવનની અનેક ગાથાઓ. તેને ચાર ભાગમાં વહેંચી શકાય: (૧) બુદ્ધનો જન્મ (૨) 'સંબોધી' (જ્ઞાનનો સંચાર) (૩) 'ધર્મ ચક્ર પ્રવર્તન' અને (૪) 'મહા-પરિનિર્વાણ'.

ચાર દિશાએ કરેલું ચાર યક્ષોનું સંયોજન પણ ખાસ ધ્યાન દોરે છે. (ચાર દિશાના ચાર રાજા—લોકપાલ-ના રક્ષકો તરીકે આ યક્ષોને મૂકવામાં આવ્યા જણાય છે.) ઉત્તરે ધનભંડારી 'કુબેર', દક્ષિણે 'વિરુદ્ધક', પશ્ચિમે નાગલોકોનો નાયક 'વિરૂપાક્ષ' અને પૂર્વે ગાંધર્વોનો નાયક 'ધૃતરાષ્ટ્ર'. આ સિવાય બીજાં અનેક સ્થળે પણ યક્ષો અને યક્ષિણીઓનું આલેખન ગૌણ સ્વરૂપે જોવામાં આવે છે.

મુખ્ય સ્તૂપની ઉત્તરે થોડે દૂર બીજો નાનો સ્તૂપ છે. ત્યાં તેને ફરતી પણ એક અગાસી તથા કોતરણીવાળું એક તોરણ છે.

દક્ષિણ ભાગમાં બે મોટા ચૈત્યોના અવશેષો છે, જેમાંના એકના મોટા પથ્થરના ઊંચા સ્તંભો દૂરથી કોઈ ગ્રીક મંદિરની નાની આવૃત્તિ જેવા જણાય છે. ટેકરીની પૂર્વ બાજુ બુદ્ધનું એક ભગ્ન મંદિર છે, જેની ખંડિત મૂર્તિ હજુ ત્યાં કાયમ છે. એ મંદિર જ્યારે સારી હાલતમાં હશે ત્યારે ભવ્ય હશે એવું આજે પણ કલ્પી શકાય છે.

બધા અવશેષોનું આમ અવલોકન કરી પાછા મુખ્ય સ્તૂપ પાસે આવતાં ભગ્ન અવશેષોની અસરથી કંઇક ગ્લાનિ થઈ આવેલી, પણ તે થોડો જ વખત રહી; કારણ કે ચાર તોરણો અને તે ઉપરનું અતિ ઊંચા પ્રકારનું શિલ્પ જોઈ મન પ્રફુલ્લી ઊઠ્યું. કોઈ પણ પ્રવાસીનું હૃદય એ જોતાં આનંદ સાથે આ દેશના પ્રાચીન ગૌરવની લાગણીથી ઉભરાઈ જાય એવું અસરકારક એ કામ છે.

એ તોરણોની રચના તદ્દન સરળ અને વિશિષ્ટ પ્રકારની છે, પણ તેનો એકેએક પથ્થર તસુએ તસુમાં કોતરાએલો છે. તેમાં ભગવાન બુદ્ધના પૂર્વજન્મની જાતકકથાઓ, હાથી, સિંહ, ગાય, ઊંટ અને એવાં અનેક પ્રાણીઓ, ફૂલવેલો અને વૃક્ષો, યુદ્ધનાં દૃશ્યો, પ્રેમપ્રસંગો, યક્ષો-યક્ષિણીઓ, અશોકની રાજસવારી આદિ વર્ણનાતીત વિષયોનું અદ્ભુત આલેખન ખીચોખીચ ભરેલું છે.

સાંચીની વિવિધ કૃતિઓમાં જે એક ખાસ આગળપડતું તત્ત્વ જણાઈ આવે છે તે છે પક્ષીઓ અને પ્રાણીઓનું આલેખન. ઘોડા, આખલા, બકરા, ઊંટ, હાથી, સિંહ અને પાંખોવાળા સિંહ આમાં મુખ્ય છે. કેટલેક ઠેકાણે તે એકલા અથવા સમૂહમાં દર્શાવાયાં છે, તો ક્યાંક વળી તેની ખૂબીભરી રજૂઆત પણ કરી છે. કમાનોના છેડાના વળાંક માટે તેમણે મોર અને હાથીનો કલાયુક્ત ઉપયોગ કર્યો છે. સમ્રાટ અશોકના અને મૌર્યવંશના પ્રતીક (રાજચિહ્ન) મોરનો તો અનેક ઠેકાણે અને અનેક રીતે ઉપયોગ થએલો છે.

આવી જ બીજી વિશિષ્ટ વિપુલતા અહીં ફૂલોની છે. હિંદી કલાકારોએ પોતાના કલાવિધાનમાં અનેકવિધ વનસ્પતિઓ અને વૃક્ષોને કલ્પનાસભર રીતે ગૂંથીને હૃદયંગમ અસર ઉપજાવી છે. પરંતુ સાંચીમાં તેને જે મરોડ અને અનુપમતા અપાઇ છે તે તો અજોડ છે. તેમાં યે કમળના ફૂલ (પદ્મ)નું આલેખન અનોખું તરી આવે છે, કારણ કે આખા યે હિંદુ અને બૌદ્ધ ધર્મમાં આ ફૂલને પવિત્ર ગણ્યું છે.

સાંચીની કમાનોમાં બુદ્ધ ભગવાનનું તો અનેક ઠેકાણે વિવિધ પ્રકારનું આલેખન થયું છે; પરંતુ તેમાં દક્ષિણ તરફની કમાન આગળ

આંવેલી બુદ્ધની મૂર્તિ સૌથી શ્રેષ્ઠ છે. તેની આજુબાજુના રક્ષકોનું આલેખન પણ રસમય અને મુગ્ધ કરે તેવું છે. શક્ય છે કે દક્ષિણનો દરવાજો મુખ્ય પ્રવેશદ્વાર હોઇ ત્યાં આગળની બુદ્ધની મૂર્તિનું આલેખન સૌથી શ્રેષ્ઠ શિલ્પીઓએ કર્યું હોય. સર જૉન માર્શલ લખે છે કે એની શૈલી અને એનું કલાવિધાન સાંચીથી ચાર માઇલ દૂર આવેલી ઉદયગિરિની ગુફાઓમાંના મૂર્તિવિધાનનો ખયાલ આપે છે.

મુખ્ય સ્તૂપની સહેજ ઉત્તરે એક બીજો નાનો સ્તૂપ તદ્દન સારી સ્થિતિમાં છે. તેની દક્ષિણે ફક્ત એક તોરણ છે. એમાં અધિક વિશીષ્ટતા તો નથી, પરંતુ બુદ્ધના બે પટ્ટ શિષ્યો સારીપુત્ત અને મહામોગ્ગલ્લાનના અસ્થિ તેમાં દાટેલા હતા, જે કનિંગહામે શોધેલાં. (એ બંને શિષ્યોની કથા આવતા અંકમાં આવશે.)

મુખ્ય સ્તૂપથી થોડે દૂર એક બીજો તદ્દન નાનો સ્તૂપ છે જે જીર્ણ દશામાં છે. હાલ તેમાં બુદ્ધની એક મૂર્તિ છે.

સાંચીના સઘળા અવશેષોમાં અશોકસ્તંભ ખાસ ધ્યાન ખેંચે છે. તે પૂર્ણતયા કલામય છે એટલું જ નહિ પરંતુ તેના ઉપર એક લેખ છે જે તેની પાસે જ ઊભેલા મુખ્ય સ્તૂપના કાળ વિષે ઘણું કહી જાય છે.


આ સ્તંભ આજે ભાંગેલી હાલતમાં છે. તેનું નીચેનું મૂળ હાલ પણ લગભગ પાંચથી છ ફૂટ જેટલું મૂળ સ્થિતિમાં દટાએલું પડ્યું છે. બાકીના ભાગના મોટા મોટા બેત્રણ ટુકડા થઈ પાસે જ પડેલા છે. સ્તંભની ટોચ ઉપરના ચાર સિંહના શિખરને ત્યાંના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલું છે. કહેવાય છે કે વરસો પહેલાં ત્યાંના જ એક જમીનદારે શેરડીના પીલુ તરીકે તેનો ઉપયોગ કરવા એ સ્તંભને તોડ્યો હતો! આ સ્તંભ જ્યારે આખો અનાગત સ્થિતિમાં હતો ત્યારે ૪૨ ફૂટ ઉંચો હતો. તેની ઉપરના ચાર સિંહોની આકૃતિ સારનાથના સ્તંભ પરની સિંહાકૃતિ (જેને આપણે સ્વતંત્ર હિંદના રાષ્ટ્રપ્રતીક તરીકે સ્વીકાર્યું છે તે)ને મળતી આવે છે. મુખ્ય ફેર એ છે કે આ સ્તંભના સિંહની નીચે પેલાના જેવું ધર્મચક્ર (જે હાલના આપણા રાષ્ટ્રધ્વજના વચ્ચે ચિહ્ન તરીકે અપનાવેલું છે તે) નથી.

આ અશોકસ્તંભ ઉપરના સિંહોનું આલેખન સાંચીના બીજા બધાં પ્રાણીઓના આલેખન કરતાં જુદું પડી જાય છે. સિંહના મજબૂત સ્નાયુઓ, આગળપડતી નસો, મજબૂત જડબાં અને વ્યવસ્થિત ગોળાકારમાં કોરેલી સુંદર કેશવાળી–એ દક્ષિણ તરફના તોરણ ઉપર આલેખાએલા બીજા સિંહો કરતાં વધુ આબેહૂબ છે. આનું કારણ એ કહી






સાંચીની કલાનો નમૂનો દાખવતા પૂર્વ દિશાના તોરણમાંના આ ત્રણ નાના શિલ્પખંડમાં જમણી બાજુ મથાળે બુદ્ધ-જન્મનું પ્રતીકાત્મક આલેખન છે, જેમાં કળશમાંથી નીકળેલા કમલના આસન પર બેઠેલાં બુદ્ધનાં માતા માયાદેવી ઉપર બે હાથીઓ (નાગલોક) સૂંઢમાં પકડેલા કળશમાંથી અભિષેક કરે છે. તેની નીચે બે પાંખાળા સિંહની વચ્ચે પંજા તથા ડોકું બહાર કાઢી બેઠેલા ત્રીજા સિંહનું સુશોભન છે, અને ડાબી બાજુએ આમ્રવૃક્ષના થડને સૂંઢ વીંટાળીને ઉખેડવા મથતા મસ્ત હાથીનું (હાથણી તથા બચ્ચા સાથેનું) શિલ્પ છે. ત્રણે શિલ્પનાં સંયોજન તસુએ તસુ જગ્યાનો સમુચિત ઉપયોગ કરીને કેટલાં પ્રમાણબદ્ધ યોજ્યાં છે! હાથીઓની આકૃતિ કેટલી હૂબહૂ છે. સિંહમાં ઈરાની અસર જણાય છે.




સાંચીના મુખ્ય સ્તૂપનું ઉત્તર દિશાનું તોરણ

સાંચીનાં શિલ્પોમાં સૌથી અદ્ભુત અને આકર્ષક ત્યાંનાં તોરણો છે. સ્તૂપની ચોમેર દસેક ફૂટ દૂર, ઊભા સ્તંભમાં આડા સુચિ ભરીને જે બારાદરી (વાડ) કરી છે તેમાં ચાર દિશાએ ચાર દરવાજા તરીકે કમાનોના રૂપમાં એ ઊભા કરેલા છે અને તેના સ્તંભો તથા સિરદલોની બધી બાજુઓનો ખૂણેખૂણો ને ઇંચેઇંચ જગ્યા કોતરણીથી ખીચોખીચ ભરેલી છે. એ ચારે પૈકી ઉત્તર દિશાનું તોરણ જે ઓછામાં ઓછું ખંડિત છે તેનું રેખાંકન સર જૉન માર્શલના બહુમૂલ્ય ગ્રંથમાંથી (મૂળ કરતાં પોણા બે ગણું મોટું કરીને) અહીં બતાવ્યું છે. છતાં મૂળમાં શિલ્પની ગોળાઇને લીધે ઊર્મિનો જે આવેગ અનુભવી શકાય છે તેનો ખયાલ આના ઉપરથી આવી શકે નહિ. આજથી બે હજાર કરતાં પણ વધુ વર્ષ પહેલાં કારીગરો માત્ર લાકડા અને હાથીદાંતમાં કોતરકામ કરતા. તેમણે સૌ પહેલું પથ્થરમાં શિલ્પ કરવા માંડ્યું તે કાળની આ કૃતિ હોવાનું તજ્જ્ઞો માને છે. ચારે તોરણોમાં બુદ્ધના પૂર્વજન્મની જાતકકથાઓ અને બુદ્ધજીવનના પ્રસંગો ઉપરાંત, સામાજિક જીવનનાં દૃશ્યો, યક્ષો, કિન્નરો, કિસમકિસમનાં પક્ષીઓ, વૃક્ષવેલોનાં સુશોભનો, આદિ મબલખપણે કોતર્યાં છે.

આ તોરણના મથાળે વચમાં હાથીઓ પર ટેકવેલું ધર્મચક્ર, તેની બે બાજુએ બે યક્ષો, તે પછી એકએક 'ત્રિરત્ન'નું સુશોભન, અને બંને છેડે પાંખાળા સિંહ બેસાડેલા છે. મથાળાનાં બે સિરદલ (લિન્ટલ) ઉપર સાત 'માનુષી-બુદ્ધ'નાં આલેખન છે ને નીચલા ત્રીજા સિરદલ ઉપર બુદ્ધના પૂર્વજન્મની 'ઋષ્યશૃંગ જાતક' નામની કથા કોતરેલી છે. એ સિરદલોની વચ્ચેના બે તરફના ચાર ચોખંડામાં એક તરફ ઉપરનીએ 'બુદ્ધ-જન્મ'નું આલેખન છે (જેનું એક મોટું સ્પષ્ટ ચિત્ર આગળના પાના ઉપર આપ્યું છે); અને બીજી બાજુ પ્રથમ પ્રવચનનું આલેખન છે. બંને થાંભલાઓ ઉપર શ્રાવસ્તી ને કપિલવસ્તુમાં બનેલા બુદ્ધ જીવન-પ્રસંગોનું પ્રતીકાત્મક ચિત્રણ છે. આ ચિત્રનો ઉદ્દેશ તો માત્ર મૂળની ભવ્યતા અને ચિત્રમયતાનો ખયાલ આપવાનો જ છે. એમાં વિગતો કશી આવવી શક્ય નથી. એનો કંઈક ખયાલ તો આગલા પાના પર પૂર્વદિશાના તોરણમાંના ત્રણ શિલ્પખંડ આપ્યા છે તે પરથી આવશે.







શકાય કે એનું શિલ્પવિધાન ઈરાની-ગ્રીક કલામાં પ્રવીણ એવા કલાકારો મારફતે થએલું છે. પાશ્ચાત્ય કલાની અસર તો એમાં સ્પષ્ટ છે.

આ સ્તંભ માટે જે પથ્થર વાપરવામાં આવ્યો છે તે ઉત્તર પ્રદેશમાંથી ઘણે દૂરથી ગંગા-જમનાના તટ પાસેના ચુનાર ગામેથી લાવવામાં આવેલો હોવાનું મનાય છે. પ્રાચીન સમયનું આ એક અદ્‌ભુત કાર્ય ગણાય. લગભગ ૨૦૦ મણ કરતાં વધુ વજનનો, ૫૦ ફૂટ લાંબો એક જ પથ્થર એટલે દૂરથી આણી આટલે ઊંચે કેવી રીતે ચડાવી શક્યા હશે એની કલ્પના કરીએ છીએ ત્યારે તે વખતની ઈજનેરી કુશળતા અને તેમની બુદ્ધિ માટે પ્રશંસાના ઉદ્‌ગાર નીકળી જાય છે.

સાંચીનાં મુખ્ય ખંડેરોથી થોડે દૂર ટેકરીના સહેજ નીચાણના ભાગમાં બીજો એક સ્તૂપ આવેલો છે. આને પણ ઇ. ૧૮૨૨માં જ્હૉન્સને ખોદીને બગાડેલો. ઈ. ૧૮૫૧માં કનિંગહામે વધારે ખોદીને તેનો પૂરો નાશ કર્યો, પરંતુ આમ કરવામાં તેને મૂળ અસ્થિ મળી આવ્યાં. સફેદ કાંકરેટી પથ્થરની ૧૧ ઈંચ લાંબી, ૯½ ઇંચ પહોળી અને તેટલા જ ઈંચ ઉંચાઇવાળી એક પેટી તેમાંથી તેને મળી આવેલી જેમાં એક જાતના પોચા પથ્થર(steatite)ના ચાર ડાબડાઓમાં થોડાંક અસ્થિ હતાં. પેટીની એક બાજુએ પ્રાચીન બ્રાહ્મી લિપિમાં નીચે મુજબનું લખાણ હતું : 'અરહાત, કાસપગોટા અને વાછી સુવિજયતાથી માંડી બધા શિક્ષકોનાં (અસ્થિ) છે.'

બીજા ડાબડા ઉપર પણ થોડું લખાણ છે જેનો મર્મ એ છે કે અંદર જે અસ્થિ છે તે વિવિધ બૌદ્ધ ગુરુઓ અને સાધુઓનાં છે, જેમણે સમ્રાટ અશોકના વખતમાં ભરાએલા દરબારમાં ભાગ લીધો હતો. તે ઉપરાંત બીજા કેટલાક સાધુઓનાં જે નામો આપેલાં છે તે આ પ્રમાણે છે: 'કાશપગોટા (કશ્યપ ગોત્ર); આખા હિમાવતા (હિમાચળ તરફ મોકલેલા પ્રચારવૃંદ)ના ગુરુ મજહીમા (મધ્યમા); હરિતીપુત્ત(પુત્ર)વાછી સુવિજયતા, મહાવનય, આપગીરા, કોડિનીપુત્ત (કુંદિનીપુત્ર), કૌશિકપુત્ત, ગોમતીપુત્ત, મોગાલીપુત્ત.'

ભીલસા નજીક પાછા આવી પહોંચતાં ત્યાંના બીજા અવશેષો તરફ ગાડી ફેરવી અને ખાંબબાવાના સ્તંભ નામથી ઓળખાતા એક ગ્રીક સ્તંભ નજીક આવ્યા. બૌદ્ધ ધર્મની બોલબાલાના એ સમયમાં ઇ. સ. પૂર્વેની શરૂઆતની બેત્રણ સદીઓમાં હિંદી-ગ્રીક સંપર્ક વધુ થયો હતો તેની કેટલીક સાબિતીઓ આજે મળે છે. ઈ. સ. પૂર્વે ૨૫૦ના સમયમાં હીલોડોઈટિસ નામનો એક ગ્રીક સાધુ હિંદમાં આવેલો તેનો ઉલ્લેખ આ હીલોડોઇટિસ સ્તંભ ઉપર છે.

બીજી એક બાજુ ઉદયગિરિ નામની હિંદુ ધર્મની પુરાણી ગુફાઓ છે. તેમાં આવેલી વિષ્ણુના વરાહ-અવતારની પ્રચંડ મૂર્તિ જેવી મૂર્તિ આખા હિંદમાં બીજે કોઈ સ્થળે નથી. અહીં ઘણા યાત્રાળુઓ દૂરદૂરથી આવે છે. આ ગુફાઓ ગુપ્ત વંશના વખતમાં કોતરાએલી હશે એવું ત્યાંના કોતરાએલા લેખો ઉપરથી માલૂમ પડે છે.

સાંચીની કલામાં જે પરદેશી કળાની છાયા છે તેને વિષે લખતાં તેના અભ્યાસી સર જૉન માર્શલે આપેલી અંજલિ ઉતારવા જેવી છે :

'પ્રાચીન હિંદના કળાકારો ઘણા ચપળ હતા. અને એક ઉત્તમ કારીગરને અનુરૂપ સઘળી આવડત તેમણે હસ્તગત કરી હતી. બીજાની ઉત્તમતા શીખવામાં તેઓ જરા યે પાછળ ન હતા. આથી તેઓની કળામાં ગ્રીક અને ઈરાની કલાની અસર છે એમ કહી શકાય નહિ. એમની કળાનું સઘળું સ્વરૂપ રાષ્ટ્રીય હતું. લોકોની શ્રદ્ધા ને લાગણીઓમાં તેમની કળાનું મૂળ સમાએલું હતું. કુદરત તરફની તેમની અગાધ મમતા અને લોકોની આધ્યાત્મિક માન્યતાઓને તેમણે પ્રામાણિકપણે કળા દ્વારા પ્રદર્શિત કરી હતી. ખોટા આદર્શવાદ અને ઉપરછલ્લાપણાથી પર રહી તેમનો આદર્શ ધર્મને ભવ્યતા અર્પવાનો હતો. ફક્ત આધ્યાત્મિક આદર્શોને પ્રગટ કરવાનો નહિ, પરંતુ તેમના આદર્શ સાદામાં સાદી રીતે, તેમની હથોટી જેટલી સરળતાથી કરી શકે તેટલી સરળતાથી બુદ્ધ ભગવાનના પૂર્વજીવનની જાતકવાર્તાઓ ને જીવનકથા દ્વારા બૌદ્ધ ધર્મને ભવ્યતા અર્પવાનો હતો. તેમની આ કલાત્મક સાદાઈ ને નિર્મળ પ્રામાણિકતાને લીધે જ લોકહૃદયના ભાવોને પથ્થર ઉપર આટલી મર્મસ્પર્શી રીતે તેઓ ઉતારી શક્યા છે, જે આજે બે હજાર વર્ષ પણ આપણને એટલી જ સૂક્ષ્મતાથી સ્પર્શે છે.'

એવી અદ્‌ભુત રસભરી એ કલા તથા તેના પ્રેરક બૌદ્ધ ધર્મના પ્રભાવ ઉપર વિચાર કરતો હું પાછો ફર્યો. એ ટૂંકા સમયમાં જાણે બૌદ્ધ ભિક્ષુઓના સંઘોની તાલીમબદ્ધ વ્યવસ્થા જોઈ, વિહારોમાં અનેક ભિક્ષુઓને ઉચ્ચ પ્રકારની વિદ્યા પ્રાપ્ત કરતા કલ્પનાચક્ષુએ નિહાળ્યા. અને એ બધા સાથે બૌદ્ધ ધર્મની પ્રચંડ પાંખો તળે આશ્રય તથા જીવનની હૂંફ મેળવતી ભારતની જનતાનું માનસિક દર્શન કરી હું પાછો ફર્યો ત્યારે નીચે દૂરદૂર વરસાદ ને વાદળથી ક્ષિતિજ ઘેરાઇ ગએલું જણાયું. ચોમેર લીલુંછમ વાતાવરણ છાઈ રહેલી આહ્લાદક મેઘલીલામાં જાણે બધે પવિત્રતા જણાઇ. ત્યાં દૂર નીચે એક નાના સર્પની માફક સરકી જતી રેલવે જોઈ ત્યારે ભાન થયું કે અહીંની ઉપરની અને નીચેની સંસ્કૃતિ વચ્ચે વીસ સદીઓનો ગાળો હતો.

નૈ બં ધિ કા

લગ્ન અને ગણિત

બકુલ ત્રિપાઠી

ગણિત એ એક અદ્ભુત વિષય છે. પણ આપણામાંના મોટા ભાગનાને એ માત્ર ભૂત જેવો લાગે છે. એનું કારણ એ છે કે એમાં વ્યાજવટાવ જેવી નીરસ વાતોનાં દાખલા આવે છે. કેળવણીનો મૂળભૂત સિદ્ધાંત છે કે વિદ્યાર્થીને જેમાં રસ પડતો હોય એ વાત દ્વારા કોઈ પણ વિષય શિખવાય તો એ તરત ગળે ઊતરી જાય છે. તો મને થાય છે કે લગ્ન કે જેમાં સૌને એક યા બીજી રીતે રસ છે તેને ગણિતમાં શા માટે ન ગૂંથી લેવું જોઈએ? આજે જ્યારે લગનગાળાની સાંજે ચારે બાજુ લગ્નો થઈ રહ્યાં છે, કંકોત્રીઓ વહેંચાઈ રહી છે, માંડવા બંધાઈ રહ્યા છે, જાનો જોડાઈ રહી છે, વાજાં વાગી રહ્યાં છે, ચાંલ્લા થઇ રહ્યા છે, ભેટો અપાઈ રહી છે, મીઠાઈઓ વહેંચાઈ રહી છે, ગીતો ગવાઈ રહ્યાં છે, ઘાંટા પડાઇ રહ્યા છે, છોકરાં રડી રહ્યાં છે, રેકર્ડો વગાડાઈ રહી છે, મુખડાં મલકી રહ્યાં છે, ઘડીઓ ગણાઈ રહી છે, મંત્રો ભણાઈ રહ્યા છે, યુદ્ધો ખેલાઈ રહ્યાં છે, ચંપલો ચોરાઈ રહ્યાં છે, લગનગાળાની પૂનમે જાણે માનવસાગર હિલ્લોળા લઇ રહ્યો છે ત્યારે, મને લાગે છે આપણાં લગ્નોને (એટલે કે આપણા સમાજનાં લગ્નોને) ગણિતમાં પ્રયોજવાનો કલ્યાણકારી સુધારો કરવાનો સમય પાકી ગયો છે.

ગણિતના દાખલાઓમાં ધીરધાર કરતા કે ખાંડમાં રેતી ભેળવતા અ કે બ ને બદલે લગ્નમાં મહાલતા, જાનો જોડતા કે ચાંલ્લા કરતા અ અને બ ને મુખ્ય પાત્રો શા માટે ન બનાવવાં? સૌને લગ્નોમાં—વરઘોડાઓમાં જે સ્વાભાવિક રસ છે તેને પરિણામે આવું ગણિત સ્મૃતિમાં આપોઆપ જડાઇ જશે અને ગણિત વિદ્યાર્થીને ભૂત જેવું લાગવાને બદલે, નેતાઓને પોતાની જય બોલાવનારાઓ જેટલા પ્રિય લાગે છે એટલું પ્રિય લાગશે. કેળવણીખાતામાં જો મારી લાગવગ હોય અને હું પણ મારાં પુસ્તકોને પાઠ્યપુસ્તક તરીકે ચલાવડાવી શકું એમ હોય, તો હું તો મારા ગણિતમાં આવા દાખલા મૂકું:

સહેલા દાખલા (પ્રાથમિક શાળા માટે)

(૧) એક લગનની બે કંકોત્રીઓ આવે તો આઠ લગનની કેટલી?

(૨) તમારું પેટ ચાર આઇસ્ક્રીમ-પ્લેટો ખાવાથી ભરાઈ જાય છે, તો તમારા પડોશીના લગ્નમાં તમે કેટલા પ્યાલા શરબત પીશો? (એક આઇસ્ક્રીમની પ્લેટ=શરબતના બે પ્યાલા).

અઘરા દાખલા (માધ્યમિક શાળાઓ માટે)

(૧) અ ને પાંચ દીકરા છે. એમાંનો એક ગાંડો નથી તો ય ગાંડો ગણાઈ ગયો છે, એટલે એને ન્યાતમાંથી કન્યા મળે એમ નથી; (પરનાતમાં કરવાનો એનો વિચાર નથી;) બીજાનું લગ્ન થઈ ગયું છે (અને પત્નીની તબિયત ઘણી સારી છે); ત્રીજાની તો જીવનની મહત્ત્વાકાંક્ષા જ નાસી જઈને (અને નસાડી જઈને) સિવિલમૅરેજ કરવાની છે. હવે અ એ તમારા એકના એક દીકરાને દસ રૂપિયા ચાંલ્લો કરેલો, તો તેના પરણનાર દીકરાઓને તમે કેટકેટલો ચાંલ્લો કરો તો એકંદરે તમને દોઢ રૂપિયો ચોખ્ખો નફો રહે?

(૨) સૌરાષ્ટ્રથી આવતી એક જાનમાં ૧૬ પુરુષો છે. દરેક પુરુષ દીઠ સરેરાશ અઢી સ્ત્રીઓ છે અને દરેક સ્ત્રી દીઠ અઢી બાળકો (બાર વર્ષની નીચેનાં) છે. એથી બમણાં બાળકો બાર વર્ષની ઉપરનાં છે. તો કુલ કેટલી ટિકિટો લેવી જોઇએ? 'ઈ તો હાલ્યું જાશે' એમ કહીને જરૂર કરતાં અરધી ટિકિટો જ લેવાની હોય તો કેટલી ટિકિટો લેવી પડશે? જો કોઇ દોઢડાહ્યો ટિકિટ ચેકર અથડાઇ પડે અને ટિકિટ દીઠ એક રૂપિયો નજરાણું માગે તો કેટલો ખર્ચ થાય? અને એ ખર્ચ વાળી લેવા જાન પાછી ફરતી વખતે કેટલી ટિકિટો ઓછી લેવી જોઈએ?

(૩) એક માણસ વૈશાખ મહિનામાં એક વાહન પર બેસીને ચાલ્યો જાય છે. એ એક કલાકમાં ૪/૭ માઈલ આગળ વધી શકયો. તો એ કયા વાહન પર બેઠો હશે? (નોંધ: ગોકળગાયને વાહન ગણવું નહિ.) અને એ વાહન પર બેસીને કાશ્મીરથી કન્યાકુમારી પહોંચવા માટે કેટલાં વર્ષો લેવાં પડે?

(૪) અ ને ચાર દીકરા ને એક દીકરી છે. બ ને એક દીકરો ને બે દીકરી છે. બએ અના દરેક બાળકને એમનાં લગ્ન વખતે પાંચ પાંચ રૂપિયા ચાંલ્લો કરેલો. અને અએ બના દરેક બાળકને સવા પાંચ પાંચ રૂપિયા ચાંલ્લો કરેલો. તો જિંદગીને અંતે અ અને બમાંથી કોણ કમાયું કહેવાય? કેટલું? બને બેને બદલે ચાર દીકરી હોત તો એને કેટલો નફો થાત? અના ચાર દીકરામાંથી બે જણ બબ્બે વાર પરણ્યા હોત તો બ ને કેટલી ખોટ જાત? ખોટ ન જતાં પાંચ રૂપિયા નફો રહે એ માટે અના કેટલા દીકરાઓએ જનમકુંવારા રહેવું જોઇએ? અ ના દીકરા કુંવારા રહેવાનું ન માને તો બને કેટલી ખોટ જાય?

ખૂબ અઘરા દાખલા (ગણિતનાં પુસ્તકો અને કયારેક પરીક્ષાના પેપરોની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે)

(૧) એક લગ્નમાં ચાર બ્રાહ્મણો છે. તેઓ પહેલી પાંચ મિનિટ દરમ્યાન મિનિટના બે શ્લોકને હિસાબે, પછીની દસ મિનિટમાં મિનિટના ચાર શ્લોકને હિસાબે, પછીની પંદર મિનિટમાં મિનિટના આઠ શ્લોકોને હિસાબે, એમ બોલવામાં ઉત્તરોત્તર વધતા જાય છે. તો એક સેકંડે એક શ્લોક બોલવાની ગતિએ એ લોકો ક્યારે પહોંચશે? તે વખતે થતા અવાજનાં મોજાંથી ઊભી થતી અસ્પષ્ટતાનો ગ્રાફ દોરો. ચાર બ્રાહ્મણોમાંથી એકની જીભ અચકાતી હોય તો એ ગ્રાફમાં શો ફેર પડશે તે દર્શાવો.

(૨) માંડવીની પોળથી વરઘોડો કાળુપુર જવા નીકળે છે. વરઘોડાની ગતિ કલાકના ½ માઈલ છે. વરઘોડાના મૅનેજરોમાંથી (દરેક વરઘોડામાં થોડા હોંસીલા મૅનેજરો હોય છે. એ સારા યે વખત દરમ્યાન બૅંડવાળાને ધીરે ચાલવાનું કહેવા આગળ જાય છે, અને પછી બહેનોને ઉતાવળે ચાલવાનું કહેવા પાછળ જાય છે. વળી પાછા આગળ ચાલતી ઘોડાગાડીમાં રડતું કોઈનું છોકરું લઈને પાછળ ચાલતાં એ બાળકનાં માતુશ્રીને સોંપી આવે છે અને પછી વરરાજાની ટોપી સરખી કરવા આગળ જાય છે. એવા મૅનેજરોમાંથી) એકની ગતિ કલાકના દસ માઈલની છે, તો વરઘોડો અરધો માઈલ ચાલશે ત્યારે એઓશ્રી કેટલા માઈલ ચાલ્યા હશે એ ગણી કાઢો. એક માઈલ ચાલ્યાના બદલામાં 'અમે કામ કરીકરીને મરી ગયા પણ અહીં કદર જ કોને છે!' એમ કરીને એકવાર મોઢું ચડાવવાનો હક્ક એમને મળતો હોય તો વરઘોડાને અંતે એ કેટલી વાર મોં ચડાવવાનો હક્ક મેળવશે? આકૃતિ દોરી તમારો જવાબ સરખાવી જુઓ.

(૩) ધારો કે રૅશનિંગના જમાનામાં સિત્તેર માણસોને જમાડવા માટે એક ઇન્સ્પેકટરનું પચાસ રૂપિયા જેટલું કલ્યાણ કરવું પડે છે, અને એમ પણ માનો કે નેવું માણસ જમાડવા એનાથી દોઢ ગણું કલ્યાણ કરવું પડે છે, તો એકસો સાડત્રીસ (પૃષ્ઠ ૬૨ને છેડે)

જોડાસાંકોર ધારે

૧૪

શ્રીમતી રાણીચંદના બંગાળી ઉપરથી અનુવાદક **રમણિક મેઘાણી**

ચિત્રો ચીતરું છું. પીંછી પાણીમાં બોળું છું, રંગમાં બોળું છું, મનમાં બોળું છું, અને ત્યારે એ ચિત્ર ચીતરાય છે. અને એવું ચિત્ર જ 'માસ્ટર પીસ' બને છે. બેશક બધાં જ ચિત્રો આ રીતે ચીતરાય છે એવું નથી. ઘણાં યે ચિત્રો પીંછી પાણી ને રંગોમાં બોળીને ચીતરાય છે. પણ મન એમાંથી બહાર જ રહે છે. એવું કો'ક ચિત્ર ચીતરી તેને ફાડી નાખવા જાઉં છું તો તમે લોકો ધબ કરતા હાથ ઝાલી ચિત્ર ઉપાડી ભાગી જાઓ છો. પણ એમાં તમે ઠગાઈ જાઓ છો એ જાણી લેજો.

જુવાનીમાં મને દેશી સંગીતના સૂર શીખવા મન થએલું. આંગળીનાં ટેરવાંએ એને હસ્તગત પણ કરેલા પણ મનમાં એ સૂર નહોતા પહોંચ્યા. ઘણી વાર થતું કે મારો બધો યે પરિશ્રમ, બધી યે સંગીતચર્ચા નિષ્ફળ ગઈ છે. પરંતુ ચિત્રકાર તરીકે જે દિવસે શીખવું શરૂ કર્યું ત્યારની એક વાત યાદ રહી છે. તેથી સૂર શીખવામાં હું કદી યે ઉદાસ નથી થયો.

ત્યારે કલકત્તામાં વેલેસ્લી પાર્ક પાસે મદ્રેસા કૉલેજ હતી. તેની સામેના તળાવની પેલી પાર એક ઇટાલિયન આર્ટિસ્ટ ગિલાર્ડી સાહેબ રહેતા. હું રોજ સવારે તેમની પાસે રીતસર ફી આપી પેસ્ટલ ડ્રૉઈંગ અને ઑઇલ પેઇન્ટિંગ શીખવા જતો. એ તદ્દન ઘરના માણસની જેમ જ મારી સાથે સંબંધ રાખતા. સ્ટૂડિયોમાં એક બાજુ બેસી હું ચીતરતો, અને બીજી બાજુ બેસી સાહેબનાં પત્ની બાળકને દૂધ પીવરાવતાં. બેએક છોકરાં નિશાળે જતાં એને ખવડાવી-પીવડાવી તૈયાર કરી સ્કૂલે મોકલતાં. ક્યારેક મારી ગાડીમાં બજારે ફરી આવતાં. એ મકાનને ભોંયતળિયે માન્ધારા નામનો એક વૃદ્ધ ઈટાલિયન મ્યૂઝિક માસ્ટર અને એની દીકરી રહેતાં. વૃદ્ધ પિતા અને પુત્રીને બહુ સારો મેળ હતો. રોજ સવારે પુત્રી પિયાનો વગાડે ને પિતા બેહાલા બજાવે. એના સૂર ઉપર સંભળાય એ સાંભળતો બેઠોબેઠો હું ચિત્રો ચીતરું. એક દિવસ સવારે નિત્યની જેમ ચીતરતો હતો ત્યાં નીચેથી બેહાલાના સૂર કાને પડ્યા ને હું ઉદાસ થઈ ગયો. ચીતરવું પડતું મૂકી દીધું. જાણે એ સૂર સૂર નહોતા પણ બેહાલાનું ક્રંદન હતું. તે દિવસે એ સૂરે સ્પષ્ટ સમજાવી દીધું કે બેહાલાની બૉ, બેહાલાના તાર અને મન. બજવૈયાના માનસ-તાર એક બની ગયા છે. આજે એની સાથે પિયાનાનો સૂર નહોતો. ગિલાર્ડીને કહ્યું કે 'સાહેબ, આ બેહાલા આજે રડતો હોય એમ કેમ લાગતું હશે? આવું તો ક્યારે ય સાંભળ્યું નથી?' સાહેબે ઉત્તર આપતાં કહ્યું કે 'ચૂપ, ચૂપ! ખબર નથી કાલે એની દીકરી ક્યાંક ચાલી ગઈ છે, બુઢ્ઢાને એકલો મૂકીને?' તે દિવસે હું ચીતરી ન શક્યો. થોડી વાર પછી ધીરેધીરે નીચે ઊતર્યો. દાદર પાસેથી ઓરડામાં જોયું તો ડોસો ખુરશી પર બેઠો છે, ખભે બેહાલા રહી ગઈ છે અને માથું વિષાદમાં નીચે ઝૂકી ગયું છે ને તેના રૂપેરી વાળ હવામાં ઊડી રહ્યા છે. તે દિવસે સમજાયું હતું કે આજે સૂરમાં આગ લાગી છે. અન્તર વાગે તો જન્તર વાગે. મનના સ્પર્શ વિનાનું ગાવું પણ નિરર્થક છે ને વગાડવું, ચીતરવું વગેરે પણ નિરર્થક છે.

નાનાં છોકરાંઓ દિવળી-પટ, ઝુમ્મર-ફાનસ, જરા રંગરેખાં વગેરે ચીતરે છે. એ પછી રસ પ્રૌઢ થાય ને મુઘલ કળામાં આપણે જોઇએ છીએ તેમ રંગ, સાજશણગાર વગેરે આવે. એ પછી રેસનું એક પગથિયું આગળ વધતાં આવે બહારના રંગચંગ-ફૂટ બધું જ. જાણે મેઘલા દિવસની છાયા જેવું સ્નિગ્ધ-ગંભીર. કલાના આ કેટલાંક સોપાન ચડ્યા પછી જ પોતાને કલાકાર કહેવડાવી શકાય.

એક વાર બોટમાં બેસીને પરગણામાં જતો હતો. સાથે મનીષી હતો. માર્ગમાં રમકડાં ભરેલી એક નૌકાને જતી જોઇ. બોટ થોભાવી નૌકાને પાસે બોલાવી. વિધવિધ રંગનાં અનેક પ્રકારનાં રમકડાં જોયાં. એમાં કેટલીક નીલરંગી માટીની બિલાડી હતી. એ બહુ ગમી. ભભૂતિયા રંગને બદલે નીલરંગ વાપર્યો હતો. ભભૂતિયો રંગ ન મળ્યાથી નીલરંગે કામ રોડવ્યું હતું. એ નીલરંગી બિલાડી ઠીકઠીક સંખ્યામાં ખરીદી બાળ બાળાઓને વહેંચી હતી. એ રમકડા ઉપર બહુ સરસ 'ટચ' આપ્યો હતો. એની પાર્શ્વભૂ પણ એવી જ હતી. તેથી જ મને પાર્શ્વભૂ ગમે છે. બહુ પાકા હાથની રેખાઓ હતી તેમાં.

એક સરસ વાત યાદ આવી ગઈ. ઘણાં સમય પહેલાંની એ વાત છે. એક માણસ, જેના વડીલ બહુ સરસ મૃદંગ-બજવૈયા હતા અને પોતે પણ સારું વગાડે છે, એણે કહેલું કે મૃદંગ બજાવ્યે મને સંતોષ વળતો નથી. ગણેશ આવતો, તેની સામે રહી મૃદંગ બજાવી શકત તો સુખ થાત. ગણેશની સામે હારવામાં યે આનંદ મળે. એને બરોબરિયો જોઇતો હતો. થોડા સમય પછી એનો પૌત્ર આવ્યો. કહે કે 'પૂરું થતું નથી.' મેં કહ્યું 'કેમ? આવા વિખ્યાત બજવૈયાનો તું પૌત્ર અને પૂરું થતું નથી? શી વાત છે? વારુ, કેટલો મહિનો મળે તો તું મારી સાથે રહી શકીશ?' એણે થોડુંઘણું માગ્યું અને મેં એને અમારે ત્યાં રાખી લીધો. ત્યારે મને વગાડવા કરવાનો ગજબ શોખ હતો. હું ઈસરાજ વગાડતો. શ્યામસુન્દર પણ હતો. પેલા છોકરાએ પૂછ્યું કે 'મારે શું કરવાનું છે?' મેં કહ્યું 'કંઇ જ નહિ. સાંજવેળા તું મૃદંગ વગાડજે, હું સાંભળીશ.' પહેલા દિવસે સાંજે વરંડામાં જેમ બેસું છું તેમ પાટ જરા ભીંત પાસે ખેસવી બેઠો. એ મૃદંગ બજાવવાનો હતો. એણે કહ્યું કે 'ગીત જોઇએ.' શ્યામસુંદરને કહ્યું. એણે ધીરેધીરે ગીત ઉપાડ્યું, અને પેલાએ મૃદંગ ઉપર થાપ દેવી શરૂ કરી. એણે એવા તો મૃદંગ બજાવ્યા કે બસ, જાણે મેઘનો ગુરુ નાદ સાંભળી રહ્યા છીએ! મૃદંગ વાગે છે, જાણે આકાશમાં દુન્દુભિ વાગી રહી છે. રવિકાકા લખી ગયા છે, 'બાદલ મેઘે માદલ બાજે.' બરાબર એવું જ. આ વાજિંત્ર વાગે છે કે મેઘ ગાજે છે એ પારખવું મુશ્કેલ થઈ પડે. તે દિવસે સમજાયું કે એના દાદા ગણેશની સાથે મૃદંગ બજાવવાની વાતો શા માટે કરતા હતા. ક્યારેક ક્યારેક રવિકાકા પણ આવતા ને મૃદંગ સાંભળીને ખૂબ ખુશ થતા. એ કહેતા કે 'અવન, આને હાથમાંથી જવા ન દેતો.' એને સમાજમાં કામ આપવાની વાત થઈ હતી, પરંતુ સમાજના કાર્યવાહકો તરફથી જાણવા મળ્યું કે બીજો એક બજવૈયો અમારે ત્યાં છે એને કાઢીને આને કઈ રીતે લઈ શકીએ? એમ કરતાંકરતાં થોડા દિવસ પછી એ દરભંગાના રાજાની નજરે ચડી ગયો. તેઓ તેને વધુ પગાર આપીને મારે ત્યાંથી છૂ કરી ગયા! તે દિવસોમાં રવિકાકા ક્યાંક બહાર ગયા હતા. પાછા વળતાં એમણે પૂછ્યું કે 'અવન, તારો પેલો બજવૈયો ક્યાં?' મેં કહ્યું 'કાકા, એ તો ચાલ્યો ગયો.' ગુણીનો ગુણ ઓછો ઢાંક્યો રહે છે? આગને ઓછી દાબી શકાય છે? મૃદંગ બજાવનાર એ એક જોયો. ગીત વેળા ઘણા બજવૈયાને થોભાવવા પડે છે: એવા જોરજોરથી તાલ આપે કે એમાં ગીત દબાઈ જાય. મનમાં થાય કે દોડીને જઈને હાથ ઝાલી એને અટકાવી દઇએ!

બજાવવાની આ વાત કરું છું ત્યારે એક બીજી રસિક વાત યાદ આવી જાય છે. એક બીનકાર (નામ નહિ આપું, નહિ તો તમે ઓળખી જશો) બહુ ઉસ્તાદ કલાકાર હતા. એમની ખ્યાતિ ખૂબ હતી. લખનૌના નવાબ ત્યારે મૂચિખોલામાં કેદ હતા. તેમને એ બીન સંભળાવવા જવાના હતા. પોતે ખૂબ શણગારાયા: ચોગા-ચપકાન પહેર્યાં છે ને માથે જરીદાર ગોળ ટોપી મૂકી છે. વળી પોતાના નામ સાથે મોટી એવી એક હિન્દુસ્તાની ઉપાધિ પણ લગાડી દઈને 'અમુકજી બીનકાર' બની ગયા. વીણાને પણ વિધવિધરંગી મખમલી ગલેફથી શણગારી છે. એમના મનમાં હતું કે વીણાવાદનથી નવાબને ખુશ કરી કંઈક સારી એવી રકમ મેળવી લઈશ. અને એ ખ્યાલે એક સવારે એ વીણા લઈને મૂચિખોલા પહોંચ્યા. સમાચાર જણાવાયા કે 'કલકત્તેસે એક બડા બીનકાર આયા હૈ હજૂર કે દરબાર મેં.' સમાચાર મોકલી ભાઈ તો દીવાનખાનામાં બેઠા. નવાબ ઊઠે, હાથમેં ધૂએ, એ કંઈ જેવી તેવી વાત છે? નવાબે ઊઠી, હાથ-મોં ધોઈ, તૈયાર થઈ, પાન ચાવતાં ચાવતાં હોકાની નળી મોંમાં લઈ, મજલિસમાં બેસતાં બેસતાં હુકમ કર્યો કે 'જાઓ તુમારા બીનકારકો બુલાઓ.' નવાબનું ફરમાન જાણી બીનકારે ઉપર જઈ નવાબને સલામ કરી અદબપૂર્વક નીચે બેસી એક પછી એક વીણાના ગલેફ ખોલવા શરૂ કર્યા. નવાબ પાસે જનારા બજવૈયા પ્રથમથી જ વીણાના તાર બાંધી-મેળવી જતા ને ત્યાં જતાં જ વીણા-વાદન આરંભી દેતા. આપણા બીનકારે ત્યાં બેઠાબેઠાં જ થોડી વાર સુધી તાર બાંધી સૂર મેળવ્યા, અને હજુ એ વીણા હાથમાં ગોઠવે ના ગોઠવે અને વીણાના તાર ઝણઝણાવે ત્યાં તો નવાબ બોલી ઊઠ્યા, 'બસ કરો!' નવાબી મિજાજ! એ 'બસ' કહે એટલે શું તે તો સમજ્યા ને? બીનકાર વીણા સમેટી ઊઠનો હતો ત્યાં નવાબ બોલ્યા, 'દીવાન, આને સો રૂપિયા ઈનામ આપો અને કહી દો કે અહીં બીજી વાર આવશે તો એનું બીન છિનવી લેવામાં આવશે.' પણ નવાબની વાત જવા દો. હું પોતે પણ ક્યાં ઓછો નવાબ હતો? એક કાળે મેં યે નવાબી કરી હતી ને? નાચ-ગાન-વાદન કંઈ બાકી નહોતું રાખ્યું. તમને તો એ બધું કહ્યું છે. પણ મારાથી આના જેવું ન થવાયું. અંદર જ સૂર ન હોય પછી જંતર વગાડીને શું કરું? છતાં કોને હાથે કઈ રીતે સૂરનું પંખી પકડાય છે એ કોણ કહી શકે?

એ દિવસોમાં એક છોકરો અવારનવાર મારી પાસે આવતો. એ સારંગી બજાવતો. પ્રફુલ્લ ઠાકોરના દીકરાનાં લગ્ન હતાં. ખૂબ ધામધૂમવાળી મોટી મહેફિલ હતી ત્યાં ગયો હતો. સાંભળ્યું કે એક બજવૈયો આજે સૂરબહાર બજાવવાનો છે. એની બહુ વાતો થતી હતી. મનમાં થતું હતું કે કોણ જાણે કેવો યે ઉસ્તાદ બજવૈયો હશે. સભામાં બેઠો. વીણાવાદન શરૂ થયું. જોઉં છું તો પેલો એક છોકરો એક વીણા લઈને આવ્યો છે. પરંતુ એ ઓળખાતો નહોતો. મેં એને કહ્યું 'તું જ વીણા બજાવવાનો છો કે શું?' એણે કહ્યું, 'હા, હજૂર. થોડું થોડું શીખ્યો છું.' મેં કહ્યું. 'સારું', સારું; બજાવ, સાંભળીએ.' આજે યાદ આવે છે કે જેને આવડોક નાનો સારંગી વગાડતો જોયો હતો તે છોકરો એકાએક એક ઉસ્તાદ-મહા ઉસ્તાદ બની ગયો છે ને સભા-મહેફિલમાં વીણા-વાદન કરી રહ્યો છે. તેથી જ થાય છે કે એક કાળે કંઈ જ ન જાણનાર એક દિવસ મહાન કળાકાર પણ બની શકે છે.

એક વધુ વાત. એક વાર બંગાળી નાટક જોવા ગએલો. વૃદ્ધ અમૃત બોઝ—ભદ્ર સજ્જન, બાજુમાં જ બેઠા હતા. અને બીજા એક—નામ તો ભૂલી ગયો છું પણ એ મિનર્વા થીએટરના પડદા ચીતરતા, અને સ્ટેજ ડેકોરેશન કરતા, મેં જ એની ભલામણ કરેલી—તે પણ એક બાજુ બેઠા હતા. થોડુંક કંઈક ભજવાયું અને મેં અમૃત બોઝને કહ્યું કે 'જુઓ ભાઈ, તમારા અભિનેતા ને અભિનેત્રીઓ સિંહાસને બેસે છે, પણ એમને બેસતાં જ આવડતું નથી. હોકો કેમ ગડગડાવવો એ પણ એ જાણતાં નથી. તે માટે એક સ્ટૂડિયો કરો કે જ્યાં તેઓ આ બધું શીખી શકે. જેમને બરાબર ઊઠતાં-બેસતાં યે નથી આવડતું તેઓ નાટક શું કરશે?' તેમણે જવાબ વાળ્યો કે 'તમે કહો છો તે ખરું છે. હવે એ કરવું પડશે.' એક રાત્રે સ્ટાર થીએટરમાં ગયો હતો. ત્યાં એક કલાકારે એક પ્રવેશમાં રાજસભાનું દૃશ્ય ચીતરીને પાછળ ટીંગાડી દીધેલું. વિરાટ સભાનું દૃશ્ય હતું. ખંડની અંદરના થાંભલા, સરસામાન વગેરે કંઈ જ એણે બાકી નહોતું રાખ્યું. હવે એ જ દૃશ્યમાં રાજાનું સિંહાસન આવતું હતું રાજસભાનાં દૃશ્યના પર્સ્પેક્ટિવમાં જ્યાં પગલૂછણું મૂક્યું હતું, ત્યાં જ એક ખુરશી ઉપર રાજા બેઠા! ચિત્રમાં વધુ પર્સ્પેક્ટિવ થવાનું ફળ જોયું ને? રાજાનું સ્થાન પગલૂછણાની જગ્યાએ ગયું!

એક બીજી વાર પણ આ પર્સ્પેક્ટિવના ફંદામાં ફસાયો હતો એક વિદ્યાર્થીને કારણે. નન્દલાલ પણ ત્યારે ભણતો હતો. હું આર્ટ-સ્કૂલમાં કામ કરતો. રશિયાથી એક બાનુ આવેલાં. એ કહે કે મારે બુદ્ધનું એક ચિત્ર દોરવું છે તે માટે એક ઓરડો આપો. એને ચિત્ર ચીતરવું હતું, એટલે ઓરડો આપવો જ જોઈએ ને? આખરે તમારા ભાઈ જે ઓરડાને ડ્રોઈંગરૂમ લેખે વાપરતા હતા એ ઓરડો એને આપ્યો. એણે ઓરડાની ચાવી માગી લીધી. કહે કે 'દરવાજો બંધ કરી નચિંતપણે ચિત્ર ચીતરીશ.' મેં કહ્યું 'ભલે.' એ રોજ આવે ને ચિત્રકામ કરે. વચ્ચે વચ્ચે હું તે જોઈ આવું. એણે ઉત્તર તરફની આખી ભીંત કાગળથી આવરી દીધી હતી. કામ ન કરતી હોય ત્યારે એ તેના પર પડદો ઢાંકી દેતી. વિદ્યાર્થીમાંથી કોઈ એ શું કરે છે તે જોવા પામી શકતું નહિ. નન્દલાલ કહે કે એ કઈ રીતે ચીતરે છે તે અમારે જોવું છે. મેં એ રશિયન બાનુને કહ્યું કે તમે કઈ રીતે ચીતરો છો તે એક વાર અમારા વિદ્યાર્થીઓને બતાવો. એણે કહ્યું કે હવે થોડા દિવસમાં મારું પેન્સિલ ડ્રોઈંગ પૂરું થયેથી બતાવીશ. કેટલાક દિવસ પછી એણે કહેવડાવ્યું કે હવે આવી શકો છો. નન્દલાલ વગેરેને લઈને ગયો. એણે ચિત્ર ઉપરનો પડદો સેરવી લીધો. જોયું તો દીવાલ આખી આવરતા એ કાગળો ઉપર બુદ્ધની સભાનું એક જબરદસ્ત ચિત્ર! ઓ બાપ! પર્સ્પેક્ટિવ પણ એટલી મૂકી છે કે નીચેથી ઉપર સુધી જોઈ જાઓ, પણ બુદ્ધદેવ ક્યાં બેઠા છે એ નજરે પણ ન પડે! એને આપણે શું કહીશું? ચિત્ર? કે પર્સ્પેક્ટિવ? એને પૂછ્યું તો કહે કે 'કરેક્ટ પર્સ્પેક્ટિવ થયું છે.' નન્દલાલ કહે કે 'પર્સ્પેક્ટિવ-શિરોમણિ થયું છે; પણ આમાં ચિત્ર જેવું કંઈ નથી.' પછીથી સાંભળેલું કે એ જ ચિત્ર કોઈ રાજવીને સારી કિંમતે વેચી તે બાઈ એને દેશ ચાલી ગઈ હતી.

કલાકારનું મન સુખદુઃખના, માનઅપમાનના કેટકેટલાય ઘૂંટડા-પાન કર્યાં પછી તૈયાર થાય છે. અમે બધા તો રખડુ. પ્રકૃતિમાતાના લાડકવાયા. જરાક બગડેલા એટલે જરા અતડા પણ ખરા. સહુની સાથે તુરત મેળ ન મળે. સાચું જ કહું છું. સુખદુઃખની લાગણી અમને જલદી સ્પર્શે છે અને જીવનનો ઉપભોગ કરવાની અમારી શક્તિ પણ વધુ હોય છે. પ્રકૃતિએ અમને બધું યે ઝાઝું કરીને આપ્યું છે. એનાં લાડકવાયાં ખરાં ને, તેથીસ્તો. જરાક પ્રકાશ જોયો ને તુરત બહાર નીકળી પડીએ. સેન્ટીમેન્ટલ? બરાબર એમ નહિ. છતાં બેશક એવું જ કંઈક અમને એ કાળે સાંભળવા મળતું એ વખતે શું થયું હતું?—આ ભાવુકતા માટે જ બે છોકરાઓને કેવાં ટોણા

સાંભળવા પડેલાં! રવિકાકા જીવતાં અહીં શાન્તિનિકેતન આવ્યો હતો. વહેલી સવારે સૂરજ ઊગ્યા પહેલાં જ ખોવાઈઓ તરફ ફરવા ઊપડતો. એક વાર તો દોડતાં દોડતાં તાલ વૃક્ષ વટાવ્યું. એ પછીની બે ખજૂરીઓ પણ વટાવી ગયો અને એ પછીના શરવૃક્ષની પાસે પહોંચી ગએલો. ત્યાં બે વિદ્યાર્થીઓને જોયા. એ પણ કદાચ ફરવા નીકળી પડયા હશે. તેમણે કહ્યું કે 'જરા પાછું વાળીને જુઓ તો, કેવો સરસ સૂર્યોદય થઇ રહ્યો છે!' હું તે વખતે પણ હમ્ હમ્ કરતો ચાલતો જ હતો, 'મેં કહ્યું જાવ, જાવ, શું સુંદર સૂરજ ઊગ્યો છે એ તમે જ જોતા રહો. હું તો ચાલી ચાલીને થાકી ગયો. ફરીને પાછો આવ્યો તો રવિકાકા ચા પાસે મારી રાહ જોતા બેઠા છે. મને કહે 'કયાં ગયો હતો તું? હું તો અહીં ચા માટે તારી રાહ જોઇ રહ્યો છું. ચાલ. હવે શરૂ કર.' કહીને એમણે એક પછી એક વસ્તુ મારી નજીક મૂકવા માંડી. પણ રવિકાકાની પાસે બેસીને ખાવું એટલે શું એ તો ખબર છેને? ત્યારે હું ચા સાથે માત્ર બ્રેડ જ લેતો. રવિ-કાકા કહે 'જરાક ગોળ ખાતો હો તો? ગોળ તો બહુ સારી ચીજ છે.' સવારના પહોરમાં ગોળ! મુશીબત થઈ! હું આ બાજુ તે બાજુ જોવા લાગ્યો. ત્યાં તો રવિકાકાએ ફરી એક મોટી કેક આગળ મૂકી ને કહ્યું કે 'સરખી રીતે ખા.' છરી વડે એક ટુકડો કેક કાપી લઈ બાકીનો ભાગ મેં ધીરેધીરે ઍન્ડ્રુઝ સાહેબ તરફ ઠેલી દીધો ને એમણે એ બધું યે ઉદરસ્થ કર્યું: એમની પાચનશક્તિ ઘણી સારી હતી. ખેર, સવારની આપદા તો ટળી. પ્રતિમાને કહ્યું કે 'જો પ્રતિમા, હું અહીં છું તેટલા દિવસ આ ચા-બા તારી પાસે જ મને પીવડાવી-ખવડાવી દેજે. વારેવારે મને સિંહના મોંમાં ન ધકેલશો.' તેના બીજા દિવસથી વહેલો ઊઠી, ઝટપટ પ્રતિમા પાસે જઈ, ચા-બા પતાવીને જ ફરવા નીકળતો. પાછો વળતાં જ રવિકાકા કહે કે 'અવન, ચા ન પીધી?' અને હું માથું ખજવાળીને કહેતો કે 'પ્રતિમાએ એ બધું વહેલું પતવી દીધું.' ત્યારે એ સ્મિત કરીને કહેતા કે 'હં સમજાયું.'

તે દિવસોમાં વિદ્યાર્થીઓ એવા 'સેન્ટિમેન્ટલ' હતા! 'ઓહ, અહીં કેવો સરસ સૂર્યોદય છે!' આહ, જાણે કેમ બીજે કયાંય એવી કોઈ ચીજ જ ન હોય! એની જ એક બીજી વાત પણ સાંભળવા જેવી છે. ત્યારે કારપ્લે પણ અહીં હતા. સાંજે આ રસ્તા ઉપર જ ટેબલ ગોઠવાતાં. બધાં સાથે બેસીને ચા પીતાં. ચા પીને કારપ્લે અને હું ફરવા નીકળતા. રોજની જેમ એક દિવસ અમે બેઉ કલા વિષે વિધ-વિધ વાતો કરતા ફરતા હતા. ત્યાં ધુમ્મસનું એક હળવું ચોસલું ધીરે-ધીરે આગળ આવી આશ્રમના શાલવન ઉપર થોડીક વાર વિરામ કરી ધીરેધીરે વિખરાઇ ગયું. બરાબર સંધ્યા સમયે જ. અમે બેઉ એ જોઇને મુગ્ધ બની ગયા. અમે બેઉ એકીસાથે બોલી ઊઠયા કે 'વાહ! કેવું અજબ સરસ!' અમારા મોંમાં બીજા કોઈ શબ્દો નહોતા. માત્ર વિસ્મયસૂચક 'વાહ વાહ' જ હતી. ત્યાં પાછળથી રથીભાઇ બોલી ઊઠયા 'એ કંઇ જ નથી: નથી વાદળી કે નથી ધુમ્મસ. એ તો છે ચોખા-ની મિલનો ધુમાડો!' 'અરે, અરે! તમે આ શું કર્યું રથીભાઇ! તમે અમારી આટલી ભાવુકતાને–અમારા કવિત્વને આ રીતે ધૂળમાં મેળવી દીધું? કારપ્લે પણ બોલી ઊઠયા કે આ રીતે અમારા સ્વપ્નને ખંડિત શા માટે કર્યું? તમે જાણતા હતા એ બસ હતું; અમને કેમ કહ્યું? જોયું ને, શું થયું તે? અમને બન્ને કળાકારોને ઠીકઠીક બેવકૂફ બનાવ્યા!' ત્યારે શાન્તિનિકેતનમાં ખૂબ મઝા હતી. પરોઢમાં ઊઠતો. રવિકાકા તો થોડુંથોડું અંધારું હોય ત્યાં જ ઊઠી જતા. એ જ એમનો નિત્યક્રમ હતો. દરવાજો ઉઘાડો હોય. વર્ષાની ઝીણી ઝરમર ચાલુ હોય. હાથ-મોં ધોતાં જ ઉપર નજર પડે. રવિકાકાના ઓરડા-માં ઉપલી અભરાઈએ દીવો બળતો હોય: જાણે શુક્રનો તારો ચમકી રહ્યો છે. ને મનમાં થતું જાણે શાન્તિનિકેતનના આ આખા યે આશ્રમ ઉપર એક આકાશપ્રદીપ જલી રહ્યો છે, અને અમે નાના-મોટાં સૌ એની તળે નિર્ભયપણે વિચરી રહ્યાં છીએ.

મારે કોઈ સમાનધર્મી જોઇતો હતો, પણ કોઈ મળતો ન હતો ત્યાં રવિકાકાએ ચીતરવાનું શરૂ કર્યું. તેથી મને અત્યંત આનંદ થયો મનમાં થયું કે ચાલો, આખરે મારગનો સાથી મળ્યો. હવે એક મહા ઉસ્તાદ આપણી સાથે છે. હવે તો અવસ્થાને આરે પહોંચ્યો છું. ઝાઝું જોમ રહ્યું નથી. હવે તો કોઈ હરીફ આવે તો સારું. પણ કોઈ દેખાતું નથી. હજુ યે અંદર–મનમાં ઘણું યે રહ્યું છે. એ એમ કોઈ પાસે પરાજય સ્વીકારે તેમ માનો છો? પણ એવું નથી.

એક વયોવૃદ્ધ ઉસ્તાદનો શિષ્ય દિગ્વિજયી પહેલવાન બનેલો. દેશ-વિદેશમાં એની નામના હતી. સહુને એ કુશ્તીમાં હરાવતો એટલે કોઇની હિંમત ન ચાલતી તેની સામે ઊભવાની. એક વાર એને મન થયું કે હવે ગુરુની સાથે કુશ્તી લડીને વધુ નામ કાઢું. રાજાએ એ સાંભળી તે માટે ગોઠવણ કરવા હુકમ કર્યો. શેરીએ શેરીએ દાંડી પિટાઈ ગઇ કે દિગ્વિજયી પહેલવાન...હવે તેના ગુરુ સાથે કુશ્તીમાં ઊતરનાર છે. નક્કી થએલા દિવસે અને સમયે તે જોવા માટે મહા મેદની જામી ગઈ. વૃદ્ધ પહેલવાનને રાજાએ હુકમ કર્યો એણે કહ્યું કે 'હજૂર, હું તો હવે વૃદ્ધ થયો છું. શરીરમાં હવે જોર નથી. મરી જઈશ. એ તો જુવાન છે.' પણ રાજાના ફરમાનને અવગણવાની હિંમત કેમ થાય? બીજી તરફ તેનો દિગ્વિજયી શિષ્ય પેંતરો રચી રહ્યો હતો: જાણે એમ કહેતો હતો કે આ ડોસાને પછાડતાં કેટલી વાર! વૃદ્ધ શું કરે? સલામી દઇ, લંગોટ કસી, નીચેથી થોડીક માટી હાથ-માં લઈ એ અખાડામાં પ્રવેશ્યો. કુશ્તી શરૂ થઇ. શરૂના થોડા દાવમાં વૃદ્ધ હાર્યો. દિગ્વિજયી શિષ્ય સહજ વાતમાં એને હરાવી દેતો. સૌના મનમાં થયું કે હવે થોડી વારમાં બુઢ્ઢો પડયો જ સમજજો. છેલ્લા દાવમાં જેવો શિષ્ય આગળ આવ્યો એવો જ વૃદ્ધ ગુરુએ એક એવો દાવ અજમાવ્યો કે પળવારમાં જ શિષ્ય કેટલે ય દૂર ફંગોળાઈ ગયો: પ્રેક્ષકસમૂહ છક્ક થઈ ગયો. ગુરુએ શિષ્યને પૂછ્યું. 'કેમ, પત્યું?' શિષ્યે હાથ જોડી પ્રણામ કરતાં કહ્યું 'ઉસ્તાદજી, યહ પેચ તો આપને સિખલાયા નહિ.' વૃદ્ધ ગુરુએ કહ્યું, 'નહિ બેટા, યહ પેચ તો આજ કે વાસ્તે રખ્ખા થા. જાનતા થા કિ તુમકો એક દિન ઉસ્તાદકે સાથ કુશ્તી લડનેકા શૉખ હોગા; ઉસ દિન કે લિયે યહ પેચ રખ દિયા થા.'

મારે માટે પણ એવું જ થયું છે. બરાબર આવી જ વાત મને મારા એક વિખ્યાત વિદ્યાર્થીએ કરેલી. આર્ટ સોસાએટીમાં પેલાં પંખીઓનો મારો સેટ પ્રદર્શિત કર્યો હતો. એ જોઇને એણે કહેલું કે 'આ રીત તો તમે અમને શીખવી નથી.' મેં ઉત્તર આપેલો કે 'બધું જ તને શીખવી દેવાય ખરું? ઘણા પેચ આજે યે શીખું છું ને રાખી મૂકું છું. ક્યારેક તમે કુસ્તી કરવા આવશો ત્યારે શીખવીશ.' (ચાલુ)

લગ્ન અને ગણિત : (અનુસંધાન પૃષ્ઠ ૫૯થી ચાલુ)

માણસો જમાડવા માટે કેટલા ઇન્સ્પેકટરોનું કેટલું કલ્યાણ કરવું પડે? અને દરેક ઇન્સ્પેકટરે પોતાની આંખો કેટલી મિનિટ મીંચી રાખવી પડે? (નોંધ: પૂરા માર્ક મેળવવા માટે જવાબ મનમાં રાખો.)

આવા સરસ દાખલાઓ ગણિતનાં પુસ્તકોમાં મૂકવામાં આવે તો લગ્નની રંગત ગણિતમાં આવે અને ગણિતની શાસ્ત્રીયતા લગ્નમાં આવે. અને લગ્નો તથા ગણિત બન્નેનો ઉદ્ધાર થઇ જાય તથા ગણિત એ વિદ્યાર્થીઓનો સૌથી વધુ પ્રિય વિષય બની જાય.

પણ આપણા દેશમાં કેળવણીની પડી છે જ કોને?

મનોમંથન .... કાકાસાહેબ કાલેલકરના

તરુણ કાળનાં સંસ્મરણોની ('સ્મરણયાત્રા'ની અનુગામી) લેખમાળા



૧૧ સ્વદેશી અને બહિષ્કાર

'આગ લાગે એ સ્વદેશીમાં, જેમાં બહિષ્કારની તેજસ્વિતા નથી.' એવા વાક્ય સાથે એક મોટા વક્તાએ પોતાનું ભાષણ પૂરું કર્યું. ઈ. ૧૯૦૫ના બંગભંગના એ દિવસો હતા. બંગાળ પ્રાંત ઘણો મોટો છે એ બહાને લૉર્ડ કર્ઝને તેના બે ભાગલા પાડવાનો નિશ્ચય કર્યો અને પૂર્વ બંગાળ માટે ઢાકાને રાજધાની કરાવી ત્યાં એક અલગ યુનિવર્સિટી પણ સ્થાપી. પોતાની જન્મભૂમિના આમ બે ટુકડા થતા જોઇ બંગાળી લોકો વિફર્યા અને તેમણે બંગભંગના વિરોધમાં આંદોલન ઉપાડયું. જન્મભૂમિના ટુકડા કરનારી અંગ્રેજ સરકારને પહેલાં તો ઘણી અરજીઓ કરી, અને પછી તેનો વિરોધ કર્યો. એથી પણ કંઈ લાભ ન થતાં ચિડાએલા નેતાઓએ મહારાષ્ટ્રના સ્વદેશી આંદોલનને અપનાવવાનો નિશ્ચય કર્યો, અને તે સાથે બ્રિટિશ માલનો બહિષ્કાર કરવાનો પણ વિચાર કર્યો.

બહિષ્કારને માટે અંગ્રેજી શબ્દ હતો 'બૉયકૉટ'. મોટા મોટા અંગ્રેજ વક્તાઓ માટે પણ આ શબ્દ નવો હતો. તેનો અર્થ બહુ ઓછા માણસો જાણતા હતા. એટલે સાધારણ વક્તાઓમાંના કેટલાક કહેતા કે we have to boycott British goods અને કેટલાક કહેતા કે we have to boycott swadeshi goods! બંનેના કહેવાનો ભાવ તો એક જ હતો, પણ boycottનો અર્થ તેઓ જાણતા નહોતા. (મૂળ તો બૉયકૉટ એક માણસનું નામ હતું જેની સાથે લોકોએ બધા જ સામાજિક સંબંધો તોડી નાખ્યા હતા.)

સ્વદેશીનો ઉદ્દેશ આપણા દેશના હુન્નરઉદ્યોગ વધારવાનો હતો. દેશના ભૂખ્યા કારીગરોને એમની રોજી પાછી આપવાની એમાં વાત હતી. સ્વદેશી સંસ્કૃતિની પ્રતિષ્ઠા વધારી રાષ્ટ્રશક્તિ જાગૃત કરવાનો ભાવ પણ તેમાં હતો. બહિષ્કાર પાછળ અંગ્રેજોને નુકસાન પહોંચાડવાની ખાસ દાનત નહોતી. અંગ્રેજોનાં કારખાનાંઓ બેસી જઇ તેમની શક્તિ ક્ષીણ થશે ને એથી ડરી જઈ આપણી વાત માની લેશે એવી વિચાર-પરંપરા બહિષ્કાર પાછળ હતી.

આવી ભાવનાનું એક પરિણામ એ આવ્યું કે બહિષ્કારવાદીઓ સ્વદેશી હુન્નર-ઉદ્યોગ વધારવાનો ઉત્સાહ ન દાખવતાં ઇટાલિયન, જાપાની કે જર્મન માલ લેવા તૈયાર થતા હતા. બહિષ્કારવાદીઓને ઇટાલિયન કાપડ ખરીદતા મેં જોએલા. તેઓ કહેતા કે સ્વદેશી માલ તૈયાર કરતાં તો કેટલાં યે વર્ષો વીતી જશે, અને આપણે તો અંગ્રેજોને આજે જ નુકસાન પહોંચાડવું છે. આપણે અંગ્રેજોના દુશ્મનોને મજબૂત કરી અંગ્રેજોની તાકાત ઘટાડીશું. કેવળ સ્વદેશી, એ તો ફક્ત આર્થિક વાત છે. બહિષ્કાર રાજનૈતિક શસ્ત્ર છે.

સ્વદેશીવાળાઓ કહેતા કે અંગ્રેજોને કમજોર બનાવી જો આપણે ઈટાલિયન કે જર્મન લોકોનો માલ ખરીદશું તો એ દેશના લોકો મજબૂત બનશે; એથી આપણને શો લાભ? આપણે તો બીજાના આશ્રિત જ રહીશું. જેમ પોતાનો વેપાર વધારવા અંગ્રેજોએ અહીં પોતાનું રાજ્ય જમાવ્યું એમ જ જર્મનો કે ઈટાલિયનો પણ અહીં પોતાનો વેપાર વધતો જોઈ અહીંના રાજ્યકર્તા બનવા પ્રયત્નો કરશે. પરદેશી રાજ્યોને અંદરોઅંદર લડાવવાથી આપણી શક્તિ નહીં વધે.

થોડા લોકો એમ પણ કહેતા કે આપણે વિલાયતી કાપડનો બહિષ્કાર કરીશું ને સ્વદેશી માલ મળશે તો એ જરૂર લઇશું; ને જો નહિ મળે તો ઉઘાડા ફરીશું. પણ બધા લોકની એ હિંમત નહોતી.

એક દિવસ પૂનામાં સ્વદેશી બહિષ્કારની સભા મળી. કોઈએ પરદેશી માલની હોળી કરવાનું સુઝાડયું; એટલે કે પરદેશી માલ બાળી નાખવો જોઇએ. ઉત્સાહી લોકોએ એ વિચાર મંજૂર કર્યો ને અહીંતહીંથી પરદેશી માલ એકઠો કર્યો. સ્વયંસેવક યુવકો તો વાનર જ કહેવાય! એમણે તો લોકોના માથા પરથી પરદેશી ટોપીઓ ઉતારવી શરૂ કરી, અને બળતા કપડાની એ હોળી વધુ પ્રજ્વળી.

એ દિવસે મેં સાંભળ્યું કે એક દેશભક્ત પોતાની કીમતી પરદેશી ટોપી કોટમાં છુપાવી ઉઘાડે માથે જ ઘેર ગએલા. બીજા એક જૂના દેશભક્તે પોતાનું પરદેશી કાપડનું જાકિટ ખેસ નીચે છુપાવેલું.

જ્યારે બહિષ્કારની વાત ચાલી ત્યારે સાધારણ લોકો તો એમ પણ પૂછવા લાગ્યા કે તમે ચશ્માં શા માટે પહેરો છો? ખિસ્સા-ઘડિયાળ કેમ રાખો છો? જે સિક્કાઓ પર અંગ્રેજી રાજ્યની મહોર છે એ પૈસા પણ હાથમાં શા માટે લ્યો છો? ત્યારે કોઈએ એક જૂની વાત સંભળાવી. ઈ.સ ૧૮૯૭માં સ્વદેશી આંદોલનનો પ્રારંભ થયો અને 'સાર્વજનિક કાકા' જોષીએ લોકોને બતાવ્યું કે પરદેશી કાપડને કારણે આપણા ૬૦ કરોડ રૂપિયા પરદેશ જાય છે ત્યારે યે લોકોએ તેમને હસી કાઢેલા. તેઓ હાથે કાંતેલું અને હાથે બનાવેલું ગજિયાનું કાપડ પહેરતા. ગજિયાની એમની પાઘડી (જેને મહારાષ્ટ્રમાં 'પાગોટે' કહે છે.) માથા પર મોટી ઢાલ કે રથના પૈડા જેવી દેખાતી. પૂનાના એક જાણીતા વૈદ્ય પણ આવી પાઘડી પહેરતા. એ ગજીયાને આજે આપણે ખાદી કહીએ છીએ. એમની મશ્કરી કરવા એક માણસે તાંબાનું એક મોટું વાસણ પોતાના ગળામાં લટકાવ્યું ને તેમાં પાણી ભરી એક કાણાવાળો વાટકો તેમાં તરતો મૂકયો. રસ્તામાં લોકો પૂછે કે 'આ શું કૌતુક છે?' ત્યારે જવાબ દેતા કે 'આ તો આ સ્વદેશી લોકોની ઘડિયાળ છે. વાટકો પાણીથી ભરાઇ ડૂબી જશે ત્યારે એક ઘટિકા થશે.આપણા પૂર્વજો આવા જ ઘટિકાયંત્ર વડે સમય માપતા હતા.' (આજે યે લગ્ન વેળા આવું ઘટિકાયંત્ર રખાય છે.) સ્વદેશીને કેટલાક લોકો 'સોદેશાહી' પણ કહેતા.

ઉપરની વાત જ્યારે મેં સાંભળી ત્યારે મારા બાળપણના દિવસો યાદ આવ્યા. બજારમાં જઇ જેવું મળે તેવું પરદેશી કાપડ અમે ખરીદતા હતા. માંચેસ્ટરથી આવેલું 'માજરપાટ' ગામડે ગામડે પહોંચ્યું હતું. એ દિવસોમાં મારા મોટા ભાઇ ખસૂસ સ્વદેશી કપડાં જ પહેરતા. ત્યારે એવો આગ્રહ રખાતો કે સૂતર ભલે પરદેશી

હોય, પણ વણાટ તો આપણા દેશનો જ હોવો જોઇએ. મારા મોટા ભાઈને સુંદર-અસુંદરનો ખ્યાલ બહુ ઓછો હતો. જેવું મળે એવું સ્વદેશી કાપડ લઈ તેઓ પોતાનો કોટ સિવડાવી લેતા. મને તો એથી લજ્જા આવતી, અને હું એમને કહેતો પણ ખરો, કે "બાબા તને આવાં 'ગામઠી' કપડાં કેમ ગમે છે?" સાચી વાત તો એ હતી કે મારા બાળ મનમાં સ્વદેશીનો વિરોધ નહોતો, કે નહોતો સ્વદેશી પ્રત્યે પક્ષપાત. પણ જેવાં કપડાં મારા ભાઇ પસંદ કરતા હતા તેનો રંગ, એમની માફક મને સારો નહોતો લાગતો. પણ કહેવામાં તો મેં એ કાપડ 'ગામઠી' હોવાનો જ દોષ બતાવેલો. મારા મોટાભાઇએ જવાબ દીધો, 'દત્તુ. આજ તું નાનો છે, કંઇ સમજતો નથી; જ્યારે મોટો થઇશ ત્યારે સ્વદેશીની વાત તારા ધ્યાનમાં આપોઆપ આવી જશે અને તું મારાથી યે આગળ વધશે.'

સ્વદેશી-બહિષ્કારનું આંદોલન જ્યારે આગળ વધ્યું ત્યારે લોકો કહેવા લાગ્યા કે દેશમાં જ વણાએલું કાપડ હોય એટલું પૂરતું નથી. આપણે અંગ્રેજી ઢબનો કોટ પણ શા માટે પહેરવો? આપણું પુરાણું કુડતું શું કમ છે? આપણે ટોપી યે છોડી દઈએ. આપણે ફેંટો કે ફાળિયું જ પહેરવું જોઇએ. મારા જેવા નવયુવાનો કહેતા કે એ પહેરવાથી દેશને શું નુકસાન છે? અમને કુડતું ગમતું નથી. ઢીલું ઢફ શું સારું? હા, જો કોટ બનાવડાવવાથી દેશના પૈસા પરદેશ જતા હોય તો અમે તે છોડી કુડતું પહેરીશું. જવાબ મળતો કે પરદેશી ઢબનાં કપડાં પહેરવાથી આપણું હૃદય પરદેશી બની જાય છે; આપણે આપણી વૃત્તિઓમાં પણ અંગ્રેજોના ગુલામ બની જઈએ છીએ. આપણા પૂર્વજો શું મૂર્ખ હતા કે તેમણે કુડતું પસંદ કર્યું?

એટલામાં એક વેદકાલના અભિમાની બોલી ઊઠયા, 'અરે કુડતું યે કયાં શુદ્ધ સ્વદેશી છે? કુડતું તો પઠાણ કે મુઘલ રાજ્યકર્તા આપણા દેશમાં લઇ આવ્યા. દરજીનો ધંધો જ પરદેશથી આવ્યો છેને! આપણે ત્યાં અસલી સ્વદેશી રીત જ જુદી હતી. નીચે ધોતિયું, ખભા પર ખેસ અને માથે શિરોવેષ્ટન કે ફેંટો. દરજીનું કામ જ નહિને!'

આ રીતે આર્થિક સ્વદેશીએ સાંસ્કૃતિક સ્વદેશીનું રૂપ ધારણ કર્યું ને સ્વદેશાભિમાને પ્રાચીનકાળની ભૂતોપાસના શરૂ કરી દીધી.

કોઈએ કહ્યું કે અમેરિકામાં જઈને તો જુઓ, ત્યાંના હબસીઓએ તો પોતાનાં બાળકોને ગોરા રંગનાં ઢીંગલા-ઢીંગલી આપવાં પણ બંધ કરી દીધાં છે. ચિનાઈ માટીની સફેદ ઢીંગલીઓ જોઇ હબસી બાળકોનાં મનમાં એવી ભાવના પોષાય છે કે સફેદ ચામડીના લોકો શ્રેષ્ઠ છે; કાળા લોકો પછાત છે, દાસ છે; એટલે સફેદ ઢીંગલીઓ જ બધી ફોડી નાખવી જોઇએ.

હિંદુસ્તાનમાં હેવેલે અંગ્રેજી ચિત્રકળાનો વિરોધ કરી સ્વદેશી પૌરાણિક ચિત્રકળાનો પુરસ્કાર કર્યો. એમના પછી શ્રી આનંદ કુમારસ્વામી આગળ આવ્યા. તેમણે ભારતીય સાંસ્કૃતિક અને સ્વદેશી આંદોલનનો સમન્વય કરી દેખાડયો, અને એ પણ બતાવ્યું કે કારખાનાં દ્વારા પશ્ચિમી સંસ્કૃતિએ આત્મહત્યા કરી છે. એનું અનુકરણ આપણે ન કરીએ. આપણે હાથકારીગરી ને ગ્રામોદ્યોગનો જ પુરસ્કાર કરવો જોઈએ. શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે પોતાનાં કાવ્યો અને લેખો દ્વારા સ્વદેશી આંદોલનને સાંસ્કૃતિક પાયો ગણાવ્યો અને સ્વામી વિવેકાનંદની શિષ્યા ભગિની નિવેદિતાએ આ જ સાંસ્કૃતિક, ધાર્મિક, સ્વદેશી વૃત્તિને જીવનદષ્ટિનું સાર્વભૌમ રૂપ આપી દીધું.

આ વારસાગત મૂળ પર મહાત્મા ગાંધીજીએ જે સ્વદેશી, ગ્રામોદ્યોગ અને ખાદીનું આંદોલન ચલાવ્યું એને તો સૌ જાણે છે. (ચાલુ)

બાંધી ગઠરિયાં (અનુસંધાન પૃષ્ઠ ૫૪થી) તો પૂછવું જ શું? ગગનભાઈ મારાથી બેએક વર્ષે કૉલેજમાં આગળ. સ્વભાવ લહેરી. જાતજાતના ટુચકા એને સારા મોઢે. રાધાકૃષ્ણ, રાજાજી, રામનારાયણ, રામકિશોર, શ્રીરામ, રાજકુમારી, રાજેન્દ્રબાબુ વગેરેમાંથી કોઇ ને કોઇએ, એક વાર,—કોણે તો, હાં રામકિશોરે—ફલાણી જોક કરેલી, મોટો ચમરબંધ પણ અટકાવી ન શકે એવી અદાકારીથી કહેતા. એમને સાંભળવાની મઝા આવતી. અને પછી આપણી કંઈ ટકોરે, યા વાત પૂરી થતાં જે નિખાલસતાથી એ મુક્ત હાસ્ય કરતા તે જોતાં ભલભલાનું મન પ્રફુલ્લ થતું. જિતુભાઇ મહેતા તો કહેતા કે કોઈ વાર એ રામભરોંસે જ હાંકતા: એટલેકે રામનારાયણની જોક શ્રીરામ પર ચોડી દેતા. પણ હું માનતો કે એમ એ જાણી જોઇને જ કરતા. તો જિતુભાઈ કહેતા: 'કંઈ કારણ? વ્હાઈ?'

'આપણા દેશમાં ચાડિયા અને ચુગલીખોરોનું પ્રમાણ વધારે, એટલે એવી કોઇ જોક કોઇ પાછી એને મોઢે જઇને કહે તો કેવું લાગે? એટલે આટલો કલાત્મક ફેરફાર જરૂરનો હતો.'

દુલ્લા જિતુભાઈ તાળી ઠોકી કન્વિન્સ થઈ ત્યારે 'કૉરેક્ટ' કહેતા, એ પણ સાંભળવાનો એક લ્હાવો હતો.

જી.એલ.એમ.ની સહીથી ગગનભાઇએ ઘણા અંગ્રેજી હળવા લેખો લખ્યા છે. એના બે સંગ્રહો પણ એમણે બહાર પાડયા છે; પણ અત્યારે તો હું હળવી નહિ પણ જરા ગંભીર વાત એમની રજા વગર જ રજૂ કરવા હિંમત કરું છું.

ત્યારે ગગનભાઈ કલકત્તાની સિંધિયા સ્ટીમ નૅવીગેશન કંપનીમાં મૅનેજર હતા. ટ્રેનમાં અમે બંગાળના બે મશહૂર ખૂન કેસોની વાત કરી. પછી તંત્રવિદ્યા વિષે ચર્ચા જામતાં એમણે આ મતલબનો કિસ્સો સંભળાવ્યો,—ટૂંકમાં.

'ચન્દ્રવદન! અમારી ઑફિસમાં એક કલાર્ક હતો. એણે ચોરી કરી. એને અમે પકડાવી કેસ કર્યો. એણે આવી કેસ ખેંચી લેવા વિનતિ કરી. પણ તેમ થઈ શકે એમ નહોતું. થાય તો હું સંકટમાં આવું.

કેસ ચાલ્યો, એણે તાંત્રિકની મદદ લીધી અને ક્રિયા શરૂ કરી. કેસ તદ્દન ચોખ્ખો ને પૂરી સાબિતી, છતાં ચુકાદો એની તરફેણમાં આવ્યો અને એ છૂટી ગયો!

હું હતાશ થઈ ઘેર આવ્યો, ત્યાં જજનો ફોન આવ્યો કે મને મળી જશો. હું મળ્યો. એણે ચુકાદા માટે દિલગીરી જાહેર કરી, અને ઉમેર્યું કે ચુકાદો લખતી વખતે અચાનક જ મને કંઈ થઈ આવ્યું અને આવું લખાઈ ગયું! હજી હું એનું કારણ સમજી શકતો નથી! હું જજમેન્ટ પાછું ખેંચી ફેરવી નાખું તો ઠીક ન લાગે. પણ તે ઉપરાંત તમે કહો તે કરવા હું તૈયાર છું. પણ એનો કશો જ અર્થ નહોતો. છતાં એણે એની થએલી ભૂલ કબૂલ કરતો પત્ર લખી મને અંગત રીતે રાખી મૂકવા અને જરૂર પડયે ઉપયોગ માટે આપ્યો.'

આ વાત મેં બહુ ટૂંકમાં લખી છે. મૂળ વાત એટલી કે ચોખ્ખો કેસ છતાં ચુકાદો ઊંધો! એમ તો કંઈક ઊંધા ચુકાદા આવે છે, પણ આમાં તો તરત જજની ભ્રાંતિનું દૂર થવું, અને એનો પશ્ચાત્તાપ. અમે બંને ચર્ચા કરીને પણ કશા નિર્ણય પર તો ન આવ્યા, પણ તંત્રવિદ્યા જેવું કંઈક છે ખરું એટલું તો માનતા થયા.

મેં લખી છે એના કરતાં યે વાત તો વધારે નીકળશે; એટલે આ ન માનો તો ગગનવિહારી મહેતાને જ જો મળો તો પૂછી જોજો. તંત્રવિદ્યા જેવું કંઈ છે એમ તો હું પણ માનું છું. એને મેલી વિદ્યા, કાળી વિદ્યા કે બ્લૅક મૅજિક કહો, જે કહેવું હોય તે કહો, પણ કંઈક છે એ ચોક્કસ.

પણ અટાણે આ વિષયમાં ઊંડા ન ઊતરીએ તો સારું. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

માહ ૧૯૮૪ અંક ૫૦માંથી

અસહકાર ને સત્યાગ્રહની લડતમાં યુવકોનો ફાળો ઘણો મોટો હતો; પરંતુ રાષ્ટ્રોત્થાનમાં તેમનો રચનાત્મક ફાળો કઈ રીતે હોવો જોઇએ તેની સભાન—જાગૃત વિચારણા કરવાના પ્રયત્નોની શરૂઆત તો આજથી પચ્ચીસ વર્ષ પહેલાં થઈ. એ વખતે દેશમાં–ગુજરાતમાં ઠેરઠેર યુવકપ્રવૃત્તિઓને અંગે જે સંમેલનો અને પરિષદો થયાં તે પરત્વે અમે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકના 'મિજલસ' વિભાગમાં લખેલા અગ્રલેખમાંના વિચારો આજે–સ્વાતંત્ર્ય મળ્યા પછી પણ–રચનાત્મક કાર્ય માટે એટલા જ માર્ગદર્શક હોઈ આ નીચે ઉતારીએ છીએ:

'યુવકોની પ્રવૃત્તિનું મુખ્ય ધ્યેય તો પડેલી પ્રજામાં પ્રાણસંચાર કરવાનું, ઊંઘતાંને જાગૃત કરવાનું, અંધકારમાં પ્રકાશ ફેલાવવાનું અને ઘરેઘર ઘૂમી વળી ઉલ્લાસનો મંત્ર ફૂંકવાનું છે. આપણો પછાત વર્ગ અંધકારમાં સબડે છે તેમની સેવા પાછળ કેટલા યુવકોએ ભેખ લીધો? આપણા સમાજ, કેળવણી, વેપાર અને રાજકારણનાં બંધનોનું જડામૂળ કાઢવા કેટલા યુવકો હોમાયા? આપણાં નિર્માલ્ય શરીર માટે નવાં ખોળિયાં ઘડવા કેટલા નવા અખાડાઓ પ્રગટાયા? આપણાં અનાથ અને ભુંસાઇ જતાં ગામડાંઓની પુનર્રચના પાછળ કેટલા બત્રીશાઓ દટાયા? એ હિસાબ જ્યારે યુવક-પ્રવૃત્તિઓ આપતી હશે–જ્યારે વસંતની નવફૂટતી કૂંપળો પેરે શહેરેશહેર, ગામેગામ ને પોળેપોળ અખાડાઓ ફૂટી નીકળ્યા હશે; જ્યારે ફૂટતી આવની મૂછોવાળા કલ્લોલતા નવલોહીઆઓ ખભે પોટલાં ને હાથમાં લાકડીઓ લઈ ટોળાબંધ આપણાં ગામડાંઓમાં અઠવાડિયાઓ સુધી ઊભર.તા હશે; જ્યારે દેશના એકેએક વિભાગમાં—ગામડાના ચૅારામાં, રાત્રિશાળામાં, ઉદ્યોગ-શાળામાં, મજૂર લત્તાઓમાં કે પછાતવર્ગોના આશ્રમોમાં એકેક જોધારમલ્લ મઠપતિ થઈ પોતાની પ્રવૃત્તિ પાછળ ભેખ લઈ દટાઈ ગયો હશે; અને જ્યારે દેશની હાકલ પડતાંને વાર દેશનાં છ કરોડ ઘરમાંથી એકેક યુવાન સામી ત્રાડ દેતો બહાર નીકળી એ છ કરોડની સામટી ત્રાડે ભારતના આભને ધણધણાવવા તૈયાર હશે ત્યારે–તે દહાડે જ આપણો જયવારો છે; તે દહાડે જ આપણાં મોં ઊજળાં થવાનાં છે.

સત્તરમી સદીની શરૂઆતમાં 'મે ફ્લાવર' વહાણમાં બેસીને મુઠ્ઠીભર શ્રદ્ધાળુ કુટુંબો તોફાની આટલાંટિક પાર કરી એક અરધી દુનિયા જેવડા વિશાળ ઉજ્જડ સરખા ખંડને આરે લાંગરે છે, અને આજ વીસમી સદીની શરૂઆતમાં એ અફાટ દેશનો એકેએક માણસ, પથ્થર,–રે તણખલું સુદ્ધાં, મહત્તા, સમૃદ્ધિ અને પ્રગતિના પૂરમાં છે. એમણે યુદ્ધો ખેડયાં ને સ્વતંત્રતા સરજાવી; એમણે એ આખો ખંડ ખેડયો અને સમૃદ્ધિ સરજાવી; એમણે જીવનના વિવિધ અનુભવો ખેડયા ને પોતાની સંસ્કૃતિ સરજાવી—માત્ર ત્રણસો વર્ષમાં; અને તે કોઈની સહાય વિના, કોઇના આશરા વિના; કેવળ આત્મશ્રદ્ધાના બળ ઉપર લડીને, અડગ ધૈર્યથી ને અતુલ શૌર્યથી. પરિણામે આજે એ દેશ–અમેરિકા દુનિયાની પ્રજામાં મોખરે છે: બળમાં ને આરોગ્યમાં, સમૃદ્ધિમાં ને સત્તામાં, વિજ્ઞાનમાં ને પ્રગતિમાં.

જગતભરની પ્રજાઓના મોખરામાં ચાલતી એ અમેરિકાની પ્રજાના ઘડતરમાં અગ્રિમ ફાળો આપનાર એક મહાબુદ્ધિશાળી ને વિચક્ષણ પુરુષવરનું ચરિત્ર અમે આજથી પચ્ચીચ વરસ પર આપેલું તેનો આ પ્રવેશક છે. એક અજાણ્યા અફાટ મુલકમાં આવીને એ પ્રજાએ તદ્દન નવેસરથી પોતાનું જે પ્રજાજીવન ઘડયું એ આરંભકાળના તેના અગ્રણી પુરુષોમાં બેન્જામિન ફ્રાંકલિનનું નામ આગળ તરવું છે. શાણી, ધીર ને મક્કમ વાટાઘાટોથી અમેરિકાની પ્રજાને સ્વાતંત્ર્ય અપાવવામાં જેમ એનો ફાળો હતો, તેમ કુદરતના એક ભીષણ શસ્ત્ર સમી ભયંકર શક્તિ જે વીજળી, તેને પૃથ્વી પર ઉતારી માનવ ઉપયોગમાં લેનારા સફળ અખતરાઓ પણ એણે જાનના જોખમે કર્યા હતા. પોતાના એ માનીતા 'બેન ફ્રાંક'ના એ સાહસને સંભારીસંભારીને ત્યાંની પ્રજા આજે ફૂલતી છાતીએ એના વિષે બોલે છે કે 'એણે રાજાઓના હાથમાંથી રાજદંડ ઝૂંટવ્યા ને આકાશમાંથી વીજળીને ઝૂંટવી અવની પર આણી ઉતારી.'

ગરીબીના કાદવમાંથી કેવળ આપબળે બહાર આવી પોતાના દેશના ઘડતરમાં અનેક રીતે અમૂલ્ય ફાળો આપનાર એ સમર્થ પુરુષના ચરિત્રની માત્ર આછી રેખા જ અમે આપેલી; પરંતુ કોઇ નાનામાં નાનો માણસ પણ અનુસરવાનો પ્રયત્ન કરી શકે એવું, એ મુદ્રક મુત્સદ્દી ને શોધક, લેખક રાજનીતિપુર્ણ અને વિજ્ઞાનીનું અતિ પ્રેરક આત્મ ચરિત્ર વિસ્તૃત ગ્રંથ રૂપે ઘણાં વર્ષ પહેલાં ગુજરાત વર્નાક્યુલર સોસાએટીએ બહાર પાડયું છે અને જગતની જાણીતી આત્મકથાઓમાં તેની ગણના થાય છે.

બૉસ્ટન ગામના એક ખૂણામાં ઈ. ૧૭૦૬ માં એ જન્મ્યો ત્યારે તેનાં માતપિતાને કે તેનાં ૧૬ ભાંડુઓમાંથી કોઇને ખબર નહોતી કે તેમને ત્યાં ભવિષ્યમાં દુનિયાની એક મહાનમાં મહાન વિભૂતિ થવા સર્જાએલી અને અમેરિકાની પ્રજાને પ્રગતિને પંથે મૂકનારી વ્યક્તિનો જન્મ થયો હતો. આજે તો કોઈ પણ અમેરિકનને કાને બેન્જામિન ફ્રાંકલિનનું નામ પડતાં તેની નજર આગળ એક વિચક્ષણ રાજનીતિજ્ઞ, મહાનયુગપ્રવર્તક, ચાણાક્યબુદ્ધિવાળી અને પોતાનાં બુદ્ધિચાતુર્યથી પ્રજાના આંતરિક કલહકંકાસને દૂર કરી શાંતિ અને સુલેહનો પેગામ પહોંચાડનારી વિભૂતિ ખડી થાય છે. તેના જીવનની હરેક બાજુ અત્યંત બોધક અને રસિક છે.

તેનામાં ગમે ત્યાંથી ગમે તે પ્રયત્ને જ્ઞાન મેળવી લેવાની ભારે ધગશ હતી અને વારંવાર આત્મપરીક્ષણ કરવાની અપ્રતિમ શક્તિ હતી. ઉપરાંત, ભાગ્યે જ કોઈમાં હોય એવો એક ઉત્તમ ગુણ તેનામાં એ હતો કે તે પોતાની કોઈ પણ માન્યતા લોકો પાસે એવી તો સચોટ રીતે તે રજૂ કરતો કે ગમે તેવો સાધારણ માણસ પણ સહેલાઈથી સમજી શકે.

ગરીબ માબાપનાં સત્તર છોકરાંઓમાંનો એક હોઇને તેને વડિલોપાર્જિત વારસો તો બિલકુલ નહોતો મળ્યો. આથી તેને જીવનમાં આપબળે જ આગળ ધપવાનું હતું. બેન્જામિન નાનું છોકરું મટી સહેજ મોટો થયો ન થયો એટલામાં તો તેણે તેના ભાઇ જેમ્સના છાપખાનામાં ઉમેદવારી કરીને જીવનની શરૂઆત કરી.'...પણ અહીં કંઈ એ આખું ચરિત્ર ઉતારાય નહિ. આ તો માત્ર પચ્ચીસ વર્ષ પહેલાં અપાએલી વસ્તુની વાનગી જ છે.

જ્વાળામુખીઓનાં પણ સંશોધન થાય છે, અને તે માટે વિજ્ઞાનીઓ પોતાના પ્રાણનાં બલિદાન આપીને પણ જગતનાં જ્ઞાન-વિજ્ઞાન અર્થે કેવાં સાહસો ખેડે છે તેનો શ્રી છેલશંકર વ્યાસે 'હિંદુસ્તાન' પત્રમાં લખેલો અહેવાલ અમે ત્યારે 'માધુકરી'માં ઉતારેલો:

'ધરતી ઉપર આશરે ૪૦૦ જ્વાળામુખીઓ ધગધગતી રાખ, અગ્નિ અને લાવારસ

ઉછાળ્યા કરે છે. પણ એ સૌ રુદ્ર પર્વતોમાં શિરોમણિ એવો યુરોપનો જ્વાળામુખી વિસૂવિયસ છે. વિજ્ઞાન ને જ્વાળામુખીશાસ્ત્રમાં એના જેટલો ફાળો બીજા કોઇ અગ્નિપર્વતે આપ્યો નથી.

કુદરતની મનસ્વી લીલાનું ભાન કરાવતો આ અગ્નિભંડાર જેટલો ભયંકર છે તેટલો જ રમણીય પણ છે. માનવ સત્તા સામે તે બીજા જ્વાળામુખીઓ જેવું પ્રચંડ બંડ નથી જગાવતો. એટલે જ આજે તેની ટોચ નજદીકની ટેકરીઓ ઉપર જગતની સૌથી મોટી અગ્નિમુખી વેધશાળા સ્થાપી શકાઈ છે.

એનો છેલ્લામાં છેલ્લો નોંધવાલાયક પ્રકોપ ૧૯૦૬ની ચોથી એપ્રિલે થએલો. ત્યારે સત્તર દિવસ સુધી નેપલ્સની આસપાસ ધરતીકંપના ભયંકર ધડાકાઓએ મહેલાતોને જમીનદોસ્ત કરી માનવતાનો સોથ વાળી નાખેલો. છતાં એ સમયે—એવે ભયંકર સમયે પણ વિજ્ઞાનની પ્રગતિની ઝંખના કરતા કંઈક મહાવીરો પોતાના સંશોધનમાં મસ્ત હતા. મરણના ભય વચ્ચે પણ તેમને આ જ્વાળામુખી રમણીય લાગતો હતો; કારણ કે તેના તાંડવ નૃત્યમાંથી તેમને ઘણું યે જાણવાનું અને દુનિયાને જણાવવાનું મળતું હતું.

વિસૂવિયસની પ્રાચીનમાં પ્રાચીન રુદ્રલીલાની નોંધ છેક ઇ. સ. ૭૯ના વરસની મળી આવે છે. ઇ. સ. ૧૬૩૧માં તેનો એક મોટામાં મોટો ધડાકો થયો હતો. એ વખતે તેના અગ્નિરસે ૧૮,૦૦૦ માણસોની કાયાને બાળી નાખી હતી. એ પછી મોટામોટા ધડાકા લાંબે સમયે કરવાને બદલે હવે તે વારંવાર નાનાંનાનાં નખરાં કરે છે. ૧૬૩૧ પછીનાં વરસોમાં નોંધવાલાયક મોટા ધડાકા ૧૭૬૬–૬૭, ૧૭૭૯, ૧૭૯૪, ૧૮૨૨, ૧૮૭૨ અને ૧૯૦૬માં થયા છે. તે પછી તેણે પૂરાં સાત વર્ષ સુધી શાન્તિ સેવી હતી.

વિસૂવિયસનું સાન્નિધ્ય સુધરેલી પ્રજાને લાભ આપે છે તેમ ગેરલાભ પણ આપે છે. વૈજ્ઞાનિક વિલોકન કરનારાઓ માટે તે દુરારોહ નથી, એટલે ઘણાં યે વર્ષોથી તેના ઉપર ભૌતિકશાસ્ત્રીઓ અખતરા અજમાવી રહ્યા છે. તેના નાના કદને લીધે, ભયંકરતાની કંઈક અલ્પતાને લીધે, તેના સમૃદ્ધ ખનીજ ભંડારને લીધે, વીસુવિયસ 'કૅબિનેટ વૉલ્કેનો' કહેવાય છે. તેનો દરેક ધડાકો, તેની એકેએક સ્વચ્છંદી કે સંયમી પ્રવૃત્તિ જ્વાળામુખીશાસ્ત્રના સિદ્ધાંતોમાં ઉમેરો કરી આપે છે.

વિસૂવિયસ ઉપર દુનિયાની મોટામાં મોટી વેધશાળા—ઑબ્ઝરવેટરી—માંની એક છે. એની સ્થાપના થયે એંશી વર્ષ વહી ગયાં છે અને એ સમયપ્રવાહમાંથી અણમૂલો જ્ઞાનભંડાર નીપજ્યો છે. નેપલ્સમાં ૧૯૧૪માં ડૉ. ઇમૅન્યુઅલ ફ્રેડલાંડરે જ્વાળામુખી–પ્રયોગશાળા સ્થાપી છે. નેપલ્સ વિદ્યાપીઠમાં આંતરરાષ્ટ્રીય ભૌતિક સમાજના જ્વાળામુખીશાસ્ત્રના વિભાગની ઑફિસો છે. ત્યાં આ નવીન શાસ્ત્રને લગતું મબલખ પુસ્તકાલય પણ ઊભું કરવામા આવ્યું છે.

વિસૂવિયસની વેધશાળા મધ્યપર્વતની પશ્ચિમ કિનારી ઉપર ઊભી છે. અહીં આગળ અગ્નિરસથી તે ઘણે ભાગે અલિપ્ત રહી શકે છે, કારણ કે જ્વાળામુખીના જડબાંમાંથી નીકળતો એ રસ તો ઘણોખરો બાજુની ખીણોમાં વહી જાય છે. છતાં ભૂકંપથી તે વેધશાળાને ઘણીવાર હેરાનગતિ તો ભોગવવી જ પડે છે.

એ વેધશાળામાં કામ કરતાં, કંઇક વિજ્ઞાનવીરોએ જગતને જ્ઞાન આપવા માટે પોતાની અણમોલ જિંદગીએ ફના કરી છે. એનો પ્રથમ સંચાલક મેલોની હતો. તેણે ઈ. સ. ૧૮૫૪માં વિજ્ઞાનપ્રગતિ માટે જીવનનું બલિદાન આપ્યું. ઈ. સ. ૧૮૭૨ના પ્રચંડ પર્વતકંપ અને ધડાકા વખતે મેલોનીનો અનુગામી પાલમેરી પોતાના સ્થાનક ઉપર અવિચળ ઊભો રહ્યો અને રોજેરોજ દુનિયાને એ જ્વાળામુખીના સંદેશા પાઠવ્યા કર્યાં. આખરે એ પણ હોમાયો. તેના પછી આવ્યો મેટ્યુસી જેણે ૧૯૦૬ના જબ્બર પ્રકોપ વખતે વેધશાળામાંથી બેધડક નિરીક્ષણ કરેલું. એ વેળા તેના ઉપર ધગધગતી રાખનાં વાદળો ફરી વળતાં. પરિણામે તે પણ પોતાના પૂર્વગામીઓના પંથે ચાલ્યો ગયો. પણ આ બહાદુર નરોએ દિવસોના દિવસો સુધી એ જ્વાળામુખીની ચોકી કરીને પોતાના અનુભવો અને નિરીક્ષણોના જે વૃત્તાન્તો રોજેરોજ નીચે મોકલ્યા કર્યાં હતા તે છપાઇ છપાઇને જગતને એ ધડાકા, ધુમાડા, રાખ ને અગ્નિરસનો અદ્‌ભુત ઇતિહાસ આપતા રહ્યા.

૧૯૦૬ના ધડાકાએ વિસૂવિયસની ટોચનો ૩૫૦ ફીટ જેટલો જબ્બર જથ્થો ઉડાવી દીધો. એ પ્રચંડ પર્વતશૃંગના ચૂરેચૂરા હવામાં વેરાઈ ગયા. અને ડુંગરનું જડબું પહોળું બન્યું. આ વિકરાળ અગ્નિમુખમાંથી નીકળતો લાવા હવે પૂર્વ દિશાએ આવેલી પાતાળકુક્ષી (વૅલી ઑવ હેલ)માં ઢોળાઇ જાય છે, અને એ બાજુના તેરઝીંગો ગામને વારંવાર સાફ કરી નાખવા ધુજારી આપે છે.

હજી પણ આ વિસૂવિયસનો વિસ્મયભંડાર દુનિયા આગળ ઠાલવવા માટે વિજ્ઞાનના શોખીનો ભયંકર સાહસો ખેડી રહ્યા છે. ૧૯૧૧માં જ્યારે આ જ્વાળામુખીનું જડબું ૧૦૦૦ ફીટ ઊંડું હતું, ત્યારે તે માંહે ઊતરી તળિયાની તપાસ કરવાના અખતરા વિજ્ઞાનશાસ્ત્રીઓએ કર્યા હતા. ઘણાક તો અરધે જતાં જ રોકાઇ ગયા હતા. ૧૯૧૨માં પ્રો. આલેસાનોએ પોતાના સાથીઓ સાથે એ જ્વાળામુખીના ગર્ભમાં ઊતરીને પહેલી સફળતા મેળવી. ચામડીને દઝાડે એવી ગરમી વચ્ચે રહીને, ગુંગળાવતા ગૅસ વચ્ચે, દોરડાં ઉપર શરીરો લટકતાં રાખીને એ સાહસશૂરોએ કેટલા યે ફોટોગ્રાફ લીધા અને દુનિયાને છક્ક કરી નાખી. એમણે અંદર રહીને ગરમીનાં માપ કાઢ્યાં, શીશીઓ અને નળીઓમાં ગૅસ એકઠો કર્યો અને કેટલી યે ખનીજ વસ્તુઓના નમૂના લીધા. એ અજાયબ સાહસ અને શોધખોળ પછી જગતનાં જ્ઞાનમાં જબરી ભરતી થઈ છે.'



બંડુ નાના (અનુસંધાન પૃષ્ઠ ૫૦થી ચાલુ) કોણ આપે? પંદર વર્ષ જીવવાની હજી હિંમત છે. સાવિત્રી જેવી સદ્‌ગુણી પત્ની છે. વિમલ: નક્ષત્ર જેવી પુત્રી છે; કોઈ પણ હસીને તેને સ્વીકારી લેશે. વિશ્વાસ: આ વર્ષે મૅટ્રિકમાં છે; પાંચ-છ વર્ષમાં એમ.એ. થઈ જશે. અને વિશ્વનાથ...આંધળા છોકરાને પણ લોકો ક્યાં નથી નિભાવતા?

એટલામાં ટાંગામાંથી પસાર થતા શેઠે નાનાની વિચારમાળા તોડી. નાના તંદ્રામાંથી જાગ્યા. નાનાને તરત જ દુકાનનો ખયાલ આવ્યો: 'અરે, હજી દુકાનનો હિસાબ બાકી રહ્યો છે. નાના મનમાં ગણગણ્યા. એક હૉટેલની ઘડિયાળમાં તેમણે જોયું. અગિયાર વાગી ગયા હતા. મનમાં તેમણે ગણત્રી કરી. ઘરનો હિસાબ અને દુકાનની સિલિક ગણવાનું બાકી હતું. એ કલાકેકનું કામ હતું. ઘેર જતાં જ કામ શરૂ કરવાનો નિર્ણય કરી નાનાએ ફરી બીડી સળગાવી અને ઉતાવળે ઘર તરફ ચાલ્યા.

આંગણામાં બધાં સૂતાં હતાં. દરવાજો ઊઘડવાના અવાજથી સાવિત્રી જાગી ગઇ: 'કોણ છે?'

'કોઈ નહિ, એ તો હું.' નાનાએ કહ્યું.

'દૂધ-બૂધ પીવું છે?'

'ના, હું હિસાબ કરીને સૂઈ જઈશ. તું સૂઈ જા.'

'અરે હા, કોપરા માટે વિશુએ બાર આના લીધા છે. પાવતી ટેબલ ઉપર રાખી છે.' સાવિત્રીએ ધાબળો માથે ઓઢતાં કહ્યું.

બંડુનાનાએ ચીમનીની વાટ મોટી કરી અને ફાનસ સળગાવ્યું. ચીમની લઇ તેઓ પોતાના ઓરડામાં ગયા. કોટમાંના બધા પૈસા નીચે શેતરંજી ઉપર મૂક્યા. બાર આનાની પાવતી તારમાં ભેરવી. ટેબલ ઉપરથી ખડિયો-કલમ લીધાં અને હિસાબના કાગળો શેતરંજી ઉપર મૂક્યા. ખમીસ ખીંટીએ ટાંગી નાના બેઠા. દુકાનની સિલિક રૂ. ૨૦૫-૭-૦ હતી. હિસાબ બરોબર છે એ જોઇ તેમણે શાંતિનો શ્વાસ લીધો અને પછી ઘરનો હિસાબ શરૂ કર્યો. રૂ. ૭૪-૧૪-૦ પુરાંત બેસાઇ. હવે પૈસા ગણ્યા કે કામ પૂરું. નાનાએ ધોતીના છેડાથી ચશ્માં સાફ કર્યાં, અને કપાળ પરનો પરસેવો લૂછ્યો. દીવાની વાટ જરા મોટી કરી, ને પાછી નાની કરી. પૈસાની થેલી પાસે ખેંચી દુકાનના રૂ. ૨૦૫-૭-૦ અલગ રાખી દીધા. હવે ઘરનો હિસાબ. એક, બે, ત્રણ......ઘરની પુરાંત રૂ ૭૪-૧૦-૦ થઈ. નાનાને થયું કે ક્યાંક ભૂલ થઈ હશે. તેમણે ફરી પૈસા ગણ્યા, પણ હિસાબમાં ફેર ન પડ્યો. ત્રીજી વખતે પણ તેમ જ થયું.

તેમને થયું કે દુકાનની રકમમાં ચાર આના વધુ ગયા હશે. નાનાએ દુકાનની સિલિક ફરી ગણી, પણ તે રૂ. ૨૦૫-૭-૦ જ હતી. નાના મુંઝાયા. સમજ પડતી ન હતી કે શું થયું. અને હવે શું કરવું દુકાનની રકમમાં તો ચાર આના ઓછા લખાય જ નહિ. એવો વિચાર પણ કેમ આવે? તો પછી ઘરના પૈસા ઓછા કહેવા? પરંતુ ખરીદી તો પોતે જ કરી હતી. અને વિશ્વનાથ જે સામાન લાવ્યો હતો, તેની પાવતી પણ મોજૂદ છે. તો પછી આમ કેમ થયું?

ફરીથી તેમણે હિસાબ તપાસ્યો, પણ ફરક ન પડ્યો. આમ હિસાબો કરવામાં, સરવાળા--બાદબાકી કરવામાં અને પૈસા ફરી ફરી ગણવામાં ત્રણ વાગી ગયા! તેમની સહનશક્તિ હવે ધીરેધીરે તૂટી રહી હતી. ઘરખર્ચમાં ચાર આના વધુ માંડું તો? પણ શાના માંડું? છિ: છિ: એ તો બહુ ખરાબ કહેવાય.

તેમના ચહેરા ઉપર દુ:ખ, નિરાશા અને ગ્લાનિનાં વાદળાં છવાઈ ગયાં. તેમના હાથ કાંપવા લાગ્યા, ને જિંદગીનું પુણ્ય જાણે ધોવાઈ રહ્યું છે એમ તેમને લાગ્યું. મારી ચોકસાઈમાં ભૂલ? મારા હિસાબમાં ભૂલ? મારી નિષ્ઠામાં ભૂલ? ભૂલ આવી શામાં?

બારણું સહેજ હલ્યું. તેમણે ગભરાઇને દરવાજા તરફ જોયું. કોઈનો પગરવ ન સંભળાયો. તેમને થયું કે કદાચ પોતાને ભ્રમ થયો હશે.

ફરી તેમણે હિસાબ કર્યો, પરંતુ ચાર આનાની ભૂલ જેવી ને તેવી હતી. એકદમ તેમણે હિસાબની ચોપડી નીચે નાખી દીધી ને પોતાનું મોઢું બે ગોઠણ વચ્ચે છુપાવી, નાના બાળકની પેઠે નાના ધ્રુસકે ધ્રુસકે રોઈ પડ્યા.

દરવાજો ખોલીને કોઇ અંદર આવ્યું અને નાનાના પગ જોરથી પકડી કહ્યું, 'નાના, મને માફ કરો. હું જ અપરાધી છું. મેં જ સિગારેટ માટે ચાર આના ચોર્યા હતા.' મુશ્કેલીએ વિશ્વનાથ આટલું બોલી શક્યો. અને પોતાનું માથું નાનાના પગ ઉપર મૂકી દીધું. પોતાની કુટેવ જાણવા છતાં પિતાએ ઉદારભાવે ભર્યા કોટમાંથી ખરીદી માટે પોતાને પૈસા લેવાનું કહ્યું હતું, અને એનો પોતે જે દુરુપયોગ કર્યો હતો તેનાથી, પિતાએ આ ભાંગતી રાતના ત્રણ કલાકમાં જે યાતના વેઠી હતી તે જોઇને એનું હૃદય પીગળીને જાણે નવા રૂપમાં પલટાઈ ગયું, અને તેનાં આંસુ નાનાના પગને ભીંજવી રહ્યાં.

વિશ્વનાથનાં વચનોથી શૂન્ય બનેલા નાનાને તેના પશ્ચાત્તાપનાં ગરમ આંસુએ સતેજ કર્યા. એમણે ઊંચું જોયું. સ્વાભાવિકરીતે જ તેમના હાથ વિશુના માથા ઉપર મુકાયા. પોતાના પિતાના હૃદયની આ ક્ષમાશીલતાથી વિશુ વધુ લાગણીવશ બની ગયો અને ઊંડાં ડુસ્કાં લેતાં લેતાં બોલ્યો, 'નાના...માફ કરો, હું પાપી છું, મને આ છેલ્લી ક્ષમા કરો. ફરી ક્ષમા માગવી પડે એવું કદી નહિ બને!'

નાનાએ પ્રેમથી વિશુનું મસ્તક પોતાના હાથમાં લીધું. તેનાં આંસુ લૂછી નાના હસ્યા. દિવસોના દિવસો સુધી ખિન્ન રહેતા નાનાના શૂન્ય ચહેરા પર ક્ષમાનું સ્મિત જોઈ વિશુનો ચહેરો સંતોષની તૃપ્તિથી છવાઈ રહ્યો.

આ અપૂર્વ દૃશ્ય તરફ બારણાની આડમાંથી આંસુભરી આંખે જોઈ રહેલી પોતાની પત્નીને નાનાએ કહ્યું, 'જોયું? મેં નો'તું કહ્યું કે શ્રદ્ધા જોઇએ, નિષ્ઠા જોઈએ? કહે ભલા, તું જ કહે, આથી કયા વધુ પવિત્ર સ્વરૂપમાં ઈશ્વર દર્શન દઈ શકે?' **જયંત વ્યાસ**

(શ્રી પ્રભાકર ગણેશ બાપટની મરાઠી વાર્તા પરથી)

રવિશંકર મહારાજ (અનુ. પૃષ્ઠ ૪૮થી)

શ્રી રવિશંકર મહારાજ વર્તમાન ગુજરાતની એક વિરલ વિભૂતિ છે એ નિ:સંશય છે. પરંતુ એમના જીવનના બહાર આવેલા છૂટકછૂટક પ્રસંગો સિવાય એમના જીવન અને કાર્યનું સવિસ્તર આલેખન હજુ સુધી થવા નથી પામ્યું. શ્રી બબલભાઈ મહેતાનું કહેવું સાચું છે કે 'મહારાજના જીવનપ્રવાહને કોઇ મર્યાદામાં આંતરવો મુશ્કેલ છે, તેમ એને શબ્દોમાં ઉતારવો પણ મુશ્કેલ છે. એ પ્રવાહનો સાચો ખયાલ તો એના પ્રત્યક્ષ આસ્વાદમાંથી જ મળી શકે.' પરંતુ એ પ્રત્યક્ષ આસ્વાદ સર્વ કોઇને સર્વ કાળે મળવો સંભવિત ન હોઇને ભાવિ પ્રજાને પ્રેરણા અને માર્ગદર્શન અર્થે પણ એ અક્ષરબદ્ધ થવાની જરૂર છે.

મહારાજના જીવનની આ આછી પાતળી રૂપરેખાને અંતે એમનો જીવનસંદેશ કયો એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. મને તો એમનાં આ વચનો એમની કાર્યપ્રેરણાના મૂળરૂપ અને એમના સમગ્ર દર્શનના નિસ્તારરૂપ લાગે છે કે: 'શ્રમ કર્યા વિના જીવે એ હિંસા કરે છે. અહિંસક એ કહેવાય જે કોઇનું લોહી ના લે. પરસેવો એ પણ લોહીનો પ્રતિનિધિ છે. આપણા માટે કોઈ પરસેવો પાડે એ પાપ છે.'

અશોક હર્ષ

મૅટ્રિક પછીનું માર્ગદર્શન

★ ★ ★ લેખક · પ્રો. સ. અ. રાનડે ★ ★ ★

હવે આપણે અભ્યાસક્રમો વિષે વિચાર કરીએ. તેમાં ખેતીવિષયક અભ્યાસક્રમ તો મૅટ્રિક પહેલાં પણ લઇ શકાય છે.

ખેતીવિષયક અભ્યાસક્રમો

ખેતીવિષયક હાઈસ્કૂલોમાં પી.એસ.સી. (પ્રાથમિક શાળાની પરીક્ષા) પછી પ્રવેશ મળી શકે છે. ગુજરાતમાં સુરત જિલ્લામાં આબાગા મુકામે અને પંચમહાલ જિલ્લામાં તેલંગ હાઇસ્કૂલ એવી બે સ્કૂલો છે. આણંદમાં પણ આવા વિદ્યાર્થીઓ માટે બે વરસનો અભ્યાસક્રમ છે. વળી આણંદમાં ડેઈરીશિક્ષણનો પણ છ માસનો કોર્સ છે.

પૂનાનું ખેતીવાડીખાતું ટ્રૅક્ટર ચલાવવાનો, ઑઈલ એન્જિનોનો વગેરેનો અભ્યાસ કરાવે છે. આ સિવાય સહકારીખાતું પણ ગ્રામોદ્યોગના અભ્યાસક્રમ ચલાવે છે. તેને માટે (૧) ડાયરેક્ટર ઑવ ઍગ્રીકલ્ચર પૂના અને (૨) ડેપ્યુટી રજિસ્ટ્રાર સહકારી સંસ્થાઓ અમદાવાદ, એમને મળવું અથવા લખવું.

ખેતીના ઉચ્ચ શિક્ષણ માટે એસ.એસ.સી. પછી ચાર વરસ લાગે છે. આણંદ, પૂના અને ધારવાડમાં એની કૉલેજો છે. તેમાં પાસ થયા પછી બી.એસસી.–ઍગ્રીકલ્ચર(કૃષિસ્નાતક)ની પદવી મળે છે.

ખાસ ખેડૂતો માટે સરકાર તરફથી ફલરક્ષણ, પશુરક્ષણ વગેરે પર આવા જ જુદાજુદા અભ્યાસક્રમો વખતોવખત જાહેર થાય છે. તે માટેની માહિતી જે તે ખાતા તરફથી મળી શકે છે.

ઈન્ટરસાયન્સ 'એ' ગ્રૂપ માટે અભ્યાસક્રમો

'એ' ગ્રૂપ એટલે ગણિતના વિદ્યાર્થીઓ બી.ઈ.ની ડિગ્રી સાથે એન્જિનીઅર થઇ શકે છે. એવી કૉલેજો મુંબાઈ પ્રાન્તમાં મુંબાઈ, અમદાવાદ, પૂના, આણંદ, હૂબળી અને સાંગલીમાં છે. તેમાં પાસ થયા પછી રૂા. ૨૦૦નો પગાર મળી શકે છે.

એમાં બીજો કોર્સ બી. ટેક્સ. એટલે કાપડની મિલોના ઉદ્યોગના જ્ઞાનનો છે. તે મુંબાઈમાં માટુંગામાં આવેલી વિક્ટોરિયા જ્યૂબિલી ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટમાં થઇ શકે છે.

ત્રીજો કેમિકલ એન્જિનીઅરિંગનો ચાર વરસનો અભ્યાસક્રમ છે, તે પણ માટુંગામાં ડિપાર્ટમેન્ટ ઑવ કેમિકલ ટેકનૉલૉજીમાં થાય છે.

આમાં વિમાનવિષયક એન્જિનીઅરનો કોર્સ પણ લઈ શકાય છે. વહાણવટાના મરીન એન્જિનીઅરિંગ માટે માત્ર ૧૬થી૧૯ વરસના યુવાનો લેવાય છે. તેને માટે ત્રણ વરસ ઉમેદવારી કરવી પડે. પણ તેમાં ૪૦ રૂપિયા ભથ્થું મળે છે. તેને માટે ડિરેક્ટર, મરીન એન્જિનીઅરિંગ, ૩૦ ગોરચંદ રોડ, કલકત્તા-૧ એ સરનામે લખવું.

આ પ્રમાણે જ જંગલવિદ્યામાં તેઓ રૅંજર કોર્સમાં જઇ શકે છે. તેમાં પગાર ૮૦થી૨૦૦ હોય છે.

ઇન્ટરસાયન્સ 'બી' ગ્રૂપ માટે અભ્યાસક્રમો

'બી' ગ્રૂપ એટલે વનસ્પતિશાસ્ત્ર લીધેલા વિદ્યાર્થીઓ. એમના માટે નીચે પ્રમાણેના અભ્યાસક્રમો છે:

(૧) ડૉક્ટર થવા માટેનો એમ.બી.બી.એસ.નો અભ્યાસ. આ કોર્સ લગભગ પાંચ વરસનો અને ભારે ખર્ચાળ છે. તેમાં શુમારે ૧૨,૦૦૦ રૂપિયા ખરચવાની તૈયારી જોઈએ. મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓએ તે કરતાં મૅટ્રિક પછીનો ચાર વરસનો વૈદ્યકનો કોર્સ લેવો ઈષ્ટ છે.

(૨) દંતવૈદ્યક–ડેન્ટિસ્ટ્રીનો અભ્યાસ: એ માટે મુંબાઈની જે.જે. ઑસ્પિટલમાં કરીમભાઈ કૉલેજ કે નાયર ડેન્ટલ કૉલેજ મુંબાઇ-૭ એ જગ્યાએ તાલીમ મળે છે. તેમાં ચારથી પાંચ વર્ષ લાગે છે.

(૩) પશુવૈદ્યક: એને માટે મુંબાઈમાં વેટરિનરી કૉલેજ (મુંબાઈ-૧૨) છે, જેનો અભ્યાસક્રમ ચાર વરસનો છે. તે માટે માસિક રૂા. ૪૦ની કુલ્લે પચાસ શિષ્યવૃત્તિઓ પણ છે અને એવા વિદ્યાર્થીઓને ફીની માફી વગેરે સગવડો પણ મળે છે. હિંદ જેવા ખેતીપ્રધાન દેશમાં પશુવૈદ્યોની વધારે જરૂર રહેવાની જ.

(૪) ફાર્મસી (ઔષધવિજ્ઞાન): અમદાવાદની એલ.એમ.કૉલેજ આનો અઢી વરસનો કોર્સ કરાવે છે.

ધંધાદારી ઉદ્યોગ (occupational Therapy) એટલે દર્દીને તે સાજો થાય તે માટે યોગ્ય જાતના ધંધાની માહિતી તથા પ્રવૃત્તિ (activity) આપવી તે. આ માટે બે વરસનો નવીન કોર્સ કે.ઇ.એમ. ઑસ્પિટલ પરેલ મુંબાઈ-૧૨ એ જગ્યાએ છે.

(૬) એક્સ રે: ક્ષ કિરણો વિષયક આ પણ એક વરસનો નવીન કોર્સ છે અને જે. જે. ઑસ્પિટલ મુંબાઈ-૮ એ જગ્યાએ તે અપાય છે.

(૭) જંગલવિદ્યા: એમાં રેંજરનો કોર્સ લઇ શકાય છે. (ચાલુ)

પન્નગાશન: સાપમાર ગરુડ

(આ અંકનું મુખચિત્ર)

આ અંકના મુખચિત્રમાં આપેલા પંખીનું અંગ્રેજી નામ The Indian Crested Serpent–Eagle અને શાસ્ત્રીય સંજ્ઞા *Haematoanis Cheela Cheela* Latham છે. હિંદીમાં એને સાપમાર કહે છે. ઉત્તર ભારતમાં સિન્ધુપ્રદેશથી કાશ્મીર અને ત્યાંથી આસામનો પૂર્વપ્રદેશ–એની નિવાસભૂ છે. ગુજરાતનું એ વિરલતમ પક્ષી ગણાય. પંચમહાલ જિલ્લામાં દોહદથી પંદર માઇલ ઉપર આવેલા પાટડામાં મિ. લિટલડેલે તા. ૧૩-૪-૧૮૯૬માં એક પક્ષીને હણ્યું હતું. એ પક્ષીએ આછા જંગલમાં વહેળાનાં કિનારે ઊગેલા એક હોડાય વૃક્ષની બે ડાળીઓની ખડભીમાં પોતાનો માળો બાંધ્યો હતો અને એમાં એક ઇંડું મૂક્યું હતું. કાઠિયાવાડમાં આ પક્ષીના દર્શનની પ્રથમ નોંધ કુ. ધર્મકુમારસિંહની છે. એમણે તા. ૨૨-૧૧ ૧૯૩૮ના દિવસે ભાવનગરના દરબારી બાગમાં લીમડાના ઝાડમાં એક ઘોળવાના સંગમાં બેઠેલું એક પક્ષી જોયું હતું.

કદમાં માદાનો દેહ ૨૯-૩૨ ઇંચનો ને પાંખોનો વિસ્તાર ૬૮-૭૩ ઈંચ જેટલો હોય છે. મે-જૂન એનો પ્રજનન-કાલ; છતાં કેટલાંક પક્ષી ફેબ્રુઆરી જેટલાં વહેલાં પણ પ્રજનન કરતાં જોવામાં આવે છે.

સાપમાર ગરુડની અન્ય એક જાતિ ગુજરાતમાં વ્યાપકરૂપે જોવામાં આવે છે. એનું ગુજરાતી નામ 'રાવળ'; અંગ્રેજી નામ The Short-Toed Eagle અને પારિભાષિક સંજ્ઞા *Circaetus gallicus* Gmetin છે. કદમાં માદા ૨૯ ઇંચની અને ૭૬ ઇંચ જેટલા વિસ્તારવાળી પાંખોવાળી હોય છે. ખુલ્લાં મેદાનોમાં એ સ્વચ્છંદે વિહરતો દેખાય છે, છતાં એની પ્રિય વિચરણભૂમિ તો ગાઢ વૃક્ષરાજિવાળા પ્રદેશો જ. હેમન્તશિશિર એનો પ્રજનનકાલ. ઉઘાડમાં આછાં જાળાંઝાંખરાં વચ્ચે એકાદ નાનાપોટા વૃક્ષમાં, મોટો પણ શિથિલબંધનવાળો માળો બાંધી એમાં આસમાની છાયાવાળા ધવલવર્ણનું એક ઈંડું તે મૂકે છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં એ દષ્ટિગોચર થયું છે. એને પૂછડીમાં શ્વેત પટ્ટો હોતો નથી, પણ પ્રથમ શ્યામવર્ણનો અને પછી બદામી વર્ણનો, એમ શ્યામ ને ઘેરા બદામી વર્ણના ત્રણ ત્રણ પટ્ટા હોય છે.

હરિનારાયણ આચાર્ય



યુગોસ્લાવિયા તથા સર્બિયાની વિવિધ ચિત્રાંકિત નવી ટિકિટો (શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી): મથાળાની પહેલી હારની શરૂની પાંચ, બીજી હારની શરૂની પાંચ અને ત્રીજી હારની શરૂની ૪ ટિકિટો યુગોસ્લાવિયાની છે; જ્યારે પહેલી હારની છેલ્લી એક, બીજી હારની છેલ્લી એક અને ત્રીજી હારની છેલ્લી ત્રણ ટિકિટો ઇ. ૧૯૪૧-૪૪ દરમિયાન જર્મન સત્તા નીચે ગએલા યુગોસ્લાવિયાના એક ભાગ સર્બિયાની છે. પહેલી હારની શરૂની પાંચ ટિકિટો યુગોસ્લાવિયાના નૈકાદળના ગૌરવ માટે કાઢેલી હોઇ એમાંની દરેક ટિકિટ પર ત્યાંના વહાણવટાનાં જુદાંજુદાં કાર્યક્ષેત્રોનાં ચિત્રો છે. પહેલીમાં જૂના વખતનું વહાણ અને હોકાયંત્ર, બીજીમાં નાની હોડી, ત્રીજીમાં ગોદી, ચોથીમાં સ્ટીમરની પશ્ચાદ્‌ભૂમિમાં પૃથ્વીનો ગોળો અને પાંચમીમાં 'યાટ' હોડીની શરત બતાવ્યાં છે. બીજી હારમાં પહેલી ત્રણ ટિકિટો હવાઇ દળની છે, જેમાં પહેલી ટિકિટમાં ઍરોપ્લેનનું મોડલ ઉડાવતો યુવાન, બીજીમાં પૅરેશૂટ (હવામાં નીચે ઊતરવાની છત્રી) અને પેરાફુપર (હવાઈ સૈનિક) ને ત્રીજીમાં સ્ત્રી પાઈલૉટ બતાવ્યાં છે. ઉપરાંત દરેક ટિકિટમાં મથાળે પાંખવાળું પરબીડિયું બતાવ્યું છે. ચોથી ટિકિટ બાલ્કન રાજ્યોની સંધિ નિમિત્તે બહાર પાડેલી, જેમાં યુગોસ્લાવિયા, ગ્રીસ, રુમાનિયા અને તુર્કી એ ચાર બાલ્કન રાજ્યોનાં રાજ્યચિહ્નો અને મશાલ બતાવ્યાં છે. પાંચમી ટિકિટ એ દેશના રોડ ટ્રાન્સપોર્ટ (માર્ગવ્યવહાર)ની વૃદ્ધિ અંકિત કરવા માટે બહાર પાડેલી ટિકિટ છે, જેમાં યુગોસ્લાવિયાનો નકશો, ત્યાંના પૂલ અને આગળના ભાગમાં રસ્તા પર જતી મોટર તથા માઇલનો પત્થર બતાવ્યાં છે. છેલ્લી હારમાંની શરૂની ચાર ટિકિટો ઇ. ૧૯૫૦માં યુગોસ્લાવિયા શતરંજની રમતમાં દુનિયાનું ચૅમ્પિયન બન્યું તે નિમિત્તની છે, જેમાં પહેલી ટિકિટમાં શતરંજના પ્યાદાને વીંટળાઇને એ શરતમાં ભાગ લેનાર દેશોના ધ્વજો વડે રચેલો યુગોસ્લાવિયાનો પ્રથમાક્ષર J બતાવ્યો છે. બીજીમાં ચેસ-બોર્ડ અને પૃથ્વીનો ગોળો, ત્રીજીમાં પૃથ્વીના ગોળા આગળ ખેલાડીઓ અને પાછળ પૃથ્વીના ગોળાને ચેસનું બોર્ડ કલ્પીને તે પર મૂકેલા રાજાના મ્હોરા પાસે યુગોસ્લાવિયાનો ધ્વજ અંકિત કરીને યુગોસ્લાવિયાની જીત બતાવી છે અને પશ્ચાદ્‌ભૂમિમાં યુગોસ્લાવિયાનો નકશો બતાવ્યો છે. ચોથીમાં પણ મોટા રૂપમાં એ જ ભાવ છે, જેમાં ઘોડાના મ્હોરાની ચોમેર રમતમાં ભાગ લેનારા દેશોના ધ્વજોનું વર્તુલ છે. પહેલી હારની છેલ્લી સર્બિયાની ટિકિટ યુદ્ધ કેદીઓના ફંડ માટે બહાર પાડેલી છે, જેમાં ઇશુખ્રિસ્ત અને મેરીનાં આલેખન છે. બીજી હારની છેલ્લી એક ટિકિટ અને ત્રીજી હારની છેલ્લી ત્રણ ટિકિટો Anti Masonic Exhibition Propaganda Fundની છે, જેમાં યહૂદીઓ અને બોલ્શેવીઝમનો નાશ દર્શાવતાં સૂચક ચિત્રો છે.



માધુકરી

કચહીં છે લ્હેર લીલા, ક્યાંક કાળો કેર છે સાકી!
કહું શું કે જગતમાં કેટલું અંધેર છે સાકી!
ખબર ન્હોતી સમય આ રંગ પણ દેખાડશે અમને,
હતાં જેમાં અમી એ આંખડીમાં ઝેર છે સાકી!
નહિ મસ્તી, નહિ સાહસ, નહિ પૌરુષ, નહિ ઓજસ,
અમારી ઝિન્દગી ને મોતમાં શો ફેર છે સાકી?
પરિવર્તન થયું છે મૂલ્યમાં એવું કે બસ તૌબા,
હતા જે લાખના તે ત્રાંબિયાના તેર છે સાકી!

(કવિતા) અમૃત ઘાયલ

સ્વ. ગોપાલસ્વામી આયંગર

હિંદમાંના બ્રિટિશ અમલ નીચેના જે કેટલાક રાજનીતિજ્ઞો કર્તવ્યનિષ્ઠાપૂર્વક સ્વતંત્ર હિંદને પોતાની સેવા આપી રહ્યા છે તેમાં સર એન. ગોપાલસ્વામી આયંગર મુખ્ય હતા. ઈ. સ ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી પહેલાં ભાગ્યે જ કોઈ હિંદી એમને દેશભક્ત ગણવા તૈયાર હશે. વિદેશી શાસનથી મુક્તિ મેળવવાનો નાદ દેશભરમાં ગાજતો હતો ત્યારે શ્રી આયંગર એ શાસનના એક અંગ બની રહેલા. સ્વાતંત્ર્યની લડતથી એ છેવટ સુધી અલિપ્ત રહેલા. અનેક લોકો દેશ ખાતર કારાવાસ વેઠવા અને ફના થવા મેદાને પડતા ત્યારે કશો સ્વાર્થ-ત્યાગ તો દૂર રહ્યો, પરંતુ આઝાદીપરસ્ત લોકોને જેલના સળિયા પાછળ ધકેલવામાં પણ એ શાસનના એક અંગ તરીકે એમણે સંકોચ નહોતો અનુભવ્યો. પરંતુ બ્રિટિશ શાસનનાં વળતાં પાણી થતાં એ ચકોર રાજનીતિજ્ઞે જોઈ લીધું કે પોતાની બુદ્ધિશક્તિ હવે દેશહિતમાં યોજવાનો સમય આવી લાગ્યો હતો. એમની શક્તિ વિષે તો ગાંધીજી, સરદાર કે નેહરુ કોઇને અશ્રદ્ધા નહોતી અને એમણે દેશને સેવા આપવાની પોતાની વૃત્તિ દર્શાવતાં એ ત્રણેએ તે વધાવી લીધી. શ્રી નેહરુએ સ્વતંત્ર હિંદના પહેલા જ પ્રધાનમંડળમાં એમને લીધા અને એમની કુનેહ તથા કર્તવ્યનિષ્ઠા જોઈ અત્યંત જવાબદારીભર્યા એક પછી એક પદ તેમને સોંપતા ગયા. છેલ્લે તેઓ હિંદના સંરક્ષણપ્રધાનનું પદ શોભાવતા હતા. એમની તબિયત છેલ્લા કેટલાક સમયથી બગડી હતી અને એ પદેથી નિવૃત્ત થવાનો વિચાર હતો. સાજા થયા પછી પણ તેઓ કોઈ જવાબદારીભર્યું પદ સ્વીકારે એવો સંભવ ન હોઇને શ્રી નેહરુની સરકાર એ પદ માટે કોઇ યોગ્ય વ્યક્તિની શોધમાં જ હતી. શ્રી આયંગર પાસેથી એમના નિવૃત્ત થયા છતાં પોતાને યોગ્ય સલાહ અને માર્ગદર્શન મળતાં રહેશે એવી શ્રી નેહરુને શ્રદ્ધા હતી. પરંતુ અચાનક તબિયતે ઊથલો ખાધો ને ચાલુ માસની તા. ૧૦મીએ મદ્રાસ મુકામે ૭૧ વર્ષની વયે, એક વાર દેશદ્રોહીની ગણના પામેલા શ્રી આયંગર એક મહાન દેશભક્ત તરીકે અવસાન પામ્યા. એમના અવસાન પર શ્રી નેહરુના 'મારો એક આધારસ્તંભ ગયો' એ શબ્દો જ એમની દેશભક્તિનું મોટામાં મોટું પ્રમાણપત્ર છે. સમગ્ર પ્રધાનમંડળ કોઇ બાબતનો નિર્ણય કરવા બેસે તે પહેલાં શ્રી નેહરુ, આઝાદ, દેશમુખ ને આયંગર એ ચાર જણની મંડળી અંદરોઅંદર તેની ચર્ચા કરી કયા નિર્ણય પર આવવું એ નક્કી કરતી હોવાની કિંવદંતી જો સાચી હોય તો શ્રી નેહરુએ ખરેખર એ-





માસ માસનાં પંખી [૮૫] ડબકચૂડી

ધૂળિયા મેદાનમાંથી પસાર થતાં, જ્યાંથી તમને ખ્યાલે ન હોય ત્યાંથી ભરેરાટી કરી ઊડીને દૂર નાસી જતાં પંખી તમે જોયાં છે?

વેરાન જમીન કે પડતર ખેતરોમાં આપણે ત્યાં બારે માસ વસતાં, જમીન પરથી વનસ્પતિનાં બી, અનાજના કણ ને ઝીણાં જીવડાં વગેરે ખાતાં આ પંખીનો વાન જમીન સાથે એવો તો મેળ લઈ લે છે કે બીકથી ઊડી જતાં તેમની પાંખોની ભરેરાટી ન સંભળાય ત્યાં સુધી ખબરે ન પડે કે આસપાસ અનેક ડબચૂકડી ચણે છે.

છેટેથી ચકલી જેવા લાગતાં આ પંખીનાં નર અને માદા બંનેનો વાન જુદો જુદો. નરને માથા સાથે પીઠનો બધો ભાગ આસમાની જેવો રાખોડી; પાંખમાં થોડાં ઝાંખાં કાળાં પીછાં તથા પૂછડીના ઘેરા રાખોડીમાં ધોળાં પીછાં હોય છે. મોંની બંને બાજુએ અને ગળાથી પૂછડી સુધીનું પેટાળ રતુમડી ઝાંય વાળા ઝાંખા કાળા રંગનું હોય છે; જ્યારે માદા પીઠને ભાગે ઘેરા તથા પેટાળને ભાગે આછા રાખોડી રંગની તથા પૂછડીમાં ધોળાં પીછાંવાળી. ચાંચ ચકલી જેવી જરઠ ને ટૂંકી.

આવું સામાન્ય લાગતું આ પંખી ગાય છે ઘણું સુંદર. ચંડુલ, ભરત ને અગનની પેઠે એ પણ આકાશમાં ચડી પવન સામે ઝઝૂમતું પોતાના કંઠની મિઠાશ રેલે છે, ને એમ ગાન કરતું ઓચિંતું એવી ડૂબકી મારે છે કે જાણે હમણાં જમીન સાથે અથડાઇને છુંદાઈ જશે! પણ ત્યાં તો પાંખો પાથરીને એવી તો ચપળતાથી ડૂબકી વાળી લે કે ધ્યાન રાખવા છતાં યે આપણાથી ભૂલ ખાઈ જવાય કે તે ક્યાં બેઠું!

પોષથી ભાદરવા દરમિયાન, ઢેફાં-પથ્થર કે છોડ-ઝાંખરાંની ઓથે યા જમીન ઉપર નાના ખાડામાં, નરમ ઘાસ તણખલાં ને પીંછાં વગેરેનો સુંવાળો માળો બાંધી, તેમાં પીળા લીલા કે આસમાની ઝાંયવાળાં, છાંટણાંથી છવાએલાં, બેથી ત્રણ ઇંડાં તે મૂકે છે.

મનો એક આધારસ્તંભ ગુમાવેલો ગણાય.

ગોપાલસ્વામીનો જન્મ મદ્રાસના જાણીતા આયંગર કુટુંબમાં ઇ. સ. ૧૮૮૨ના માર્ચની ૩૧મીએ થએલો. 'હિન્દુ' પત્રના સ્થાપક શ્રી કસ્તૂરીરંગ આયંગર એમના ભાઇ થાય અને હાલના તંત્રી શ્રીનિવાસ આયંગર એમના ભત્રીજા. એમની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી અત્યંત ઉજ્જવળ હતી, અને આ કારણે એમને ઉપાધિ મેળવ્યા બાદ તરત મદ્રાસની પચૈયપ્પા કૉલેજમાં પ્રાધ્યાપકનું પદ મળેલું. એ શિક્ષણ-ક્ષેત્રને વળગી રહ્યા હોત તો તે ક્ષેત્રમાં અવશ્ય નામના મેળવત. પણ એમની આકાંક્ષા જુદી જ હતી. વરસ દોઢ વરસ પ્રાધ્યાપકપદે રહ્યા બાદ એમણે ઇન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષા પસાર કરી અને મદ્રાસ સરકારનાં જુદાંજુદાં ખાતાંઓમાં સેવા આપી, જેમાં મદ્રાસમાં પંચાયતની યોજના ખાસ ઉલ્લેખનીય છે. ત્યાંથી નિવૃત્ત થયા બાદ ઈ. ૧૯૩૭થી '૪૫ સુધી કાશ્મીરનું દીવાનપદ સંભાળ્યું. એમની પ્રતિભાનો વ્યાપકપરિચય એમણે આ પદેથી આપ્યો. એમના અનુગામી શ્રી કાક કાશ્મીરના દીવાન તરીકે પ્રજામાં ખૂબ અપ્રિય થઈ પડેલા, જ્યારે શ્રી આયંગરે રાજાપ્રજા ઉભયનો સ્નેહ મેળવેલો.

કાશ્મીરના દીવાનપદે શ્રી આયંગરે મેળવેલો અનુભવ સ્વતંત્ર ભારતને ખૂબ કામ લાગ્યો. સ્વતંત્રતા મેળવ્યા પછી તરત જ કાશ્મીર આક્રમણનો ભોગ બન્યું અને એ પ્રશ્ન સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિમાં પેશ થયો ત્યારથી જે રાજનૈતિક દ્વંદ્વ શરૂ થયું તેમાં હિંદ તરફથી સઘળી જવાબદારી શ્રી નેહરુએ શ્રી આયંગર ઉપર નાખી. હિંદનો દાવો ન્યાયી હોવા છતાં દુનિયાને એમાં રહેલા ન્યાયની પ્રતીતિ કરાવવાની જરૂર હતી. શ્રી આયંગરના પ્રતિસ્પર્ધી તરીકે પાકિસ્તાનના વિદેશમંત્રી સર મોહમ્મદ ઝફરૂલ્લાખાં જેવી દાવપેચમાં કુશળ વ્યક્તિ હતી, પરંતુ શ્રી આયંગરે એમના બધા દાવ ઊંધા વાળેલા. કાશ્મીર માટે કમિશન નિમાયું, સર ઓવન ડિક્સન, ડૉ. ફ્રૅન્ક ગ્રૅહામ આદિની સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફથી નિમણૂક થઇ, તે શ્રી આયંગરે જ હિંદના હાથ ધરેલા કેસને આભારી હતું. કાશ્મીર વિષેની શ્રી આયંગરની અસાધારણ માહિતી દરોડાખોરોને પાછા ધકેલવામાં ખૂબ ઉપયોગી નીવડેલી.

સ્વ. આયંગર માત્ર કાશ્મીર-પ્રશ્નના જ નિષ્ણાત હતા એવું નહોતું. શાસનનાં જુદાંજુદાં અંગોની સૂક્ષ્મ માહિતી એ ધરાવતા અને એક કુશળ યોજક પણ હતા. રિયાસતી ખાતાના પ્રધાનપદે રહીને સરદાર પટેલનું અધૂરું રહેલું કાર્ય એમણે પરિશ્રમપૂર્વક પૂરું કર્યું. ખરું જોતાં આ પરિશ્રમે જ એમને થકવી નાખ્યા. ગઇ ચૂંટણી પછી ફરી વાર પ્રધાનમંડળમાં રહેવા એ તૈયાર નહોતા. પરંતુ અવિકસિત રાષ્ટ્રને આવી કર્તવ્યનિષ્ઠ વ્યક્તિની નિવૃત્તિ પરવડે એમ નહોતી, એટલે શ્રી નેહરુએ એમને પાછા પ્રધાનમંડળમાં જોડયા અને અગાઉની વાહનવ્યવહાર ખાતાની જવાબદારી કરતાં મોટી સંરક્ષણ ખાતાની જવાબદારી એમના પર નાખી. વાહનવ્યવહાર ખાતાના પ્રધાનપદે રહીને એમણે રેલવેના પુનર્વિભાગીકરણ દ્વારા પ્રગતિની નવી જ દિશા ખોલી આપી, જ્યારે સૈન્યના ત્રણે વિભાગોની પુનર્ઘટના કરી તેની પણ કાર્યક્ષમતા વધારી. આજે પાકિસ્તાન જ્યારે મધ્યપૂર્વ સંરક્ષણ યોજનામાં જોડાવાની વાતો ચાલે છે ત્યારે શ્રી આયંગર સંરક્ષણ પ્રધાનપદે હોત તો તેમની સેવા દેશને અત્યંત ઉપયોગી થઇ પડત.

એમણે કદી જાહેર સભાઓ ગજાવી નહોતી શાંત ને મૂગા રહી પોતાનું કાર્ય કર્યે જવામાં એ માનતા. લોકસભામાં કોઈ વાર ભાષણ કરવાનો પ્રસંગ આવતો ત્યારે પણ પોતાના વક્તૃત્વની છટા બતાવવાને બદલે પોતાના વક્તવ્યને પ્રામાણિક અને તર્કશુદ્ધ રાખવાનો એ પ્રયાસ કરતા, પછી ભલે એ બીજા ચુનંદા વક્તાઓની સરખામણીમાં અનાકર્ષક લાગે. જાહેર સભાઓ ગજાવીને નેતાગીરીની છાપ મેળવવાનો પણ એક જમાનો હતો; પરંતુ દેશને આજે એવી ઝબાંદરાઝીની નહિ, પણ મૂગી એકનિષ્ઠ સેવાની જરૂર છે અને એવા સેવકોમાં ઉદાહરણરૂપ શ્રી આયંગરની ખોટ દેશને સદા લાગ્યા કરશે.

ઠંડી તાકાતનું સાહસ

'તદ્દન અશક્ય!'

'હું તે સાબિત કરી આપું તો?'

બે મિત્રો વચ્ચે ચાલતી વાત આમ તો રસાકસીએ ચડી હતી. ઉમરનાં માંડ ૨૮ ચોમાસાં વિતાવેલાં એવા ફ્રેન્ચ ડૉક્ટર ઍલન લૂઈ બૉમ્બાર્ડ એવું પ્રતિપાદન કરી રહ્યો હતો કે, માણસ જો પૂરી જાણકારી મેળવી લે તો કેવળ દરિયાઇ નીપજ પર લાંબા સમય સુધી જીવન ટકાવી રાખી શકે. એનો મિત્ર એ અશક્ય જણાવતો હતો એટલે ડૉ. બૉમ્બાર્ડ તે સાબિત કરી આપવા તૈયાર થયો હતો.

ડૉ. બૉમ્બાર્ડને આવેલો આ વિચાર આકસ્મિક નહોતો. તે અને તેનો મિત્ર રબરની હોડીમાં બ્રિટિશ ખાડી ઓળંગી રહ્યા હતા, તેવામાં ઓચિંતા વાવાઝોડામાં સપડાએલા અને તેમની હોડી પાંચ દિવસ સુધી આમથી તેમ ઊછળતી ને અફળાતી રહેલી. તેમની પાસે એ વખતે એક સંબંધીને ભેટ આપવા લીધેલા અરધા કીલોગ્રામ માખણના પડીકા સિવાય બીજું કશું ખાવાનું ન હતું. આવી સ્થિતિમાં ડૉ. બૉમ્બાર્ડને ઊપલો વિચાર સૂઝેલો. એ વિચાર હસી કાઢવા જેવો નહોતો એ સાબિત કરવા એણે પહેલાં તો ફ્રાન્સની જગવિખ્યાત મોનાકાની દરિયાઈ સંસ્થામાં અભ્યાસ અને પ્રયોગો કરી તારવી કાઢયું કે ચોક્કસ પ્રમાણમાં દરિયાનું પાણી અને માછલીમાંથી કાઢેલ પ્રવાહી વડે શરીરની આંતરિક ક્રિયામાં વિક્ષેપ નાખ્યા સિવાય શરીરનું આરોગ્ય સંપૂર્ણ રીતે જળવાઇ શકે છે. આ પરથી તેણે એ પણ શોધી કાઢયું કે 'સી' વીટામીન સિવાયનું દરેકે દરેક વીટામીન માછલીમાં છે; અને ખૂટતું 'સી' વીટામીન તો દરિયાની સપાટી પર ઉત્પન્ન થતી વનસ્પતિમાંથી પણ મળી શકે.


આવી ખાતરી પૂર્વક ડૉ. બૉમ્બાર્ડ રબરથી વીંટાએલા ૧૫ ફૂટ લાંબા એક તરાપામાં તાંજીઅરથી નીકળી પડયો. તરાપાનું નામ પાડયું 'લા હેરેટિક.' એક અઠવાડિયું સાગરમાં ગાળ્યા પછી તે તાંજીઅરથી ૨૦૦ માઇલ દક્ષિણમાં આવેલ કૅસાબ્લાન્કા પહોંચ્યો. કૅસાબ્લાન્કાથી કૅનેરી ટાપુઓમાં ગયો અને તરાપાને 'લા પાલ્માસ'-માં મૂકી હવાઇ માર્ગે પોતાની પત્ની અને તાજી જન્મેલી પુત્રીને મળવા પારીસ ગયો. ત્યાંથી પાછા આવીને તરત જ ફરીથી તેણે લા પાલ્માસથી આટલાંટિકની લાંબી સફર માટે વાવટો ચડાવ્યો.

બીજા સાત અઠવાડિયાંમાં તેને ખાતરી થઇ ગઇ કે તેનો મુખ્ય કાયદો તો ખોરાક પાણી નહિ પણ મગજને સમતોલ રાખવાનો હતો!

પહેલાં થોડાં અઠવાડિયાં તો સાધારણ રીતે ઠીક પસાર થયાં. પવન પણ 'લા હેરેટિક'ને સતત પશ્ચિમ તરફ ધકેલતો હતો. પરંતુ પછી તો પવન સાવ પડી ગયો અને બીજા સત્તાવીસ દિવસ સુધી તરાપો શાંત પવનમાં આમ તેમ ઝોલાં ખાતો જ્યાંનો ત્યાં રહ્યો! પોતે સ્વભાવે આનંદી હોવા છતાં અનંત ક્ષિતિજને જ કેવળ તાકવાનું રહેતાં તે નિરાશાના કૂવામાં ડૂબવા લાગ્યો. તેના સદ્ભાગ્યે રોજિંદાં કામોમાં તે થોડો વખત પસાર કરી શકતો, માછલી મારવી, પોતાની જગ્યાની ભૌગોલિક સ્થિતિનું માપ કાઢવું, લોહીના દબાણની નોંધ કરવી વગેરે તેનાં રોજનાં કામો હતાં. માછલીઓ તો તેને ખૂબ જ મળતી. વગર મહેનતે સઢમાં ભરાઈ પડેલી અને તુતક પર



સાહસખડૂ ડૉ. ઍલન લૂઇ બામ્બાર્ડ તથા
(બાજુએ) તેનો તરાપો લા હેરેટિક



આવી પડેલી ઊડણ માછલીઓ પણ તેના ખોરાકમાં સારો ભાગ ભજવતી. વખત પસાર કરવા તે રેડિયો સાંભળતો, પોતાની પત્ની અને પુત્રીના ફોટો સામે તાકી રહેતો, દરિયાઇ વનસ્પતિને સૂક્ષ્મ-દર્શક યંત્ર દ્વારા નીરખતો. દરિયાઇ જીવનની નોંધ કરતો અને સંગીતની ધૂનો બેસાડતો. મધ્ય આટલાંટિકમાં તેના રેડિયો સેટની બૅટરી ખલાસ થઈ ગઈ ત્યારથી એકલતા તેને વધુ ને વધુ સાલવા લાગી.

ડૉ. બૉમ્બાર્ડને જ્યારે બ્રિટિશ ગીઆના તરફ જતી સ્ટીમર 'આરાકાકા' મળી ત્યારે તો તેની કાળી અને ઘાટી દાઢી વધી ગઈ હતી, તેનાં કપડાં માછલીનાં લોહી ને ખારા પાણીથી ચામડાં જેવાં થઇ ગયાં હતાં અને એકલતાથી તે સાવ હિંમત હારી બેઠો હતો. પણ એકવાર 'આરાકાકા' પર પહોંચીને જાણ્યું કે તેનું 'લા હેરેટિક' તેણે કરેલી ગણતરીથી ફક્ત વીસ માઇલ દૂર હતું ત્યારે તેના આનંદનો પાર ન રહ્યો! તેણે 'આરાકાકા' પર ઠંડા પાણીથી સ્નાન કર્યું, અને પોતાની દરિયાઇ રસમ તોડીને એક ઇંડું અને કૉફીનો કપ લીધો.

દોઢ કલાક 'આરાકાકા' પર ગાળી, થોડાં સફરજન ને રેડિયોની બૅટરી લઇ તે 'લા હેરેટિક' પર ચડી ગયો. 'આરાકાકા'ના મુસાફરોએ આશ્ચર્યભરી આંખે આ જોયું, અને જ્યાં સુધી તે ક્ષિતિજ પર અદૃશ્ય ન થયો ત્યાં સુધી તેને મૂંગા વિદાયસંદેશા આપ્યા કર્યા.

ત્યાંથી નીકળ્યા પછી પવન ખૂબ જોરથી નીકળેલો. બીજાં બે અઠવાડિયાં એકલા રહ્યા પછી ડૉ. બૉમ્બાર્ડને એક ડચ સ્ટીમર મળી, જેના પર તેણે અર્ધો કલાક ગાળ્યો. ત્રેસઠ દિવસ પછી એક સવારે તેણે વીજળી જેવો ચમકારો જોયો અને થોડા જ વખતમાં જાણ્યું કે તે બ્રિટિશ વેસ્ટ ઈન્ડીઝના બાર્બાડૉસ બંદરના બારામાં આવી પહોંચ્યો હતો. એ પછી થોડી વારમાં જ તે માયાળુ ગામડિયાઓ સાથે દ્રાક્ષ ઈંડાં, રોટી અને કૉફીનું ખાણું લેવા બેસી ગયો હતો.

અને આ સફર બાદ એક દિવસ તે તેના પેલા મિત્રને કહી રહ્યો હતો: 'દોસ્ત, એ સફર ખૂબ જ આશ્ચર્યજનક, ભયંકર અને રસદાયક હતી, પરંતુ હવે ફરીથી હું માછલી ખાવા નથી ઈચ્છતો!'

(અમેરિકન અઠવાડિક ટાઈમ ઉપરથી) —વિનોદ મેઘાણી

કાંસુ: સૌરાષ્ટ્રનો એક ગૃહઉદ્યોગ

ભારતમાં પુરાણા સમયથી કાંસુ એ પવિત્ર ધાતુ ગણાતી આવી છે. કાંસાનું દાન હમેશાં શ્રેષ્ઠ ગણાયું છે. મકાનનું વાસ્તુ કરવામાં આવે ત્યારે ઘીથી ભરેલાં કાંસાનાં થાળા તથા વાટકા બ્રાહ્મણને દાનમાં અપાય છે. કન્યા પરણીને સાસરે વિદાય થતી હોય તે સમયે કાંસાની થાળી કંકુથી ભરીને અને કાંસાનો વાટકો મગથી ભરીને કન્યાને આપવાનો સૌરાષ્ટ્રમાં એક રિવાજ છે. ગામડામાં વેવાઇઓને કાંસાનાં થાળીવાટકામાં જ જમવા આપવાની પ્રથા છે. આવું મહત્ત્વનું સ્થાન આપણા જીવનમાં ધરાવતું હોવા છતાં કાંસુ આજે ભારતમાં બહુ થોડી જગ્યાએ નજરે પડે છે. એનો ઉદ્યોગ દિવસે દિવસે ભાંગતો જતો હોઇ બજારમાં એ બહુ જ ઓછું જોવામાં આવે છે. અત્યારે તો ઍલ્યુમીનિયમ, જર્મન સિલ્વર, પિત્તળ અને ત્રાંબાનાં થઈ ગએલાં કારખાનાંઓને કારણે કાંસાનો ગૃહઉદ્યોગ ભાંગતો જાય છે.

કાંસાનો ઉદ્યોગ એ શુદ્ધ ગૃહઉદ્યોગ છે. કાંસાના ઘાટ ઘડવામાં ક્યાંય લોખંડની યંત્રસામગ્રીનો ઉપયોગ થતો નથી; એકલી શારીરિક મજૂરી જ કામમાં લેવાય છે. ઘાટ ઘડતી વખતે આખો દિવસ ને આગલી અરધી રાત અગ્નિ પાસે જ કામ કરનારાઓએ રહેવું પડે છે.

સૌરાષ્ટ્રમાં બનેલું કાંસુ હિંદભરમાં જતું, પરંતુ હાલ આ ઉદ્યોગ ભાંગતો જાય છે. સૌરાષ્ટ્રમાં આ ઉદ્યોગ મુખ્યત્વે શિહોરમાં જ છે. ત્યાં એની સાત ભઠ્ઠી છે, જ્યારે જોરાવરનગર અને ધ્રાંગધ્રામાં બે કે ત્રણ ભઠ્ઠી ચાલે છે. શિહોરમાં પહેલાં એની ૨૫ ભઠ્ઠી ચાલતી હતી પરંતુ અત્યારે સાત ભઠ્ઠીઓમાંથી પણ બેથી ત્રણ ધોરી રીતે ચાલે છે, બાકીની એકાંતરે અગર મહિનામાં પાંચ છ વખત ચાલે તેવી સ્થિતિ છે. એક ભઠ્ઠી પાછળ ૧૫ થી ૨૦ માણસો રોકવા પડે છે.

અત્યારે બજારમાં કાંસાનો ભાવ શેરના રૂા. ૩-૧૨-૦ જ્યારે જૂના ભંગારનો ભાવ રૂા. ૨-૪-૦ ચાલે છે. કાંસાનાં વાસણો મોંઘાં પડવાનું કારણ તે પાછળ કરવી પડતી મજૂરી છે.

કાંસાનો રસ કરવાની ભઠ્ઠીને 'ધાણી' કહેવામાં આવે છે અને એની ધમણ ઘણી મોટી હોય છે. પવન ભરાયા પછી ધમવા માટે એના પર બે ત્રણ જણે પગ મૂકીને ધમવું પડે છે. બે ભાગ ત્રાંબુ અને એક ભાગ કલાઈનું મિશ્રણ કરી જૂના કાંસાના ભંગાર સાથે ભઠ્ઠીમાં મૂકવામાં આવે છે. આશરે બે કલાકે એ પીગળીને એનો રસ તૈયાર થતાં ધમણ ઉપાડી લેવામાં આવે છે અને શિહોરી પેંડા જેવા ખાડાવાળાં માટીનાં તૈયાર બીબાંમાં તે રસ રેડવામાં આવે છે. રસમાંથી તૈયાર થતાં પેંડા આકારનાં ગોળ ચકરડાંનું વજન, જેવો

ઘાટ ઘડવો હોય તેના પ્રમાણમાં રાખવામાં આવે છે. આ બીબાં 'પમા'ના નામે ઓળખાય છે અને તે પોણો શેરથી માંડીને બશેર વજનનાં હોય છે. એમાં તૈયાર થતાં ચકરડાંને 'ભેલાં' કહેવામાં આવે છે. રસ રેડતી વખતે બીબાંમાં એરંડિયું સીંચવું પડે છે.

તૈયાર થએલાં ભેલાંને ટીપીને પતરાં બનાવવા માટે ફરીથી ભઠ્ઠીમાં ઉપરાઉપર બબ્બે કરીને મૂકવામાં આવે છે. એ ભેલાં ટીપનારને 'ઘણવાયા' કહે છે. ભઠ્ઠીમાં તપીને લાલચોળ થઇ ગયે સાણસા વડે તે બહાર કાઢવામાં આવે છે, અને ઘણવાયા તે પહોળાં કરવા તેના પર વારાફરતી ઘણ મારે છે. એ દરેક ઘણનું વજન ૬ શેર હોય છે, અને જે પથ્થર પર એ ભેલાં ટીપવાનાં હોય છે તે છ ફૂટ લાંબો, ત્રણ ફૂટ જમીનમાં અને ત્રણ ફૂટ બહાર હોય છે. વળા પાસેના ચમારડી નામના ગામેથી આ પથ્થરો લાવવામાં આવે છે.

ચાર ઇંચના વ્યાસ સુધી ટીપાએલાં ભેલાંને પાછાં ભઠ્ઠીમાં ચડાવવામાં આવે છે અને અરધા કલાક પછી એ વધુ પહોળાં કરવા ફરી તે પર ઘણ મારવાનું શરૂ કરવામાં આવે છે. આગળ દસેક ઇંચ જેટલી પહોળાઇએ પહોંચતાં આ ભેલાં ભેલાં મટી જાડાં પતરાંનું રૂપ ધારણ કરે છે અને તેને 'પાનાં'ના નામે ઓળખવામાં આવે છે. એ પાનાંની ધાર વાંકીચૂંકી હોય તો તે સરખી ગોળ કાપીને એકી સાથે નવ પાનાં ભઠ્ઠીમાં ચડાવવામાં આવે છે જેને 'ધાડો' કહેવામાં આવે છે. એકી સાથે આવા છ જથ્થા અથવા ધાડા ભઠ્ઠીમાં ચડાવવામાં આવે છે.

ધાડા તૈયાર થયે બે કલાક સુધી ઘણથી ટીપ્યા બાદ લાકડાની મોગરીથી પથ્થરનાં બીબાંમાં તેના ઘાટ ઘડવામાં આવે છે. આ ઘાટને મીઠાના પાણીમાં બોળવામાં આવે છે જેથી તેને ચળકાટ આવે છે. ત્યાર બાદ ધાડો છૂટો પાડવામાં આવે છે, એટલે કે નવ થાળીઓનો ધાડો હોય તો એકેક થાળી છૂટી પાડવામાં આવે છે. છૂટી પાડયા પછી તેને ખૂબ તપાવીને પાણીમાં બોળવામાં આવે છે. પાણીમાં છેલ્લે બોળ્યા બાદ એ વાસણનો ઘા કરીને ફેંકતાં પણ તે ભાંગતું નથી.

આ રીતે તૈયાર થએલાં વાસણોને ઘડવા અને ટોચા પાડવા માટે ઘડનારાઓ લઇ જાય છે. ઘડવાની આ ક્રિયાને 'પરમવું' કહેવાય છે. પરમાઇ રહેલાં વાસણો છોલનારને ત્યાં જાય છે, જ્યાં ખરપીઆ વડે અંદરથી છોલાઇને તે ઊજળાં બને છે અને આમ તૈયાર થએલો માલ વેપારીની દુકાને વેચાવા જાય છે.

('વિકાસ') —હિંમતલાલ નંદલાલ ત્રિવેદી

યુદ્ધનાં કારણો

એક અભ્યાસીએ અત્યાર સુધી થએલાં યુદ્ધોનો અભ્યાસ કરીને યુદ્ધ થવાનાં નીચે મુજબનાં કારણો શોધી કાઢયાં છે:

(૧) આર્થિક કારણો: વેપાર માટેનાં બજારો, ગેરવાજબી હરીફાઈ, વહાણવટામાં હરીફાઈ, આંતરરાષ્ટ્રીય શરાફી, ઇજારાશાહી, શસ્ત્રાસ્ત્રોનું ઉત્પાદન, અનાજનું ઓછું ઉત્પાદન, વસતિનો બેહદ વધારો, સંસ્થાનો મેળવવાની દોડ, સંસ્થાનોનાં બજારો કબજે રાખવાની વૃત્તિ, કાચા માલનો લોભ, સંસ્થાનવાસીઓનું શોષણ, લશ્કરી અગત્યનાં મથકો પર કબજો.

(૨) રાજકીય: આક્રમણાત્મક રાજનીતિ, સત્તાની સમતુલા જાળવવા થતાં કરારો, કાવતરાંખોરી, આંતરિક અશાંતિ, શસ્ત્રસજ્જતામાં હરીફાઇ, લઘુમતીઓનો અસંતોષ, વૈરવૃત્તિ, રાષ્ટ્રીય માનની રક્ષા.

(૩) અન્ય: લૂંટખોરી, વિજયનો નાદ, પરંપરાગત મહત્ત્વાકાંક્ષા, શબ્દવાદ, વર્ણદ્વેષ, ધાર્મિક અસહિષ્ણુતા, આત્મનિર્ણયનો અધિકાર.

વિજ્ઞાનનું વિજ્ઞાન

પૃથ્વીવાસી મનુષ્યે અન્ય ગ્રહો પર પહોંચવાના પ્રયત્નો શરૂ કર્યા છે અને એમાં એનું પહેલું નિશાન સૌથી નજીકના ચન્દ્રલોક પર વસાહત સ્થાપવાનું છે. પરંતુ ધારો કે કોઇ કારણે સૂર્ય જ ઠંડો પડી ગયો તો? તો સૂર્યમાળાના પૃથ્વી સહિત સઘળા ગ્રહો પણ મૃત બની જાય. ખગોળમાં આવા અકસ્માત સંભવિત હોઇને બ્રિટનના ડૉ. એલ. બી. શેપાર્ડ સૂર્યમાળાની બહારના કોઈ તારકલોક પર પહોંચી શકાય કે નહિ તેની શક્યાશક્યતા તપાસી રહ્યા છે. ચન્દ્રનો પ્રવાસ એ કોઇ તારાના પ્રવાસની સરખામણીમાં તો પાદર સુધીનો પ્રવાસ ગણાય. ડૉ. શેપાર્ડ માને છે કે સૂર્યની માફક તારાઓને પણ જેના પર વસવાટ થઈ શકે એવો ગ્રહોનો પરિવાર હોવો જોઇએ. પરંતુ આકાશયાન અણુશક્તિથી ચલાવવામાં આવે તોપણ નજીકમાં નજીકના તારા પર પહોંચતાં અઢીસો વર્ષ લાગે. જો લીથિયમને હેલિયમમાં પલટાવી શકાય તો એ સમય અરધોઅરધ ઓછો થઇ જાય. પ્રવાસની સમયમર્યાદા આથી પણ વધુ કેમ ઘટાડી શકાય એ વિષે ડૉ. શેપાર્ડ હાલ સંશોધન કરી રહ્યા છે.

લોખંડ કે પોલાદ પર પીંછી વડે લગાડતાં તેને મુદ્દલ કાટ ન ચડે એવો પદાર્થ લંડનની એક પેઢીએ શોધી કાઢયો છે જેને 'રસ્ટેનૉડ' એવું નામ આપવામાં આવ્યું છે. એનો ધાતુ પર છંટકાવ પણ કરી શકાય છે. એક વાર ધાતુને લાગ્યા પછી તે હમેશ માટે ચીટકી રહેતો હોઇને લોખંડ કે પોલાદને તે કાટના ભયથી મુક્ત રાખે છે. એમાં જસતનું પ્રમાણ ૯૫ ટકા જેટલું હોવા છતાં ધાતુના એકેએક અણુનો સંબંધ જેવો ને તેવો જળવાઈ રહી તેને 'કેથોડિક' રક્ષણ પ્રાપ્ત થાય છે.

ટિટેનિયમ ધાતુની શોધ તોછેક ૧૭૯૦માં બ્રિટનમાં કૉર્નવૉલના કિનારે થઈ હતી, પરંતુ હજુ સુધી તેનું જોઇએ તેવું શુદ્ધિકરણ થઈ શકતું ન હોઇને તેનો ઉપયોગ વ્યાપક નથી બન્યો. બ્રિટનમાં તો એનું પ્રમાણ ખૂબ ઓછું છે, પરંતુ હિંદ, દક્ષિણ આફ્રિકા, કૅનેડા અને ઑસ્ટ્રેલિયામાંથી તે પુષ્કળ પ્રમાણમાં મળી આવે તેમ છે. ટેડિંગ્ટનની નૅશનલ ફીઝિકલ લૅબોરેટરીએ આ દિશામાં પ્રયોગો કરી કેટલીક સફળતા મેળવી છે. ઍલ્યુમીનિયમ જેટલી હલકી છતાં પોલાદ જેટલી સખ્ત આ કાટરહિત ધાતુના શુદ્ધિકરણના પ્રયોગો સફળ થતાં છરીચપ્પુથી માંડીને અનેકવિધ ચીજો તેમાંથી તૈયાર થઈ શકશે.

દરિયામાં ભરાઈ રહેતી સબમરીનોને શોધવા માટે બીજા વિશ્વયુદ્ધમાં શોધાએલા 'મૅગ્નેટોમીટર'ને હવે વિમાન દ્વારા મોજણીના કામમાં લઈ શકાય તેવું બનાવવામાં આવ્યું છે. પૃથ્વીના ચુંબકીય ફેરફારોની નોંધ આ યંત્ર લેતું હોઇને મોજણી નીચેના ભૂપૃષ્ઠના ચુંબકત્વના એના પર નોંધાતા ફેરફારો દ્વારા પૃષ્ઠરચના જાણી શકાય છે. ભૂપૃષ્ઠમાંના ખનિજોની માહિતી આથી સુલભ બની છે. તાજેતરમાં સ્ટૅન્ડર્ડ વૅક્યુમ ઑઈલ કંપનીએ પશ્ચિમ બંગાળના ચોવીસ પરગણાની ૭૩,૦૦૦ ચોરસ માઈલ જમીનની મોજણી આ યંત્ર વડે કરીને તે પ્રદેશમાં પેટ્રોલિયમની જાણ મેળવી છે.

ન્યૂ યૉર્કની એક બૂટ-કંપનીએ જુદાજુદા ૧૦૪ પ્રકારના પારદર્શક બૂટ તૈયાર કર્યા છે. ઘરાકને પહેલાં આ બૂટ પહેરાવવામાં આવે છે અને એ પરથી તેના પગનું યોગ્ય માપ મેળવી તે પ્રમાણે બૂટ તૈયાર કરી આપવામાં આવે છે. પગના આકાર મુજબના ને બરાબર બંધ બેસે તેવા બૂટ ઘરાકોને આથી મળી રહે છે.

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં: દિનવિશેષ • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: ચૈતન્ય મહાપ્રભુ



ઊગતી યુવાનીમાં અત્યંત તેજસ્વી વિદ્વાન બન્યા પછી હૃદયના પરમ ભાવાવેશમાંથી જન્મેલી જેમની ઉત્કટ ભક્તિએ આધુનિક બંગાળમાં એક નવો સંપ્રદાય ચલાવ્યો તે ચૈતન્ય મહાપ્રભુનો જન્મ બંગાળમાં વિદ્યાના પ્રમુખ પીઠસ્થાન ગણાતા નવદ્વીપ (નદિયા) ગામમાં, ઈ. ૧૮૪૫ની ૧૮મી ફેબ્રુઆરીએ થએલો. પિતા જગન્નાથ મિશ્ર આસામના સિલહટથી અહીં વિદ્યાધ્યયન માટે આવેલા ને નગરના મહાપંડિત નીલાંબર ચક્રવર્તીની પુત્રી શચીદેવી સાથે પરણી અહીં જ પોતાની 'ટોલ' (પાઠશાળા) સ્થાપીને રહેલા. આઠ અલ્પજીવી પુત્રીઓ બાદ એમને ત્યાં વિશ્વરૂપ નામે એક પુત્ર થએલો, ને તે બાદ દસ વર્ષે, ચંદ્રગ્રહણને દિવસે, વિષ્ણુ ભગવાનનાં બત્રીસે સામુદ્રિક લક્ષણોવાળો વિશ્વંભર નામે એક બીજો પુત્ર અવતર્યો. તેર માસ સુધી ગર્ભમાં રહી જન્મેલો એ બાળક અત્યંત મોહક તથા બહુ મોટો લાગતો. તેનું રૂપ જોઇ સૌ તેને ગૌર કે ગૌરાંગ પણ કહેતા. એ પુત્ર પર કંઈ અશુભ ન ઊતરે એવા વહેમથી ઘરમાં તેને નિમાઇ પણ કહેતાં. ગંગાધર શાસ્ત્રીની પાઠશાળામાં અભ્યાસ કરતાં ચૌદમે વર્ષે તો તેણે વ્યાકરણ પર ભાષ્ય લખ્યું. સોળમે વર્ષે ન્યાયશાસ્ત્ર સાથે અભ્યાસ પૂરો કરી, પિતા અવસાન પામ્યા હોઇને, ઘરનો ભાર વહેવા પોતાની પાઠશાળા સ્થાપી અને લક્ષ્મી નામની એક કન્યા સાથે ઘરસંસાર માંડયો. થોડા વખતમાં જ પોતાની વિદ્વત્તા વડે તેણે આસપાસનાં ક્ષેત્રોમાં ઘણી સારી નામના મેળવી. બાદ પૂર્વ બંગાળના પોતાના પ્રવાસ દરમિયાન નદિયામાં પત્નીનું અવસાન થતાં વિષ્ણુપ્રિયા સાથે બીજું લગ્ન કર્યું. પણ અત્યાર સુધીની તેજસ્વી મેધાવી તરીકેની તેમની આ કારકિર્દીમાં એકાએક પલટો આવ્યો. પિતૃશ્રાદ્ધ અર્થે ગયાજી જતાં ત્યાં ઈશ્વરપુરી નામના એક વૈષ્ણવ સંન્યાસીના સમાગમ બાદ એમનું ચિત્ત સંસારમાંથી ઊઠી જઈ કૃષ્ણદર્શનની એમને એવી તો રઢ લાગી કે નવદ્વીપ આવી એમણે પાઠશાળા પણ બંધ કરી દઈ હરિકીર્તન આદર્યાં, અને ચોવીસમે વર્ષે તો ઇશ્વરભક્તિ માટે ગૃહત્યાગ કરી સંન્યાસ લીધો. છ વર્ષ સુધી તેમણે ભારતનાં તીર્થક્ષેત્રોની યાત્રા કરી બધે હરિભક્તિનો પ્રચાર કર્યો. આ યાત્રા બાદ જીવનનાં પાછલાં અઢાર વર્ષ એમણે જગન્નાથપુરીમાં રહી જે ઉત્કટતાથી હરિભક્તિના પ્રચારમાં ગાળ્યાં તે પરથી લોકો એમનામાં ઇશ્વરના ચૈતન્યનો જ અંશ માનીને એમને શ્રી કૃષ્ણ ચૈતન્ય કે ચૈતન્ય પ્રભુ જ કહેતા. કૃષ્ણભક્તિના આવેશમાં એમને અનેકવાર સમાધિ આવી જતી. અંતે, પાછલી વયે એમનો ઇશ્વરપ્રેમ એટલી ઉન્માદાવસ્થાએ પહોંચ્યો કે એક રાત્રે, એવા જ ભાવાવેશમાં આવી જઈ, સમુદ્રને પોતાના ઉપાસ્ય શ્રીકૃષ્ણની યમુના સમજી તેમાં તે કૂદી પડયા ને અવસાન પામ્યા. માનવહૃદયમાંથી જન્મેલા ભાવોના ચરમ વિકાસ રૂપ એ હરિભક્તને લોકો વિષ્ણુનો અવતાર પણ માને છે.

દિનવિશેષ

તા. ૧ વાર્ષિક રૂ. ૩૦૦૦ સામે સિક્કિમના રાજાએ ઈસ્ટ ઇંડિયા કં.ને દાર્જિલિંગ દીધું. ૧૮૩૫

તા. ૫ યુદ્ધમાં વીરત્વ દર્શાવવા બદલ અપાતા વિક્ટોરિયા ક્રૉસની શરૂઆત, ૧૮૫૬.

તા. ૬ શાહી ફરમાન દ્વારા જહાંગીરે અંગ્રેજોને સૂરતમાં કોઠી નાખવાની છૂટ આપી, ૧૬૧૩.

તા. ૧૧ ગ્રામોફોન, સીનેમા વગેરે જેવી સંખ્યાબંધ અજબ શોધોથી 'વિજ્ઞાનના જાદુગર' તરીકે ઓળખાએલા અમેરિકન વૈજ્ઞાનિક ટૉમસ આલ્વા એડિસનનો જન્મ, ૧૮૪૭.

તા. ૧૬ ધર્મનાં ખાખોચિયાં સામે બંડ કરવા બદલ જયોર્ડાનો બ્રૂનોને રોમમાં જીવતો બાળી મૂકવામાં આવ્યો, ૧૬૦૦.

તા. ૧૯ શિવનેરીના કિલ્લામાં મરાઠી રાજ્યના સ્થાપક શિવાજીનો જન્મ, ૧૬૩૦.

તા. ૨૬ 'સિપાહીઓના બળવા'ને નામે જાણીતા ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામની શરૂઆત.

તા. ૨૮ બ્રિટનના રક્ષણ તળેથી નીકળી મિસર સ્વતંત્ર થયું, ૧૯૨૨.

જાન્યુઆરી (૧૯૫૩)ની તવારીખ

તા. ૧ સિલોનની નૈઋત્યે ૪૦૦ માઈલ દૂર આવેલા માલદીવ ટાપુઓ બ્રિટિશ રક્ષણમાંથી છૂટી સ્વતંત્ર થયા. તેના પહેલા અધ્યક્ષ બનેલા ત્યાંના માજી સુલતાન અમીર અમીન દિદીએ પડદા-પદ્ધતિ ગેરકાયદે ઠરાવી. તા. ૨ ઇંડિયન ઍરવેઝ કૉર્પોરેશન રચી ભારતની વિમાનવાહક સંસ્થાઓનું રાષ્ટ્રીયકરણ કરવાના ભારત સરકારે કરેલા નિરધારના અનુસંધાનમાં બૅંગલોરમાં સંપૂર્ણ હિંદી બનાવટના પ્રથમ તાલિમી વિમાનનું ઉડ્ડયન. તા. ૫ મધ્યસ્થ સરકારને મળતા આવકવેરામાંથી રાજ્યોને વધુ હિસ્સો આપવાની કેટલાંક રાજ્યોએ માગણી કરી. અમેરિકન પ્રેસિડેન્ટ આઇઝનહોવરને મળવા ચર્ચિલ ન્યૂ યૉર્ક ઊતર્યા. તા. ૮ ફી વધારા સામે કરાંચીમાં વિદ્યાર્થીઓનાં તોફાનઃ જે પાછળથી બહુ ઉગ્ર થયું. તા. ૧૩ ઇજિપ્તના નવા રાજ્યબંધારણનો મુસદ્દો ઘડવા માટે જનરલ નજીબે ૫૦ સભાસદોની એક સમિતિ નીમી. તા. ૧૬ જનરલ રાજેન્દ્રસિંહે જનરલ કરીઅપ્પા પાસેથી ભારતના સરસેનાપતિનો હોદ્દો સંભાળી લીધો. તા. ૧૭ કૉંગ્રેસના ૫૮મા અધિવેશનની દક્ખણ હૈદરાબાદના નાનલનગરમાં શરૂઆત.

પ્રસંગવિશેષ. 'ગઢ આલા પણ સિંહ ગેલા' તારીખ ૪થી ફેબ્રુઆરી ૧૬૭૦

ઉગ્રારાઠેનો તાનાજી શિવાજીનો અત્યંત વિશ્વાસુ અને પ્રિય સરદાર હતો. ઇ. ૧૬૭૦ની ૪થી ફેબ્રુઆરીની રાત્રે શિવાજીએ તેને તેના ભાઈ સૂર્યાજી તથા શેલાર મામા સાથે ત્રણસો માવળા સૈનિકો લઇ સિંહગઢ જીતવા મોકલેલો. તેના કપરા ભૌગોલિક સ્થાનને લઇને તથા ઉદયભાણ નામના વીર રાઠોડ રજપૂતના રક્ષણ તળે હોઇને ગઢ જીતવો જેટલો દુષ્કર હતો એટલો જ મહત્ત્વનો પણ હતો. તળેટીમાં આવી તાનાજીએ પોતાના સૈન્યના બે ભાગ પાડયા, ને એક ભાગ લઇ ગઢની દીવાલ પર ચડયો. પણ દુશ્મનોને જાણ થઇ જતાં તાનાજી તથા ઉદયભાણ સામસામા આવી ગયા ને પોતપોતાની ફરજ બજાવતાં બંને એકબીજાના ઘાએ ખપી ગયા. તાનાજી પડતાં મરાઠાઓ પાછા હઠતા છેક ગઢના દરવાજા પાસે આવી ગયા; પણ એટલામાં સૂર્યાજી અને શેલારમામાની ટૂકડી તેમની મદદે આવી પહોંચી. એ વેળા એંશી વર્ષના વૃદ્ધ મામાએ જે યુદ્ધ કર્યું તેને પરિણામે તો થોડી જ વાર પછી સંકેતાનુસાર ઘાસની ગંજી સળગાવી શિવાજીને જીતના સમાચાર પહોંચાડી દેવાયા. બીજે દિવસે જ્યારે મહારાજને પોતાના પ્રિય સરદારના આત્મભોગની જાણ થઇ ત્યારે તેઓ ફક્ત એટલું જ બોલી શકયાઃ ગઢ આલા પણ સિંહ ગેલા—(સિંહ)ગઢ આવ્યો પણ સિંહ ગયો.

નવાં પુસ્તકો

મઝધાર: અંધોની દુનિયાની સર્વોત્તમ પ્રતિનિધિ કુ. હેલન કેલરની આત્મકથા midstreamનો અનુવાદ–કર્તા: વિઠ્ઠલદાસ કોઠારી; પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ; ૨-૮-૦. **વિરાજવહુ**: શ્રી શરદ-ચંદ્ર ચટ્ટોપાધ્યાય કૃત મૂળ બંગાળી નવલ-કથાની કાનાઇ બસુએ કરેલી નાટ્યકૃતિનો અનુવાદ–કરનાર: શિવકુમાર જોષી; ૨–૦–૦ **વિશ્વદર્શન**: તારાદર્શનના ઇચ્છુક ખગોળ-પ્રેમીઓને માર્ગદર્શક સુંદર સચિત્ર પુસ્તિકા લેખક: છોટુભાઇ સુથાર, ૨–૦–૦ **બાવલા-નાં પરાક્રમો** નામના સૌ. હંસાબહેન મહેતાના બાલપ્રિય પુસ્તકની નવી આવૃત્તિ; ૧–૮–૦. **કૂતરાંની કહાણી**: માણસના એ પ્રથમ ને પરમ મિત્રની વફાદારીની કેટલીક સાચી વાતો–પ્રયોજક: રમણલાલ ના. શાહ, ૧–૦–૦. છેલ્લાં ચારેના પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. **માટીના ચમત્કાર**: આરોગ્ય પ્રાપ્તિ માટેના માટી-ના કેટલાક સિદ્ધ ઉપચારો–પ્રયોજક: ફૂલચંદ હરિચંદ દોશી; પ્રકાશક: પ્રવીણચંદ્ર ફુ. દોશી, જૈન ગુરુકુળ, પાલીતાણા (સૌરાષ્ટ્ર); ૧–૦–૦. **તરાપ**: 'કુમાર'ના પરિચિત શ્રી વિજયગુપ્ત મૌર્યની કેટલીક રોમાંચક સાહસકથાઓ અને પ્રાણીકથાઓ; **લેણદેણ**: ધીરેન્દ્ર દોશીની ચાર નવલિકાઓ; **આગન અને આંસુ**: શાંતિ ઝવેરીની એક સામાજિક નવલ;–આ ત્રણે પુસ્તકો તેના મુદ્રક ને પ્રકાશક ચિત્રલેખા કાર્યાલય, સ્ટાર પ્રિન્ટરી, કારવાર સ્ટ્રીટ, મુંબાઈ-૧ના અઠવાડિક 'ચિત્રલેખા'ના ભેટપુસ્તકો છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં નવાં પ્રકાશનો


ભારતના જુદાજુદા પાંચ પ્રાંતોની રસભરપૂર **પાંચ લોકકથાઓ**: લેખક: કાંતિલાલ શાહ, ૧-૮-૦; **એક હતા શેઠ**થી શરૂ થતી સાત બોધક વાર્તાઓ–કહેનાર: જશોદાબહેન, ૦–૪–૦; સૌરાષ્ટ્ર સંત **મહાત્મા મસ્તરામ**ના બોધક જીવનપ્રસંગો તથા સાખીએ;–યોજક: વામનરાવ પ્રા. પટેલ; ૦–૬–૦; **યોગવસિષ્ઠનાં સૂત્રો**–સંયોજક: લાભશંકર પાઠક, ૦–૪–૦; **જાપ અને નામ સ્મરણ** પ્રયોજક: વામનરાવ પટેલ, ૧–૦–૦; **આપણો ધર્મ**: સ્વામી પ્રકાશાનંદજીનાં બોધવચનો–૨ ૦-૦; **પુરુષોત્તમ-માસ માહાત્મ્ય**. મૂળ સાથે સરળ અનુવાદ–કરનાર: ગિરિજાશંકર શાસ્ત્રી, ૨–૦–૦.

અનુષ્ટુપ

થતાં પકવ ચુસાઇને ફેંકાય ક્ષીણ એ બની,
પરંતુ એ ફળે છૂપી શક્તિ વૃક્ષ થવાતણી.

—રમણલાલ સોની

શાલિવાહને પોતાના સેનાપતિને પૂછ્યું, 'મથુરા તમે કેટલા સમયમાં જીતી લઈ શકો?' સેનાપતિએ નમ્રતાથી કહ્યું 'છ મહિનામાં.' પણ પછી તેને યાદ આવ્યું કે ભારતમાં મથુરા તો બે છે: એક ઉત્તર મથુરા, બીજું દક્ષિણ મથુરા;અને શાલિવાહન બેમાંથી કયું જીતવા માગે છે તે તો તેણે કહ્યું જ નથી. પણ રાજાને ખુલાસો પૂછવો એ તો વિનયભંગ ગણાય. એટલે તેણે પોતાની સેનાના બે સરખા ભાગ પાડી એક ઉત્તર બાજુ ને બીજી દક્ષિણ બાજુ મોકલી, અને પોતે પ્રતિષ્ઠાનમાં જ બેઠાં-બેઠાં બંને સેનાઓને એવી કુશળ દોરવણી આપી કે છ મહિનામાં બંને મથુરા પર શાલિવાહનનો ધ્વજ ફરકવા લાગ્યો.



નાનાં બાળકો ઘણી વાર ટેબલનાં ખાનાં એટલા બધા જોરથી ખેંચે છે કે આખું ખાનું બહાર ખેંચાઇ આવી ભોંય પડે છે ને બાળકને વાગે છે તથા ખાનામાંની કીંમતી વસ્તુઓ વેરાઈ કે તૂટીફૂટી જાય છે. તે અટકાવવા ખાનાના પાછલા છેડામાં બે ઇંચ લાંબી, ૧ ઇંચ પહોળી ને ૦॥ ઇંચ જાડી લાકડાની પટ્ટી એક સ્ક્રૂ વડે જડી દેવી. આખું ખાનું બહાર કાઢીને સાફ કરવું હોય ત્યારે એ પટ્ટીને સરકાવીને આડી કરી દઇ શકાય.

એક હોટેલના માલિકે જોયું કે કેટલાક ગ્રાહકો બહુ લાંબા વખત સુધી ચાલુ છાપું વાંચવામાં રોકી રાખે છે ને બીજાને વાંચવામાંથી વંચિત રાખે છે. આથી તેણે એક વેધક યુક્તિ શોધી કાઢી. બીજે દિવસે હોટેલની દીવાલ પર અગ્રસ્થાને એક પાટિયા પર લખ્યું હતું: 'જેઓ વાંચતાં શીખતા હોય તેમને ગઇ કાલનું છાપું વાંચવા વિનતિ છે.'

જાણો છો? ● વલસાડ નજીક ઉદવાડામાં પારસીઓનો જૂનામાં જૂનો અગ્નિહોત્ર છે. ૧૨૦૦ વર્ષ પહેલાં જ્યારે તેઓ ગુજરાતમાં ઊતર્યા ત્યારે પ્રકટાવેલો, તે હજી અખંડ બળે છે! ● દિવસ કરતાં રાત્રે જન્મ-મૃત્યુનું પ્રમાણ અધિક રહે છે. ● જગતમાં લગભગ દરરોજ એક કરોડ માણસ રેલવેમાં પ્રવાસ કરે છે. ● સમુદ્રના પાણીમાં જે મીઠું છે તે સઘળું જમીન પર પાથરી દેવાય તો ત્રીસ ફૂટ ઊંચોતેનો થર થાય. ● લૅપલૅંડના લોકોની ઊંચાઇને હિસાબેત્યાંના ઘરોના દરવાજા વધુમાંવધુ માત્ર સાડાચારફૂટઊંચાઇના હોયછે. ● જગતમાં જેટલી ચા પાકે છે તેનો અડધો હિસ્સો તો કેવળ ગ્રેટબ્રિટન તથા આયર્લૅંડ વાપરે છે. ● જુદીજુદી ભાષાઓ ઓછામાં ઓછા બાર અક્ષરથી માંડી ૨૦૨ મૂળાક્ષરો સુધીની છે. સૅંડવિચ ટાપુઓની ભાષામાં ૧૨ અને તાર્તાર લોકોની ભાષામાં ૨૦૨ મૂળાક્ષરો છે. ● ૧૮૭૫થી૧૮૮૪દરમિયાન જાપાનમાં સરાસરી દર છ દિવસે એક ભૂકંપ થએલો. ● બર્મિંગહામમાં રાષ્ટ્રીય ઓદ્યોગિક મેળામાં ૫" × ૨$\frac{૧}{૯}$" × ૨$\frac{૧}{૪}$"નો એક ટેલીવીઝન સેટ રજૂ થયો છે.જેમાં એક ઇંચના પડદા પર અંકેલી જેવડું દૃશ્ય જોઇ શકાય છે અને એક નાનકડા ધ્વનિવર્ધક દ્વારા સંભળાય પણ છે.

અનેકાર્થી શબ્દ: મહોરું-મહોરો= શતરંજનું સોગઠું; નાટક, વેશ કે નૃત્યમાં ચહેરા પર પહેરવાનું સાધન; ચહેરાની છાપ; સાપના તાળવામાં થતો ગોળ ચપટો પદાર્થ; ઘસીને ચળકાટ આપવો તે; જે વડે ચળકાટ અપાય તે સાધન; અસ્તાઈની કડી; નગારું વગાડવાની એક રીત; કુસ્તીની શરૂઆતમાં આમતેમ ફરવું તે; તલવારનો ઘા.

કહેવતોના અર્થ: 'લીટે લીટે હાલો મારા ભાઈ ખાડામાં છે ખદબદિયાં.' ચીદે તીરથની જાત્રા કરી ઘેર આવતાં રતના કાળીએ રસ્તામાં એક ઊંડા ખાડામાં સારી પેઠે માછલાં જોયાં. પણ પોતે જાત્રાએ જઈ આવેલો, તેથી ઉઘાડે છોગ આવું કામ પોતાથી થાય તો શું પણ બોલે તો યે ભગતની આબરૂ જાય; અને માછલાંની લાલચ તો રોકાય નહિ, તેથી બીજાને માર્ગ દર્શાવવા હાથમાંની લાકડી વડે તે ખાડાથી ઘર સુધી ધૂળમાં લીટો કરતો કરતો ઘેર આવ્યો અને કુટુંબીઓને આ કહેવતવાળું વેણ કહ્યું; એટલે કુટુંબીઓ જઇને ગાછલાં ગારી લાવ્યા! હાથીના દાંતની પેઠે (દેખાડવાના ને ચાવવાના જુદા) બહારના દેખાવ ને આંતરિક વર્તનમાં ફેર રાખનાર ઢોંગી માણસો માટે વપરાતી આ કહેવતના જેવી બીજી સંખ્યાબંધ કહેવતો છે, તે આવતે મહિને.



ગયા અંકમાંના લેખમાં જણાવ્યા પ્રમાણે ભારતના સમસ્તઈતિહાસમાં સુવર્ણયુગ તરીકે ઓળખાએલા ગુપ્ત સામ્રાજ્યની કાળગણના માટેતે સમયના સિક્કાઓમોટા આધારરૂપ છે. એ કાળના સૌ પહેલા સિક્કા પાડનાર સમુદ્રગુપ્તની જ આકૃતિ ધરાવતા બાજુના સિક્કામાં રાજાને ખોળામાં વીણા લઈ બેઠેલો દર્શાવ્યો છે.




દીપકચિત્રિકા : આપણા ગુજરાતની અનેક ગૃહશો-ભિત દીવીઓની પેઠે પ્રાચીન ગવાક્ષોમાં પિત્તળની આવી દીવી બનતી.

ગણિત ગમ્મત: કોઈ પણ રકમ ધારો. તેના ત્રણ ગણા કરો. તેમાં એક ઉમેરો. આવે તેને ફરી ત્રણે ગુણી તેમાં ધારેલી રકમ ઉમેરો. જે આવે તેનો છેલ્લો એકમનો અંક કાઢી નાખતાં બાકી રહે તે તમારી ધારેલી રકમ.




આ શું છે? અવ્યવસ્થિતરીતે પડેલો રૂમાલ, કે ઘોડાનું માથું?!


ત્રણ કલમની કળા


આ ઉપર આપેલાં ત્રણ ચિત્રોની વિશિષ્ટતા અભ્યાસદૃષ્ટિએ છે. ડાબી બાજુનું (પહેલું) ચિત્ર મુઘલ કલમનું છે, વચલું રાજસ્થાની કલમનું અને છેલ્લું હિમાલયની તળેટીમાં ખીલેલી પહાડી (કાંગરા) કલમનું છે. હિંદની એતદ્દેશીય કલાની વિવિધ શૈલીના જે નમૂના અમે આપતા રહીએ છીએ તેથી પરિચિત આંખને આ ત્રણ જુદીજુદી કલમોનાં ચિત્રો એકીસાથે જોવા મળવાથી તેની સરખામણી કરવી રસમય થઈ પડશે. તેની બીજી વિશેષતા એ છે કે એ ત્રણે ચિત્રો અઢારમી સદીમાં જ ચીતરાએલાં હોવા છતાં પ્રત્યેક શૈલીની પરંપરાગત ખાસિયત તેમાંથી તરી આવે છે. મુઘલ કલમની બારીકાઈ—નજાકત, રાજપુત કલમનો ભરાવદાર આવેગ અને પહાડી કલમનું રેખાલાવણ્ય તરત તરી આવતાં જણાશે.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ









પહેલું તથા બીજું ઇનામ મોકૂફ; ત્રીજું ઇનામ: 'હરકી પૈડી, હરદ્વાર'-રમણિક સંઘવી (મુંબાઇ-૧૯); નોંધપાત્ર: (૧) 'સુભગ સમન્વય'-પુષ્કર ગોકાણી. (વલ્લભ વિદ્યાનગર); (૨) 'ગમ્મત અને જિજ્ઞાસા'-હંસરાજ કાપડિયા (મુંબાઈ-૨); 'ચિંતન ને મનન'-કંચનલાલ ચોકસી (મુંબાઇ-૨૪).

આ વખતના નવ હરીફોનાં ઓગણીસ ચિત્રોમાંથી એક ચિત્ર વિષય, ગુણ, નવીન દૃષ્ટિકોણ કે ટેકનીક, કોઇ પણ નજરે સુંદર કહી શકાય તેવું નથી. ત્રીજું ઈનામ મેળવનાર ભાઈ રમણિક સંઘવીનું ચિત્ર 'હરકી પડી, હરદ્વાર'ના ઊંચા કોણથી લેવાએલા દૃશ્યમાં છેક નજીકના ભાગથી દૂર આકાશ સુધીના ભાગ સુધીના વર્ણભેદ ક્રમશઃ છૂટા પડી સ્થળની વિશાળતા દર્શાવી આપે છે એ તેનો ગુણ છે. આવા રમણીય સ્થળના ચિત્રને વસ્તુ કે પાત્રની વિચારપૂર્વકની ગોઠવણી યા રજૂઆતની નવીનતાથી માત્ર 'રેકોર્ડ ચિત્ર'માંથી ચિત્રમયતામાં પલટાવી શકાય. ભાઇ ગોકાણીના ચિત્રમાં ડાબી બાજુનો કાળો ભાગ ન આવવા દેવો જોઇતો હતો. આ જ સ્થળનું આ જ કોણથી લેવાએલું ચિત્ર અગાઉ હરીફાઈમાં આવી ગયું છે.

'ગમ્મત અને જિજ્ઞાસા' ચિત્રમાંના બાલ સહજ સ્વાભાવિક ભાવોની સાથે યોજનાપૂર્વકની પ્રકાશરચના અને વિચારપૂર્વકનું સંયોજન હોત તો સારું ચિત્ર બનત. 'ચિંતન અને મનન'ના ચિત્રમાં બેઠક, પ્રકાશ, ભાવ, ટ્રિમિંગ બધું સારું છે, પણ દાઢીએ ટેકવેલો હાથ પ્રમાણથી મોટો દેખાતો હોઈ દૃષ્ટિવિક્ષેપ કરે છે.

શ્રીદામ ભટ્ટ